જી. છ. સંઘવી સન્માન સ્મારક ગ્રંથમાલાઃ પુષ્પ ૨૧મું

# શ્રી નંદીસૂત્રની કથાઓ

સંશોધક અને લેખક
જીવણલાલ છગનલાલ સંઘવી

卐

પ્રકાશક :
સ્થાનકવાસી જૈન કાર્યાલય,
પંચભાઈની પોળ, અમદાવાદ.

કિંમત રૂા. [redacted] 3/50

પ્રકાશક :

જીવણલાલ છગનલાલ સંઘવી
C/o સ્થાનકવાસી જૈન કાર્યાલય
પંચભાઈની પોળ, અમદાવાદ.

આવૃત્તિ પહેલી ઈ. સ. ૧૯૬૯
વીર સં. ૨૪૯૫ વિ.સં. ૨૦૨૫

# વીર સ્તુતિ

વીર : સર્વ સુરાસુરેન્દ્ર મહિતો, વીરં બુધાઃ સંશ્રિતાઃ ।
વીરેણાભિહતઃ સ્વકર્મ નિચયો, વીરાય નિત્યં નમઃ ॥
વીરાત્તીર્થમિદં પ્રવૃત્તમતુલં, વીરસ્ય ઘોરં તપો, ।
વીરે શ્રી ધૃતિ કીર્તિ કાંતિ નિચય, શ્રી વીરભદ્રં દિશ ॥

મુદ્રક : એમ. સી. શાહ......મુદ્રણ સ્થાન–
ધી પ્રગતિ પ્રિન્ટિંગપ્રેસ, જમાલપુર દરવાજા બહાર,
કોકાકોલાના કારખાના પાસે, અમદાવાદ.

# પ્રસ્તાવના

જૈનાગમને શાસ્ત્રકાર ભગવંતે ચાર વિભાગમાં વહેંચેલ છે. (૧) દ્રવ્યાનુયોગ (૨) ચરણ કરણાનુયોગ (૩) ગણિતાનુયોગ અને (૪) કથાનુયોગ. શાસ્ત્રકાર ભગવંતોનો એ આશય હોય છે કે, સંસારના જીવો કોઈ પણ રીતથી સંસારની અસારતા સમજે અને આત્મ કલ્યાણ માટે પુરુષાર્થ કરે.

આમાંના પહેલા ત્રણ વિભાગો આચાર વિચાર, તત્ત્વ જ્ઞાન અને સૂક્ષ્મ ગણિત શાસ્ત્રના છે, તેમાં મોટા ભાગના જનસમૂહ માટે સૂક્ષ્મ અને ગહન બાબતો ગુરૂગમ વિના સમજવી મુશ્કેલ હોય છે અને પરંપરાથી બનેલા પુદ્‌ગલાનંદી જીવોને એ મહાન તત્ત્વજ્ઞાન સમજવા જેટલો સમય અને રુચિ ભાગ્યે જ હોય છે. આવા આત્માઓ માટે કથાનુ યોગ રજુ કરી ભવ્ય હળુકર્મી જીવોને સદ્‌બોધ પમાડવાનો વીતરાગ દેવોએ પુરુષાર્થ કર્યો છે.

નંદીસૂત્ર એ તાત્ત્વિક આગમ છે, છતાં પણ તેનું નામ નંદી અપાયેલ હોઈ તે આનંદ પ્રમોદનું પણ ઉદ્‌ભવ સ્થાન છે. આ નંદી સૂત્રમાં (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃ પર્યવજ્ઞાન અને (૫) કેવળજ્ઞાનના અનેક ભેદ પ્રભેદો બતાવવામાં આવ્યા છે, જે જાણીને ભવ્ય જીવો સત્પુરૂષાર્થ કરવા પ્રેરાય. કેમકે આગમનું મુખ્ય સૂત્ર '**पढमं नाणं तओ दया**' છે, એટલે પ્રથમ જ્ઞાન મેળવવાની આવશ્યકતા છે. પછી આ જ્ઞાન, ભવિ જીવો ચાર પૈકી ગમે તે અનુયોગથી પ્રાપ્ત કરવાની કોશીશ કરે.

આ સૂત્રમાં પાંચ જ્ઞાનના વર્ણન સાથે, ચાર પ્રકારની બુદ્ધિ પણ બતાવવામાં આવી છે. (૧) ઔત્પાતિકી (૨) વૈનયિકી (૩) કર્મજા અને (૪) પારિણામિકી.

(૧) જે મતિ શાસ્ત્રાભ્યાસાદિ કરવાથી ઉત્પન્ન થતી નથી, પણ આપો આપ ઉત્પન્ન થાય છે. જેને વ્યવહારમાં "હાજર જવાબ" કહે છે એનું નામ ઔત્પાતિકી બુદ્ધિ" (૨) નીતિ શાસ્ત્રમાં નિપુણ તથા આલોક અને પરલોકના સુંદર ફળ આપનારી વિનયથી ઉત્પન્ન થતી મતિને "વૈનયિકી" મતિ કહે છે. (૩) જે મતિ કાર્યના અભ્યાસ અને વિચારથી વિસ્તાર પામી હોય અને જે મતિને લીધે સંસારમાં પ્રશંસા થાય તેને "કર્મજા" મતિ કહે છે. (૪) અનુમાન, હેતુ અને દૃષ્ટાંત દ્વારા સાધ્યાર્થને સિદ્ધ કરનારી, ઉંમર પ્રમાણે પુષ્ટ થનારી તથા અભ્યુદય અને નિઃશ્રેયસ રૂપ ફળવાળી મતિનો "પારિણામિક" બુદ્ધિ કહેવામાં આવે છે.

ઉપરની ચારે પ્રકારની બુદ્ધિની લગભગ ૭૪ કથાઓ (દષ્ટાંતો) આ પુસ્તકમાં આપવામાં આવેલ છે.

આ પુસ્તકમાંની કથાઓ લખવા માટે "અ. ભા. સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ સૈલાના" તરફથી પ્રગટ થયેલ શ્રી "નંદીસૂત્ર પુસ્તકનો અને પૂ. શ્રી ઘાસીલાલજી મ. સા. કૃત શ્રી નંદીસૂત્ર આગમનો આધાર લેવામાં આવ્યો છે, તે માટે અમે તે તે ગ્રંથોના લેખક અને પ્રકાશકનો સર્વત્ર આભાર માનીયે છીએ.

'પ્રસ્તુત પુસ્તક મ્હારા' સ્થાનકવાસી જૈન પત્ર" ના ૩૬ મા વર્ષના ગ્રાહકોને ભેટ આપવા માટે પ્રકાશિત કરવામાં આવે છે. આશા છે કે જૈન સમાજ, આ અગાઉના મારાં અન્ય પ્રકાશનોને જે હર્ષથી અપનાવી લીધા છે તે જ હર્ષથી અપનાવી લેશે.

પંચભાઈની પોળ
અમદાવાદ તા. ૨૨-૨-૧૯૬૯

સંઘ સેવક
જીવણલાલ છગનલાલ સંઘવી

# શ્રી નંદીસૂત્રની કથાઓ

શ્રી નંદી સૂત્રમાં જ્ઞાન વિષે વિસ્તૃત વિવેચન છે. તેમાં જ્ઞાન કોને આપવું તે વિષે ચૌદ ઉપમાઓ વાળી ગાથા આ સૂત્રમાં આપી છે તે નીચે મુજબ.

**સેલઘણ, કુડગ, ચાલણી, પરિ પુણગ, હંસ, મહિસ, મેસેય, મસગ, જલુગ, બિરાલી, જાહગ, ભેરી, આભીરી.**

---

## ૧ મુંગ શેલિયો પત્થર

( સેલઘણ )

એક જંગલમાં એક સ્થળે મુંગ શેલીયો પત્થર રહેતો હતો, જ્યારે બીજી તરફ આકાશમાં જંબુદ્વીપ જેવડો 'પુષ્કરાવર્ત' નામનો મહામેઘ રહેતો હતો.

કોઈ એક સમયે આ બંને વચ્ચે કલહ જગાવવાની ઈચ્છાથી નારદજી મુંગ શેલીયા પત્થર પાસે પહોંચ્યા અને કહ્યું કે એક સભા ભરાઈ હતી, તેમાં પુષ્કરાવર્ત નામનો મહામેઘ પણ આવ્યો હતો. તે સભામાં મેં તમારી પ્રશંસા કરતાં કહ્યું કે–મુંગશીલ પત્થર વજ્રથી પણ વધારે કઠોર છે, તેના પર ગમે તેટલું પાણી પડે પણ તે બીલકુલ ભેદાય નહિ.

તમારી આ પ્રશંસા 'પુષ્કરાવર્ત' મેઘથી સહન ન થઈ. તેણે કહ્યું કે એ મુંગશીલની ખોટી પ્રશંસા ન કરો. હજારો શિખર-વાળા પર્વતોને પણ હું મારા પાણીની સતત્ ધારાથી ભેદી નાખું છું, તો એ મુંગશેલીયાના શા ભાર!

આ સાંભળી મુંગ શેલિયો ક્રોધથી ભભુકી ઊઠયો અને બોલ્યો. અરે નારદજી! એ દુષ્ટ મેઘની એક ધારાથી તો શું પણ તે સાત

દિવસ અને રાત્રી સતત વરસ્યા કરે, તો પણ મારી એક કાંકરી પણ ભેદી શકે નહિં, અને જો ભેદે તો, મારું નામ મુંગ શેલિયો શેનું!

આ સાંભળી નારદજી તો પહોંચ્યા મેઘ પાસે અને મુંગ-શેલીયાના અભિમાનની વાત કરીને તેને ખૂબ ચડાવ્યો. આથી મેઘ પણ ખીજાયો અને બોલ્યો કે–"હમણા જ હું પાપી મુંગશેલિયાનું ગુમાન ઉતારી નાખું છું" એમ બોલી તરતજ તેણે મુસલધાર વૃષ્ટિ શરૂ કરી. તે સતત્ સાત દિવસ અને સાત રાત્રિ વરસ્યો. ચારે કોર સમસ્ત વન પ્રદેશમાં જળ બંબાકાર કરી મૂકયું. પછી તે નારદજી પાસે આવ્યો અને કહ્યું કે નારદજી, બોલો હવે તે બિચારા મુંગ-શેલીયાની આ વર્ષાથી કેવી ખરાબ સ્થિતિ થઈ હશે! ચાલો આપણે બંને જોવા જઈએ.

નારદજી અને પુષ્કરાવર્ત મેઘ બંને મુંગ શેલીયા પાસે ગયા. અને જોયું તો તે મુંગશીલીયો પત્થર પૂર્વવત્ સ્થિતિમાં જ હતો. તેની એક કાંકરી પણ આઘી પાછી થઈ ન હતી. આથી લજ્જા પામી પુષ્કરાવર્ત મેઘ સ્વસ્થાનકે ચાલ્યો ગયો.

સાર—કુશિષ્ય રૂપી પત્થર, સદગુરૂ રૂપી મેઘ, અને બોધરૂપી પાણી. જેમ પુષ્કરાવર્ત મેઘથી પણ મુંગ શેલીયો પલળ્યો નહિં તેમ એકેક કુશિષ્ય કે કુ શ્રોતા ગમે તેટલા બોધથી પલળે નહિ તે છાંડવા યોગ્ય છે અને જે શ્રોતા બોધથી પલળે તે આદરવા યોગ્ય છે.

---

## ૨ કુંભનું દષ્ટાંત

( કુડગ )

કુંભ અથવા ઘડો. તેના આઠ પ્રકાર છે.

(૧) પ્રથમ ઘડો ઘડાના સંપૂર્ણ ગુણે કરી વ્યાપ્ત છે. તેમાં પાણી ભરે તો જરા પણ ઝરા જાય નહિ. બીજું પોતે શિતળ છે માટે

બીજાની પણ તૃષા મટાડે:–બીજાને શિતળ કરે. ત્રીજું, બીજાની મલીનતા પણ પોતાનામાંના પાણીથી દૂર કરે. તેમ એકેક શ્રોતા વિનયાદિ ગુણે સંપૂર્ણ ભરેલા છે. તેઓ ગુર્વાદિકનો ઉપદેશ ધારી રાખે, કિંચિત–વિસારે નહિ. ભવ્ય જીવના ત્રિવિધ તાપ સમાવી શિતળ કરે તથા ભવ્ય જીવની સંદેહ રૂપી મલીનતા ટાળે. એ શ્રોતા આદરવા યોગ્ય છે.

૨ એક ઘડો પડખે કાણો છે. તેમાં પાણી ભરે તો અર્ધું રહે અને અર્ધું બહાર નીકળી જાય તેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિ સાંભળે, તેમાં અર્ધું ધારી રાખે અને અર્ધું ભૂલી જાય.

૩. એક ઘડો હેઠે કાણો છે. તેમાં પાણી ભરે તો બધું નીકળી જાય, તેમ એકેક શ્રોતા વ્યાખ્યાન સાંભળે પણ બધું વિસારે, પણ ધારે નહિ.

૪. એક ઘડો નવો છે. તેમાં પાણી ભરે તો થોડું થોડું ઝમીને ખાલી થાય. તેમ એકેક શ્રોતા જ્ઞાનાદિ અભ્યાસ કરે પણ થોડે થોડે બધું ભૂલી જાય.

૫. એક ઘડો દુર્ગંધ વાસિત છે, તેમાં પાણી ભરે તો પાણીના ગુણને બગાડે. તેમ એકેક શ્રોતા મિથ્યાત્વ આદિ દુર્ગંધથી વાસિત છે, તેમને સૂત્રાદિ ભણાવતાં જ્ઞાનના ગુણને વણસાડે.

૬. એક ઘડો સુગંધે કરી વાસિત છે. તેમાં પાણી ભરે તો પાણીના ગુણને વધારે, તેમ એકેક શ્રોતા સમ્યક્ત્વ આદિ સુગંધથી વાસિત છે. તેમને સૂત્રાદિ ભણાવતાં જ્ઞાનના ગુણને દીપાવે.

૭. એક ઘડો કાચો છે, તેમાં પાણી ભરે તો ભીંજાઇને ફુટી જાય. તેમ એકેક શ્રોતા-અલ્પબુદ્ધિવાળાને સુત્રાદિનું જ્ઞાન આપતાં તે નય આદિ સિદ્ધાન્તને નહિ જાણવાથી જ્ઞાનથી તથા માર્ગથી ભ્રષ્ટ થાય.

૮. એક ઘડો ખાલી છે તેના પર વાસણ ઢાંકી તેને વર્ષાકાળે નેવા હેઠે પાણી ઝીલવા મૂકયો; પણ પાણી અંદર આવે નહિં અને નીચે ઘણું પાણી થવાથી, તે ઉપર તરે. અને પવનના જોસથી અથડાઇને ફૂટી જાય. તેમ એકેક શ્રોતા સદ્‌ગુરૂની સભામાં વ્યાખ્યાન સાંભળવા બેસે, પણ એક ચિત્તે સાંભળે નહિ અને ઉંઘ્યા કરે તેથી જ્ઞાન રૂપ પાણી હૃદયમાં ઉતરે નહિ. ખોટા ડોળ રૂપ વાયરાથી અથડાય, તેવા શ્રોતા ત્યજવા યોગ્ય છે.

---

## ૩ ચાલણી

કેટલાક શ્રોતા ચાલણી સમાન અગ્રાહી હોય છે. જેમ ચાલણીમાં પાણી નાખીયે તો તે ટકે નહિં તેમ કેટલાક શ્રોતા એક બાજુ બોધ સાંભળે અને બીજી બાજુ ભૂલી જાય. તેવા અગ્રાહ્ય શ્રોતા અપાત્ર છે.

બીજું દૃષ્ટાંત—જેમ ચાલણીમાં ઘઉં પ્રમુખનો લોટ ચાળવા માંડયો તેમાં આટો (લોટ) નીચે પડી જાય અને કાંકરા પ્રમુખ કચરો ગ્રહી રાખે તેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિ બોધ સાંભળે તેમાં સૂત્રના ગુણ જવા દે અને અવગુણ રૂપ કચરો ગ્રહી રાખે તે છાંડવા યોગ્ય છે. ત્રીજું દૃષ્ટાંત—ચાલણી પાણીમાં મૂકે ત્યારે પાણીથી સંપૂર્ણ ભરેલી દેખાય અને ઉપાડી લઇએ ત્યારે ખાલી દેખાય. તેમ એકેક શ્રોતા વ્યાખ્યાનાદિ સભામાં સાંભળવા બેસે ત્યારે વૈરાગ્ય આદિ ભાવનાથી સંપૂર્ણ ભરેલા દેખાય, અને સભામાંથી ઉઠી બહાર જાય ત્યારે વૈરાગ્ય રૂપ પાણીનો અંશ પણ ન હોય. તેવા શ્રોતા છાંડવા યોગ્ય છે.

---

## ૪ પરિપુણગ

સુઘરી નામના પક્ષીના માળામાં કચરાવાળું ઘી નાખ્યું. હવે તે ઘી તેમાંથી નીકળી જાય છે અને જે કચરો છે તેને સંગ્રહી રાખે છે તે પ્રમાણે કોઈ કોઈ શ્રોતા એવા હોય છે કે આચાર્યાદિના ગુણનો ત્યાગ કરે અને તેમના અવગુણ (છિદ્ર) જ શોધે. વ્યાખ્યાન-દાતા ગુરૂને અયોગ્ય સમજે, એવા દુર્ગુણગ્રાહી શ્રોતા છાંડવા યોગ્ય છે.

---

## ૫ હંસ

કેટલાક શ્રોતા હંસ સમાન ગુણગ્રાહી હોય છે. જેમ હંસને જલ મિશ્રિત દૂધ મળે છે ત્યારે તે ખટાશના ગુણે પોતાની ચાંચવડે જળને દૂધથી અલગ કરી દૂધ પી જાય છે અને જળને છોડી દે છે. તેમ કેટલાક શ્રોતા એવા સ્વભાવના હોય છે, કે તેઓ પોતાની વિવેક રૂપ ચાંચથી સ્ખલના રૂપ જળને અલગ કરીને સદ્બોધ રૂપ દૂધ ગ્રહણ કરે છે. અથવા વ્યાખ્યાનકારના વ્યાખ્યાનમાં રહેતી ક્ષતિઓને ન ગણતાં વ્યાખ્યાનની કુશલતાની પ્રશંસા કરે છે. અથવા વ્યાખ્યાતાના જીવનમાં રહેલા દુર્ગુણોને ગ્રહણ ન કરતાં, યથાર્થ વ્યાખ્યાન અનુસાર પોતે સદાચરણનું અનુગમન કરે છે. આવા ગુણ-ગ્રાહી શ્રોતા હંસ સમાન દુર્લભ હોય છે અને તે એકાંત યોગ્ય છે.

---

## ૬ મહિષ (ભેંસ)

કેટલાક શ્રોતા ભેંસની જેમ અંતરાય કરનાર હોય છે. જેમ કે ભેંસ પાણી પીવા માટે જળાશયમાં જાય ત્યારે પાણી પીવા માટે જળમાં પ્રથમ પ્રવેશ કરે. પછી મસ્તક પ્રમુખે કરી પાણી ડહોળે, ને મળ મૂત્ર કરી પછી પોતે પાણી પીવે; પણ શુદ્ધ પાણી પોતે ન

પીવે. અન્ય ભેંસાદિને પણ શુદ્ધ પાણી પીવા ન દે. તેમ કેટલાક અપાત્ર શ્રોતાઓ કે કુ શિષ્યો વ્યાખ્યાનાદિમાં કલેશરૂપ તાર્કિક પ્રશ્નો કરી વ્યાખ્યાનને ડહોળી નાખે, પોતે શાંતિથી સાંભળે નહિ અને બીજાને શાંતિથી સાંભળવા ન દે. આ પ્રમાણે કરવાથી તે શ્રોતા પોતે શ્રુતજ્ઞાનનો લાભ લઈ શકતો નથી. આવા અંતરાય કરનાર શ્રોતા છાંડવા યોગ્ય છે.

## ૭ મેષ (બકરો)

કેટલાક શ્રોતા બકરાની જેમ અંતરાય નહિ કરનાર હોય છે. બકરાં જેમ પાણી પીવા માટે નદી, તળાવ આદિ સ્થળે જાય ત્યારે કાંઠે રહી, પગ નીચા નમાવી પાણી પીએ, પણ પાણીને ડહોળે નહિં અને બીજા પશુઓને પણ સ્વચ્છ પાણી પીવા દે. તેમ વિનીત શ્રોતા કે શિષ્ય વ્યાખ્યાનાદિ નમ્રતા અને રસપૂર્વક સાંભળે. અન્ય-શ્રોતાઓને શાંતિપૂર્વક સાંભળવા દે, કદાચ શંકા–સમાધાન માટે પ્રશ્ન પૂછવો હોય તો વિનયપૂર્વક ઉચિત અને આવશ્યક પ્રશ્ન પૂછે, જેથી પોતાને શ્રુતજ્ઞાનનો વિશેષ લાભ મળે. આવા અંતરાય નહિ કરનારા શ્રોતા આદરવા યોગ્ય છે.

## ૮ મસગ

તેના બે પ્રકાર છે (૧) મસગ=ચામડાની કોથળી (૨) મસગ=મચ્છર (૧) મસગ=ચામડાની કોથળીમાં વાયરો ભરાય ત્યારે તે અત્યંત ફુલેલી દેખાય પણ તૃષા શમાવે નહિ પણ વાયરો જ્યારે નીકળી જાય ત્યારે ખાલી થાય તેમ એકેક શ્રોતા અભિમાન રૂપ વાયરે કરી શુષ્ક જ્ઞાનવત્ તડાકા મારે, પણ પોતાના તથા અન્યના આત્માને શાંત રસ પમાડે નહિં. તે શ્રોતા છાંડવા યોગ્ય છે.

(૨) મસગ તે મચ્છર નામે જંતુ અન્યને ચટકા મારી પરિતાપ ઉપજાવે પણ ગુણ ન કરે અને ખણુ જ ઉત્પન્ન કરે તેમ એકેક કુ-શ્રોતા ગુર્વાદિકને જ્ઞાન અભ્યાસ કરાવતાં ઘણો પરિશ્રમ આપે તથા કુવચન રૂપ ચટકા મારે, પણ ગુરૂની સેવા-વૈયાવચ્ચ આદિ ન કરે. ઉલટું ગુરૂના દિલમાં અસમાધિ ઉપજાવે. તે શ્રોતા છાંડવા યોગ્ય છે.

---

## ૯ જલો

કેટલાક શ્રોતા જલોની જેમ સમાધિકારક હોય છે. જલો નામે જંતુ ગાય પ્રમુખના સ્તનમાં વળગે ત્યારે લોહી પીએ પણ દૂધ ન પીએ, તેમ એકેક અવિનીત કુશિષ્ય-શ્રોતા આચાર્યાદિ પાસે રહ્યા થકા તેમનાં છિદ્રો શોધે પણ ક્ષમાદિ ગુણ ગ્રહણ ન કરે. તે શ્રોતા છાંડવા યોગ્ય છે.

૨ જળો નામે જંતુ ગુમડા ઉપર મૂકીએ ત્યારે ચટકો મારે ને દુઃખ ઉપજાવે, બગડેલું લોહી પીએ અને પછી શાંતિ કરે. તેમ એકેક વિનીત શિષ્ય-શ્રોતા આચાર્યાદિકની સાથે રહ્યા થકા પ્રથમ વચન રૂપ ચટકો ભરે, કાળે અકાળે બહુ અભ્યાસ કરતાં મહેનત કરાવે, પછી સંદેહ રૂપ બગાડ કાઢી ગુર્વાદિકને શાંતિ ઉપજાવે. કદી પ્રમાદ વશ ગુરૂને અસમાધિ થાય તો વિનયપૂર્વક તેમની અસમાધિ દૂર કરે. આવા શ્રોતા આદરને પાત્ર છે.

---

## ૧૦ બિલાડી

કેટલાક શ્રોતા બિલાડીની જેમ અવિનીત હોય છે. બીલાડીનો એવો દુષ્ટ સ્વભાવ હોય છે કે, તે પ્રાયઃ વાસણમાં દૂધ પીતી નથી. તેથી પૂરું દૂધ પીવાનું મળતું નથી. તે વાસણને ઠોકર મારીને દૂધને

ઢોળી નાખે છે અને પછી તે દૂધને પીએ છે. દૂધ જમીન પર પડવાથી તેની સાથે રજ, ધૂળ, કચરો મિશ્રિત થાય છે તે તેને પીવું પડે છે. તે સાથે તે, દૂધને ઝડપથી ચાટે છે. તેથી પાચન પણ બરાબર થતું નથી. એવી જ રીતે કેટલાક શ્રોતા વિનયથી બચવા માટે વ્યાખ્યાનમાં આવીને શ્રુતજ્ઞાન ગ્રહણ કરતા નથી પણ જેઓ વ્યાખ્યાન સાંભળીને ચાલ્યા જાય છે, તેમને પૂછીને સાંભળી લે છે. અથવા એવા શ્રોતાની પરસ્પરની વાતચિત સાંભળીને કામ ચલાવે છે. આથી તેમને શ્રુત જ્ઞાનનો પૂરો લાભ મળતો નથી તેમજ તે શ્રોતાઓની મંદબુદ્ધિને કારણે પણ અન્યથા (વિપરીત) કથન રૂપ રજ આવી જાય છે. તેથી તે શ્રોતા આદરણીય નથી.

---

## ૧૧ જાહગ (સસલો)

સસલો તીર્યંચની જાત છે. તે પ્રથમ પોતાની માતાનું દૂધ થોડે થોડે પીએ ને પાચન થાય ત્યાર પછી વળી થોડું પીએ, એમ થોડા થોડા દૂધથી પોતાના શરીરને પુષ્ટ કરે છે. પછી તે મોટા સર્પના માન મર્દન કરે. તેમ એકેક શ્રોતા આચાર્યાદિ પાસેથી પોતાની બુદ્ધિ પ્રમાણે કાળે કાળે થોડો થોડો સૂત્રાદિ અભ્યાસ કરે અને પછી બહુ શ્રુત થઇ મિથ્યાત્વી લોકોનાં માન મર્દન કરે. આવા વિનીત શ્રોતા શ્રુતજ્ઞાનના અધિકારી છે.

---

## ૧૨ ગો—ગાય

ગો એટલે ગાય–તેના બે પ્રકાર. જેમ દૂઝણી ગાયને કોઈ શેઠ પાડોશીને આપીને બહારગામ જાય, પણ તે પાડોશી ઘાસ પાણી આદિ ગાયને બરાબર ન આપે અને ગાય દુઃખી થાય તેમ એકેક અવિનીત

શ્રોતા ગુર્વાદિકની આહાર પાણી પ્રમુખ વૈયાવચ્ચ ન કરે અને ગુરૂને ગ્લાનિ પમાડે. તે શ્રોતા અપયશ પામે.

(૨) બીજા કોઇ એક શેઠે પાડોશીને ગાય સોંપી. તે પાડોશીએ ઘાસ પાણી આદિથી ગાયની ચાકરી કરી જેથી ગાય સુખી રહેતાં તેના દૂધમાં પણ વધારો થયો અને ગોસેવક યશ પામ્યો. તેવા શ્રોતા આદરવા યોગ્ય છે.

## આ ઉપર બ્રાહ્મણોનું દૃષ્ટાંત

એક ગામમાં ચાર બ્રાહ્મણો રહેતા હતા. તે ચારે વેદના જાણકાર હતા. તેમના કોઇ કુટુંબીએ કોઈ એક પર્વ દિવસે તેમની પાસે કથા કરાવી. અને દક્ષિણામાં, તેમને અન્ય વસ્તુઓ સાથે એક નીરોગી, હૃષ્ટપુષ્ટ અને વિશેષ દૂધ આપનારી વિનીત ગાય આપી.

તે ગાય મળતાં તેમણે વિચાર્યું: આપણે ચાર છીએ અને ગાય એક છે. આપણે તેનો ઉપયોગ કઈ રીતે કરશું? ત્યારે એક બ્રાહ્મણે કહ્યું કે આપણે બધા રોજ એકેક દિવસ વારાફરતી ગાયને દોહતા રહીએ. આ ઉપાય સૌને ઉચિત લાગ્યો. પહેલે દિવસે સૌથી મોટા બ્રાહ્મણને ગાય આપી. તે બ્રાહ્મણે તે ગાયને ઘરે લઈ જઇને વિચાર્યું કે, હું તો આ ગાયને આજેજ દોહીશ, માટે નકામું ઘાસ પાણી ગાયને કેમ નાખું? એમ વિચારી તેણે ગાયનું દૂધ તો દોહી લીધું પણ દોહતાં પહેલાં કે પછી તે ગાયને ઘાસ પાણી ન આપ્યાં, તેથી તે ગાય બિચારી દિનરાત ભૂખી તરસી પડી રહી. રાત્રે તેનું ઠંડીથી રક્ષણ પણ ન કર્યું. અને તે શરદીથી પીડા પામતી રહી.

બીજે દિવસે બીજો બ્રાહ્મણ તે ગાયને પોતાના ઘેર લઇ ગયો. અને તેણે પણ પહેલા બ્રાહ્મણની જેમ દુષ્ટ વિચારથી ગાયનું દૂધ દોહી લીધું. પણ ઘાસ ચારો આદિ ન આપ્યાં. બાકીના બે બ્રાહ્મણો પણ એવાજ નીકળ્યા. આ રીતે એ ચારેય સ્વાર્થી, નિર્દય બ્રાહ્મણોના

વર્તનથી ગાય ભૂખ તરસથી ક્ષિણ બની મૃત્યુ પામી. અને તે બ્રાહ્મણોને ગાયના દૂધથી વંચિત રહેવું પડયું. અને આખા ગામમાં તેમની નિંદા થઈ. આવીજ કેટલાક શિષ્યોની એક કથા છે.

એક બહુશ્રુત આગમ જ્ઞાતા, સહન શીલ અને શાંત આચાર્ય હતા. તેમની પાસે તેમના પોતાના પણ ઘણા શિષ્યો હતા. તેમ જ તે આચાર્યશ્રીની વિદ્વતાને કારણે અન્ય ગચ્છના સંતો પણ તેમની પાસે વાચના લેતા. પરન્તુ અભ્યાસ કરતાં પહેલાં કે પછી ગોચરી આદિ વૈયાવચ્ચ ( સેવા ) નો પ્રસંગ આવતો ત્યારે તે ગુરૂના શિષ્યો વિચારતા કે આચાર્ય માત્ર આપણને જ વ્યાખ્યાન નથી સંભળાવતા અને બીજા ગચ્છના સંતોને પણ સંભળાવે છે, માટે તેઓજ આચાર્યની વૈયાવચ્ચ કરશે. બીજા ગચ્છના શિષ્યો વિચારતાં કે, અમે તો પરાયા ગચ્છના છીએ અને થોડાક સમય માટે આવ્યા છીએ, એટલે અમને તો તેમનો અલ્પ સમયનો જ લાભ છે તેથી અમે તેમની વૈયાવચ્ચ શા માટે કરીએ ? તેમની વૈયાવચ્ચ તો તેમના શિષ્યો જ કરે, કેમ કે જીવનભર લાભ તો તેઓ જ લેશે. આમ વિચારીને કોઈ તે આચાર્યશ્રી સેવા ન્હોતા કરતા.

આ સ્થિતિમાં આચાર્ય અશક્ત અને ગ્લાન બની ગયા. પરિણામે બંનેને સૂત્રાર્થ પ્રાપ્તિમાં હાનિ થઇ, અને સંઘમાં તેમની સર્વત્ર નિંદા થઈ.

એ જ પ્રમાણે પૂર્વોકત ગામમાં ચાર બ્રાહ્મણ રહેતા હતાં. તેઓ પણ ચાર વેદના જાણકાર હતા. તેમને પણ તેના કુટુંબીજને કથા કરાવી દક્ષિણામાં ગાય પણ આપી. તેમણે પણ રોજ વારાફરતી ગાય દોહવાનો નિર્ણય કર્યો. પ્રથમ મોટા બ્રાહ્મણે ગાયને ઘેર લઈ જઈને સદઆશયથી ઘાસ ચારો આપ્યો. એમ અનુક્રમે બાકીના ત્રણે બ્રાહ્મણોએ ગાયને ઘાસ ચારો આપી હૃષ્ટપુષ્ટ બનાવી અને તેના

દૂધનો લાભ લીધો. આ રીતના ક્રમથી આ ચારે બ્રાહ્મણોની ગામમાં પ્રશંસા થઈ અને દક્ષિણાદિનો સારો લાભ મળતો રહ્યો.

એજ પ્રમાણે શિષ્યોની કથા છે. એક ગુણસંપન્ન આચાર્ય પાસે પોતાના તથા અન્ય ગચ્છના શિષ્યો ભણતા હતા. તેમણે વિચાર્યું કે આચાર્યશ્રી શ્રુતજ્ઞાન આપે છે તેથી અમારે પણ તેમની સેવા કરવી જોઈએ. જો વૈયાવચ્ચ ન કરીએ અને તેઓ કાળધર્મ પામે તો સંઘમાં અમારી નિંદા થાય અને અમે શ્રુતજ્ઞાનથી વંચિત રહીએ. તેથી સૌએ તેમની સેવા કરી અને શ્રુતજ્ઞાનનો સારો લાભ લીધો. પરિણામે તેઓ ગુરૂના અને સંઘના પ્રશંસાપાત્ર બન્યા.

---

## ૧૩ ભેરીવાદકનું દૃષ્ટાંત

કેટલાક શ્રોતા ભેરી—નાશકની જેમ જ્ઞાન પ્રત્યે ભક્તિ રહિત અને જ્ઞાનના શત્રુ હોય છે.

કુબેર નિર્મિત દ્વારિકાનગરીમાં દક્ષિણ ભરતના સ્વામી શ્રીકૃષ્ણ રાજ્ય કરતાં હતા. કોઈ સમયે તે નગરીમાં રોગનો ઉપદ્રવ થયો. પ્રથમ દેવલોકના અધિપતિ 'શક્ર' ઈન્દ્ર પોતાની સુધર્મ સભામાં બેઠા હતાં. સભામાં 'પુરુષગુણ વિચારણા'નો વિષય આવ્યો. તો તેમણે અવધિજ્ઞાનથી દ્વારિકામાં રહેલા શ્રીકૃષ્ણને જોઈને સામાન્ય રીતે તેમની પ્રશંસા કરતાં કહ્યું:—અહો, શ્રીકૃષ્ણને ધન્ય છે કે તે બહુ દોષવાળી વસ્તુમાં પણ ગુણને જ ગ્રહણ કરેછે; લેશમાત્ર પણ દોષ ગ્રહણ કરતા નથી તેમજ હલકું યુદ્ધ પણ કરતા નથી.

આ પ્રમાણે ઈન્દ્રે કરેલી પ્રશંસા એક મિથ્યાત્વી દેવથી સહન ન થઈ. તે પૃથ્વી પર આવ્યો અને જે માર્ગે શ્રીકૃષ્ણ, ભગવાન અરિષ્ટનેમિના વંદનાર્થે જનાર હતા તે માર્ગમાં એક મરેલી કૂતરીનું રૂપ બનાવીને પડી ગયો. તે કૂતરીમાં એટલી બધીદુર્ગન્ધ હતી કે તેની પાસે થઈને નીકળવું બહુજ કઠણ હતું. તેનો રંગ અત્યંત કાળો

હતો. સ્પર્શ અત્યંત કર્કશ અને રૂક્ષ હતો, આકાર ઘણો ભયાનક હતો. શરીરમાં સેંકડો કીડા ખદબદતા હતા. અને મ્હોં ખુલ્લું હતું. પરંતુ તેના દાંત અત્યંત સફેદ, ચમકતા, શ્રેણીબદ્ધ અને સુંદરાકાર હતા.

યથા સમયે શ્રીકૃષ્ણ નેમનાથ ભગવાનના વંદન અર્થે નીકળ્યા. તેમની આગળ પગે ચાલનારા માણસો, જ્યારે તે કૂતરીની પાસે પહોંચ્યા, તો તેઓ કૂતરીની અત્યંત દુર્ગન્ધ જોઇ નાક ઢાંકવા લાગ્યા અને તે રસ્તો છોડીને આડા અવળા જવા લાગ્યા.

જ્યારે શ્રીકૃષ્ણે પોતાની આગળ ચાલતા માણસોને નાક ઢાંકીને તથા માર્ગ છોડીને આડા અવળા જતાં દીઠા ત્યારે તેમણે પોતાની પાસેના સેવકોને તેનું કારણ પૂછયું. તેમણે કારણ બતાવ્યું, પરન્તું શ્રીકૃષ્ણે આ કારણે પોતાનો માર્ગ બદલ્યો નહિં. તેઓ તે જ માર્ગે ચાલ્યા. જ્યારે તેઓ પેલી મૃત કૂતરી પાસે પહોંચ્યા ત્યારે તેમણે તે કૂતરીની સ્થિતિ જોઇ, પરન્તુ તેમણે તેના કોઇપણ દુર્ગુણની નિંદા ન કરી. પરન્તુ તેમણે તે કૂતરીમાં રહેલી એક માત્ર ગુણરૂપ દંતપંક્તિની પ્રશંસા કરી અહો! આની દંતપંકિત તો મરકત મણિ (જે કૃષ્ણવર્ણનું હોય છે) ના પાત્રમાં રાખેલ મોતીની શ્રેણી સમાન કેટલી ભવ્ય લાગે છે!

આ પ્રશંસાવાકય સાંભળીને દેવે વિચાર્યું કે, "શક્રેન્દ્રે જે કહ્યું હતું તે યથાર્થ છે."

થોડા સમય પછી જ્યારે શ્રીકૃષ્ણ, શ્રા નેમિવંદન કરીને પાછા ફર્યા ત્યારે તે દેવે કૃષ્ણની યુદ્ધ પરીક્ષા કરવા માટે તેમની અશ્વ શાળામાંથી એક અશ્વનું અપહરણ કર્યું. આ જોઇને પાયદળના માણસો તલવાર, ભાલા વગેરે લઇને તેની પાછળ પડયા. કેટલાક કુમારો પણ તે દેવની પાછળ પડયા હતા. સૌએ દેવ પર સેંકડો

પ્રહારો કર્યા, પણ તે દેવ પોતાની દિવ્ય શક્તિથી તે સૌને લીલા માત્રથી જીતીને મંદગતિએ આગળ વધી રહ્યો હતો. શ્રીકૃષ્ણને આ વાતની ખબર પડી તો તેઓ પણ તેની પાછળ ગયા. શ્રી કૃષ્ણે તેની પાસે જઈને પૂછ્યું. તમે મારા અશ્વરત્નનું અપહરણ કેમ કરી રહ્યા છો !

દેવે કહ્યું:-હું અપહરણ કરવાની શકિત ધરાવું છું. માટે જો તારામાં કોઈ શક્તિ હોય તો મને જીતીને તેને છોડાવી લે. ત્યારે યુદ્ધ પ્રિય કૃષ્ણે સહર્ષ પૂછ્યું. હે મહાપુરુષ, તમે કયા યુદ્ધથી લડવા માગો છો ? એમ કહીને શ્રીકૃષ્ણે દેવને વિવિધ પ્રકારના યુદ્ધોનાં નામ ગણાવ્યા. પરંતુ દેવે તે બધા યુદ્ધો વડે લડવાનો નિષેધ કર્યો. ત્યારે કૃષ્ણે પૂછ્યું-તમે જ કહો કે હું કઈ રીતનું યુદ્ધ કરું ! તે દેવ બોલ્યો-તું મારી સાથે કમરના પાછલા ભાગ (ખંભો) થી યુદ્ધ કર, ત્યારે શ્રી કૃષ્ણે પોતાના કાનો બંને હાથથી બંધ કરીને હા, હા, કરતાં કહ્યું-તમે આ શું કહી રહ્યા છો ! જાઓ, જાઓ, તમે અશ્વરત્ન લઈ જાઓ, હું અધમ રીતિથી યુદ્ધ કરી શકતો નથી.

દેવને એ પણ નિશ્ચય થઇ ગયો કે, શક્ર ઈન્દ્રની બીજી વાત પણ સત્ય છે. તે દેવે પછી પોતાનું ખરું રૂપ પ્રગટ કરી, શ્રી કૃષ્ણને કહ્યું: કૃષ્ણ ! હું તમારા અશ્વનું અપહરણ કરવા નથી આવ્યો, મેં તમારા ગુણની પરીક્ષા કરવા માટે આમ કર્યું છે. એમ કહીને દેવે શક્ર ઇન્દ્રે કરેલી પ્રશંસાની વાત કહી સંભળાવી.

પોતાની ગુણ પ્રશંસા સાંભળી શ્રી કૃષ્ણ લજ્જિત થયા. તેમણે પોતાની ગ્રીવા, મસ્તક અને નેત્રો નમાવી દીધા, આ દેવ શ્રી કૃષ્ણની અન્ય વિશેષતા દેખીને અત્યંત પ્રસન્ન થયો. તેણે કહ્યું. કૃષ્ણ !

મનુષ્યોને વૈમાનિક દેવોના દર્શન કદી નિષ્ફળ નથી જતા, એવી લોકમાં પ્રસિદ્ધિ છે. એટલા માટે તમે મારી પાસેથી યથેચ્છ માગી લ્યો.

કૃષ્ણે કહ્યું–દેવ! હમણા દ્વારકા નગરીમાં રોગનો ઉપદ્રવ ચાલી રહ્યો છે માટે તેને એવી રીતે ઉપશાંત કરો કે જેથી તે રોગ ફરીથી ઉત્પન્ન ન થાય. દેવે તેને ગો શીર્ષ ચંદનથી બનેલી અકલ્યાણનું ઉપશમન કરનારી એક ભેરી આપી અને કહ્યું–આનો નિયમ એવો છે કે, આને છ છ મહિના પછી આસ્થાન મંડપમાં રાખીને જ બજાવવી. તેનો બાર બાર યોજન સુધી સંભળાવનાર મેઘ ગર્જના સમાન ગંભીર શબ્દ થશે. તેનો શબ્દ (અવાજ) જે કોઈ સાંભળશે તેની, પહેલાંની વ્યાધિ અવશ્ય દૂર થશે અને ભવિષ્યમાં છમાસ પહેલાં કોઈ વ્યાધિ નહિં થાય. એમ કહીને દેવ ચાલ્યો ગયો.

શ્રી કૃષ્ણે તે ભેરી, પોતાના ભેરી વગાડનાર માણસને આપી અને દેવ પ્રદત્ત સૂચનાથી તેને વાકેફ કર્યો.

બીજે દિવસે શ્રી કૃષ્ણ, હજારો રાજા આદિથી યુક્ત રાજ-સભામાં બેઠા હતા, ત્યારે ભેરી વગાડવામાં આવી. ભેરીનો નાદ સાંભળતાં જ, નગરીના સમસ્ત રોગીઓના રોગ એવી રીતે નષ્ટ થઈ ગયા કે જેવી રીતે સૂર્યનાં કીરણોથી અંધકાર નાશ પામે છે. રોગ મુક્ત બનીને બધા દ્વારિકાવાસીઓએ શ્રી કૃષ્ણને વારંવાર આશીર્વાદ આપ્યા.

એક સમયની વાત છે. કોઈ દૂર દેશાન્તરમાં એક મોટો ધનાઢ્ય પુરુષ રહેતો હતો. તેના શરીરમાં કોઈ અસાધ્ય વ્યાધિ ઉત્પન્ન થઈ હતી. તેણે ઘણા ઉપચારો કરાવ્યા, પરન્તુ રોગ નાબુદ ન થયો. કોઈ જાણકાર પુરૂષે તેને કહ્યું કે–તમે દ્વારિકા જાઓ. ત્યાં સર્વ રોગનાશક ભેરી વાગે છે, તેનાથી તમારો રોગ નાશ પામશે. આ સાંભળીને તે દ્વારિકામાં આવ્યો, પરન્તુ દૈવયોગે તે એક દિવસ

પછી પહોંચ્યો. તે પહોંચ્યો તે પહેલાં એક દિવસ અગાઉજ ભેરી વાગી ચૂકી હતી. તેણે વિચાર્યું: હવે હું કેવી રીતે જીવિત રહી શકું ! કેમ કે હવે ફરીથી છ માસ બાદ ભેરી વાગશે. ત્યાં સુધીમાં તો આ વ્યાધિ વધીને મારા પ્રાણનો નાશ જ કરશે. એમ વિચારતાં વિચારતાં તે ચિંતા સાગરમાં ડૂબી ગયો. અચાનક તેને વિચાર આવ્યો કે, જ્યારે આ ભેરીના શબ્દ માત્રથી વ્યાધિ દૂર થઇ જાય છે તો તેનો કોઇ ભાગ ઘસીને પી લેવાથી તો રોગ જરૂર નષ્ટ થઈ જશે. મારી પાસે ઘણું ધન છે તેથી ધનની લાલચ આપીને મારે ભેરીનો એક ભાગ અવશ્ય મેળવી લેવો જોઇએ.

એમ વિચારીને તેણે ભેરી વગાડનારને પુષ્કળ ધનનું પ્રલોભન આપ્યું તેથી તે ભેરી વાદકે તે ભેરીનો એક ભાગ કાપીને તે ધનિકને આપી દીધો. અને તેની જગ્યાએ અન્ય ચંદનનો ટુકડો લગાવી દીધો. આ રીતે અન્ય અન્ય દેશોમાંથી આવેલા નાના મોટા રોગીઓને તે ધન લુબ્ધ બનીને ભેરીનો એક એક ભાગ કાપીને આપવા લાગ્યો તથા તેની જગ્યાએ નવો ખંડ જોડતો ગયો. આમ ખંડ ખંડ દેતાં અને નવો નવો ખંડ જોડતાં તે ભેરી કંથા સમાન ચંદન ખંડની હજારો જોડ વાળી બની ગઈ. જેથી તેનામાં રહેલો દિવ્ય પ્રભાવ નાશ પામ્યો અને પહેલાં નગરીમાં જે રોગનો ઉપદ્રવ ચાલ્યો હતો તે પુનઃ શરુ થયો.

લોકોએ જઇને, શ્રી કૃષ્ણને વિનંતી કરી કે–રાજન્! જેમ વર્ષાકાળમાં મેઘથી આચ્છાદિત અમાવાસ્યાની રાત્રીએ તીવ્ર અંધકાર રહે છે તેમ દ્વારિકામાં ફરીથી રોગનો ભયંકર ઉપદ્રવ વ્યાપી ગયો છે. આ સાંભળીને શ્રી કૃષ્ણે બીજે દિવસે સભામાં ભેરી વગડાવી, પણ તેનો શબ્દ સભા સુધી પણ ન પહોંચ્યો, ત્યારે શ્રી કૃષ્ણે પોતે ભેરીને જોઇ, તે મહા દરિદ્રીની કંથા (ગોદડી) ની જેમ હજારો અન્ય ચંદન-

ખંડોથી જોડાયેલી દેખાઈ. તે જોઇને શ્રી કૃષ્ણને ખૂબ ક્રોધ આવ્યો. તેમણે તે ભેરી–રક્ષકને પૂછ્યું–અરે દુષ્ટ! પાપી! અધમ! આ તેં શું કર્યું ? તે ભેરી રક્ષકે મરણના ભયથી બન્યું હતું તે બધું સાચું કહી દીધું. તેના ભ્રંષ્ટાચારની વાત સાંભળીને શ્રી કૃષ્ણે તે ભેરી-રક્ષકને મહાન અનર્થ કરનાર સમજીને તરત શૂળી પર ચઢાવી દીધો તથા જન અનુકંપા માટે પુનઃ પૌષધ શાળામાં જઇને અઠમ-(ત્રણ ઉપવાસ) તપ કરીને દેવની આરાધના કરી. દેવ હાજર થયો. તેને શ્રી કૃષ્ણે યાદ કરવાનું કારણ કહ્યું. દેવે શ્રી કૃષ્ણને રોગ–ઉપદ્રવ મટાડનારી બીજી ભેરી આપી. શ્રી કૃષ્ણે તે ભેરી એક અત્યંત વિશ્વાસપાત્ર ભેરી વાદકને સોંપી. તે નિર્લોભી ભેરી વાદકે ધન–વૈભવને ઠોકરે મારી ખૂબ નિષ્ઠાપૂર્વક ભેરીનું રક્ષણ કર્યું. તેથી પ્રસન્ન થઇને શ્રી કૃષ્ણે ઘણાં વર્ષો પછી તેને અખૂટ ધન આપીને વિદાય કર્યો.

આ દૃષ્ટાંતમાં દેવના સ્થાને તીર્થંકર, કૃષ્ણના સ્થાને આચાર્ય, ભેરીના સ્થાન પર જિનવાણી અને ભેરી વાદકના સ્થાન પર શિષ્ય સમજવા.

---

## ૧૪ આભીરી

### ( આહિર–ભરવાડ સ્ત્રી પુરુષ )

આહીર દંપતી ( સ્ત્રી પુરુષ ) પોતાના ગામથી પાસેના શહેરમાં ચાલતાં ચાલતાં ગાડામાં ઘી ભરીને વેચવા ગયા. ત્યાં બજારમાં ઉતારતાં, ઘીનું વાસણ ફુટી ગયું. અને ઘી ઢળી ગયું. આથી પુરુષે સ્ત્રીને ઘણાં ઠપકાવાળાં કુવચનો કહ્યાં ત્યારે સ્ત્રીએ પણ પોતાના પતિને સામાં કુવચનો કહ્યાં. આખરે ઘી ઢોળાઈ ગયું ને બંને શોક કરવા લાગ્યાં. જમીન પરનું ઘી પાછળથી લુંછી લીધું ને વેચ્યું. તેની

જે કિંમત મળી તે લઈને સાંજે પોતાને ગામ જતાં રસ્તામાં ચોરોએ તેમને લૂંટી લીધા. તેઓ ખૂબ નિરાશ થયાં. લોકોએ પૂછવાથી બધો વૃત્તાંત કહ્યો. લોકોએ ઠપકો આપ્યો. એ જ રીતે ગુરૂના વ્યાખ્યાનમાં આપેલ ઉપદેશ-સાર, ઘી માટેની લડાઇની જેમ ઢોળી નાખે, ગુરૂ સાથે ઝગડો કરે, તેમની નિંદા કરે, કુવચનો કહે ને કલેશ કરે તે દુર્ગતિને પામે. આ શ્રોતા છાંડવા યોગ્ય છે (૨) ઘી ભરાંને શહેરમાં જતાં બજારમાં ઉતારતાં વાસણ ફૂટયું કે, તરત જ પરસ્પર કલેશ કર્યા વિના તે ઘીને ભેગું કરી લીધું અને વધુ નુકશાન થવા દીધું નહિં. ત્યારબાદ તે ઘીને વેચી સારા સંઘાત સાથે ગામમાં સુખે સુખે સુજ્ઞ પુરૂષો પહોંચે, તેમ વિનીત શિષ્ય-શ્રોતા, ગુરૂ પાસેથી વાણી સાંભળી શુદ્ધ ભાનપૂર્વક સૂત્રાર્થને ધારી રાખે, સાચવે, અસ્ખલિત ન કરે, વિસ્મૃતિ થાય તો ગુરૂ પાસે ફરી ફરી માફી માગીને બરાબર ધારે, પૂછે, પણ કલેશ-ઝગડો કરે નહિ, જેથી ગુરુ પ્રસન્ન થાય. જ્ઞાન અને સંયમની વૃદ્ધિ થાય, પરિણામે સદ્ગતિ મળે. આવા શ્રોતા આદરણીય છે.

---

## ૧ ભરતપુત્ર રોહક *

### ( ભરત )

ઉજ્જયિની નગરીની પાસે એક ગામ હતું. તેમાં ભરત નામનો એક નટ રહેતો હતો. તે પોતાની પત્ની સાથે આનંદપૂર્વક સમય વ્યતીત કરતો હતો. કેટલાક વખત બાદ તેને ત્યાં એક પુત્રનો જન્મ થયો. તેનું નામ રોહક રાખ્યું. જ્યારે તે રોહક નાનો હતો ત્યારે તેની માતા મરણ પામી. પુત્રની નાની ઉંમર જોઈને તેનું પાલન-પોષણ કરવા માટે તથા પોતાની સેવા કરવા માટે ભરતે બીજું લગ્ન કર્યું. રોહક તે ઓરમાન માતાના આશ્રયે રહેવા લાગ્યો. પરન્તુ તે ઓરમાન

* આ દૃષ્ટાંતો ઔત્પાતિકી બુદ્ધિનાં છે.

માતા રોહક સાથે પ્રેમપૂર્વક વ્યવહાર કરતી ન હતી, તેથી રોહક દુઃખી થઇ ગયો. આથી રોહકે તેની માતાને કહ્યું કે માતાજી ! તમે મારી સાથે પ્રેમપૂર્વક વર્તતા નથી અને મને હંમેશા કઠોર વચનથી ઠપકો આપ્યા કરો છો તે ઠીક થતું નથી. જવાબમાં માતાએ ત્હેને કહ્યું કે છોકરા, નાની જીભે મોટી વાત કરે છે ! હું તારી સાથે સારી રીતે નહીં વર્તું, તો તું મને શું કરી નાખશે ! રોહકે કહ્યું: માતા, હું એવું કરીશ કે તમારે મારા પગે પડવું પડશે. માતાએ કહ્યું. સારૂં, તારાથી થાય તે કરી લેજે.

રોહક હવે પોતાની વાત પૂરી કરવાના સમયની રાહ જોવા લાગ્યો. એક દિવસની રાત્રે તે રોહક પોતાના પિતાની સાથે બહાર સૂઇ રહ્યો હતો. તેની માતા મકાનમાં સૂઈ રહી હતી. અર્ધી રાત્રે રોહક એકદમ બૂમો પાડવા લાગ્યો. પિતાજી, ઉઠો ઉઠો, ઘરમાંથી નીકળીને કોઇ એક પુરુષ નાસી જાય છે ! રોહકની બૂમથી ભરત એકદમ ઉઠયો અને તેણે પૂછ્યું-કયાં ! કયાં ! બાલકે કહ્યું-હમણાંજ તે અહિં થઈને ભાગ્યો છે. બાળકની વાત સાંભળીને ભરતને પોતાની સ્ત્રી દુરાચારિણી હોવાની શંકા થઇ, તેથી તેણે પોતાની સ્ત્રી સાથેનો પ્રેમસંબંધ ત્યજી દીધો. તે એટલે સુધી કે તેની સાથે બોલવાનું પણ બંધ કરી દીધું.

આ પ્રમાણે પતિને વિના કારણે કોપિત થયેલા જાણીને તે સમજી ગઈ કે આ કાવત્રુ રોહકનું જ લાગે છે. તેને પ્રસન્ન કર્યા વિના મારું કામ સફળ થશે નહિ. એમ વિચારી મીઠા વચનથી તે રોહકનો આદર કરવા લાગી અને ભવિષ્યમાં પણ પોતે તેની સાથે સદ્વ્યવહાર કરશે તેની ખાત્રી આપી. આથી રોહકે માતાને કહ્યું કે માતાજી, હવે હું એવો પ્રયત્ન કરીશ કે જેથી પિતાજીની તમારા પ્રત્યેની અપ્રસન્નતા દૂર થાય અને તેઓ તમારી સાથે પૂર્વવત્ સદ્વ્યવહાર ચાલુ રાખે.

એક દિવસ હંમેશની જેમ પોતાના પિતાની સાથે રોહક બહારના ભાગમાં સૂઈ રહ્યો હતો, તેવામાં અર્ધી રાત્રે તે જાગ્યો અને જોરથી બોલવા લાગ્યો. અરે પિતાજી, ઉઠો ઉઠો, કોઈ માણસ ઘરમાંથી નીકળીને બહાર જાય છે! બાલકની વાત સાંભળી ભરત તરતજ ઘરમાંથી તલવાર લાવી કહેવા લાગ્યો–રોહક, તે માણસ કયાં છે? હમણાં જ હું તે વ્યભિચારી માણસના આ તલવારથી ટુકડે ટુકડા કરી નાખું, ત્યારે રોહકે પોતાનો પડછાયો બતાવતાં કહ્યું: પિતાજી, તે માણસ આ છે. ભરતે કહ્યું–અરે રોહક, થોડા વખત પહેલાં તેં મને કહ્યું હતું તે આ જ માણસ હતો કે બીજો કોઈ! રોહકે કહ્યું પિતાજી, એ જ માણસ હતો. આ સાંભળી ભરતે વિચાર્યું કે ખરેખર બાલકના કહેવા માત્રથી ખાત્રી કર્યા વગર, મેં મારી સ્ત્રી સાથે અસદ વ્યવહાર કર્યો, તેમાં મારી ભૂલ થઇ છે. આ પ્રમાણે પશ્ચાતાપ કરી તે પોતાની સ્ત્રી સાથે પૂર્વવત્ પ્રેમ વ્યવહાર કરવા લાગ્યો.

હવે રોહકની અપરમાતા રોહક સાથે સારો વ્યવહાર કરવા લાગી, પરન્તુ રોહકને શંકા થઈ કે રખેને ઓરમાન મા મારું અનિષ્ઠ કરે અને કોઇ વાર કદાચ ખોરાકમાં ઝેર નાંખી મારું મૃત્યું નિપજાવે, આવી આશંકાથી રોહક હમેશાં પિતાની સાથે જ જમવા લાગ્યો અને પિતાની સાથેજ રહેવા લાગ્યો.

એક વખત ભરત કોઇ કામ પ્રસંગે ઉજ્જયિની નગરીમાં ગયો. રોહક પણ તેની સાથે ગયો. ઉજ્જયિની નગરી ખૂબ સુશોભિત હતી. તે જોઈને રોહક ખૂબ પ્રસન્ન થયો. તેણે તેના મનમાં નગરીનું આખું ચિત્ર ખેંચી લીધું. ત્યાંનું કાર્ય કરીને ભરત પોતાના ગામ તરફ પાછો ફર્યો. જ્યારે તે શહેરમાંથી નીકળીને ક્ષીપ્રા નદીને કિનારે પહોંચ્યો ત્યારે તેને એક વસ્તુ યાદ આવી એટલે તે રોહકને ત્યાં બેસાડીને પુનઃ ગામમાં આવ્યો. આ તરફ રોહકે ક્ષીપ્રા નદીના

કિનારા પરની રેતી વડે રાજમહેલ અને ગઢ સાથે આખી ઉજ્જયિની નગરીનું આબેહુબ ચિત્ર ખેંચી લીધું. સંયોગ વશાત ઘોડા પર બેસીને રાજા તે રસ્તેથી નીકળ્યો. આ જોઇને રોહક બોલ્યો—ઓ ઘોડેસવાર! આ રસ્તેથી ના જશો, ઘોડેસવારે કહ્યું કેમ! શું છે! રોહક બોલ્યો-દેખતો નથી! આ રાજભુવન છે. તેમાં કોઈ પણ દાખલ થઇ શકતો નથી.

બાલકની વાત સાંભળીને આશ્ચર્ય સાથે રાજા નીચે ઉતર્યો. બાલકના બનાવેલા રેતીના મહેલ, ગઢ, રસ્તાઓ વગેરે નિહાળી રાજા વિસ્મય પામ્યો. તેણે બાલકને પૂછયું કે તેં આ પહેલાં નગરી કદી જોઈ છે? બાલકે કહ્યું. નહિ, આજે જ હું મારા ગામેથી આવ્યો છું અને આજે પહેલી જ વાર હું નગરીને જોઉં છું. બાલકની અપૂર્વ સ્મરણ શકિત જાણીને રાજા ચકિત થઇ ગયો અને તે મનમાં ને મનમાં બાલકની બુદ્ધિની પ્રશંસા કરવા લાગ્યો.

રાજાએ પૂછયું—વત્સ, તારું નામ શું અને તું કયાં રહે છે? બાલકે કહ્યું. મારું નામ રોહક છે અને બાજુમાં નટ લોકોના ગામમાં હું રહું છું. એટલામાં રોહકના પિતા શહેરમાં ભૂલી ગયેલી વસ્તુ લઈને આવી પહોંચ્યા. રોહક પોતાના પિતાની સાથે રવાના થઇ ગયો.

રાજા પણ પોતાના મહેલમાં આવ્યો અને વિચારવા લાગ્યો કે મારા ૪૯૯ મંત્રીઓ છે, જો કોઇ અત્યંત બુદ્ધિશાળી વ્યક્તિને પ્રધાન મંત્રી બનાવવામાં આવે તો મારું રાજ્ય સુખરૂપ ચાલી શકે એવો વિચાર કરીને રાજાએ રોહકની બુદ્ધિની પરીક્ષા કરવાનો નિશ્ચય કર્યો.

## ૧ શીલા

### (શીલા)

એક દિવસ રાજાએ નટોના તે ગામમાં માણુસો મોકલીને હુકમ કરાવ્યો કે તમે બધા માણુસો મળીને રાજાને યોગ્ય એવો એક મંડપ તૈયાર કરો. મંડપ એવી ચાતુરીથી બનાવવો જોઇએ કે ગામની બહાર પડેલી પત્થરની મોટી શિલા તે મંડપની છત બનવી જોઈએ. પરન્તુ તે શિલાને ત્યાંથી ઉખેડવી નહિ તેમજ તેને ખસેડવી નહિ!

રાજાની આ આજ્ઞા સાંભળીને ગામના લોકો તર્કવિતર્કમાં પડી ગયા. ગામની બહાર એક સભા ભરીને બધા લોકો પરસ્પર વિચાર કરવા લાગ્યા કે રાજાની આ કઠણ આજ્ઞાનું પાલન કેવી રીતે કરવું? જો આજ્ઞાનું પાલન ન થાય, તો રાજા ગુસ્સે થઇને ભારે શિક્ષા કરે. આ પ્રમાણે ચિંતાગ્રસ્ત સ્થિતિમાં વિચાર કરતાં કરતાં બપોર થયું, પરન્તુ રાજાની આજ્ઞા પૂરી કરવાનો કોઈ ઉપાય જડયો નહિ.

રોહક, પોતાના પિતા વગર ભોજન ન્હોતો કરતો. તેથી ભુખથી વ્યાકૂળ બની, ગામની બહાર જ્યાં સભામાં તેના પિતા ભરત હતા ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો–પિતાજી, મને બહુ ભૂખ લાગી છે. જમવા માટે જલ્દી ઘેર આવો. ભરતે કહ્યું, બેસ! તું સુખી છે. ગામના દુઃખને તું નથી જાણતો. રોહકે પૂછ્યું, ગામ પર શું કષ્ટ આવ્યું છે! ભરતે રોહકને રાજ્યની આજ્ઞા કહી સંભળાવી. બધી વાત સાંભળીને હસતો હસતો રોહક બોલ્યોઃ પિતાજી, તમે લોકો ચિંતા ન કરો. જો ગામ પર આ જ કષ્ટ છે તો તે સહજમાં દૂર થઈ શકે છે. ગામલોકોએ પૂછ્યું, વત્સ, એ કેવી રીતે? રોહકે કહ્યું: મંડપ બનાવવા માટે શિલાની ચારે તરફની જમીન ખોદી નાખો અને યથાસ્થાને ચારે ખૂણા પર થાંભલા ઉભા કરો અને વચ્ચેની માટીને પણ ખોદી

કાઢો. પછી ચારે તરફ દિવાલ બનાવી દ્યો, એટલે મંડપ તૈયાર થઈ જશે. આ શિલાને બહાર કાઢયા વગર જ તેની છત થશે. અને એ રીતે રાજાની આજ્ઞા પૂરી થશે.

રોહકે બતાવેલો ઉપાય સૌને ઠીક લાગ્યો. તેમની ચિંતા દૂર થઈ. સઘળા લોકો ભોજન કરવા માટે પોતપોતાને ઘેર ગયા. ત્યારબાદ રોહકે બતાવેલી વિધિ મુજબ જમીન ખોદીને મંડપ બનાવવાનું કામ શરુ કર્યું. થોડા જ દિવસોમાં સુંદર મંડપ બનીને તૈયાર થયો. તે પછી તેઓએ રાજા પાસે જઇને કહ્યું. નૃપતિવર, આપની આજ્ઞા પ્રમાણે મંડપ બનીને તૈયાર થયો છે. તેના પર શિલાની છત પણ લગાવી દીધી છે. રાજાએ પૂછ્યું કેવી રીતે ? ત્યારે તેઓએ મંડપ બનાવ્યાની સાચી હકીકત કહી સંભળાવી.

રાજાએ પૂછ્યું, આ પ્રમાણે મંડપ બનાવવાની યુકિત કોણે બતાવી ? તે કોની બુદ્ધિનું કામ છે ? ગામ લોકોએ કહ્યું કે–સ્વામિન્ ભરતપુત્ર રોહકની બુદ્ધિનું આ કામ છે. તેણે જ અમને આ ઉપાય બતાવ્યો હતો. લોકોની વાત સાંભળીને રાજા ખૂબ ખુશી થયો.

---

## ૩ ઘેટાનું વજન

(મેષનું દૃષ્ટાંત)

કેટલાક દિવસો પછી રાજાએ રોહકની બુદ્ધિની પરીક્ષા કરવા માટે એક ઘેટું મોકલ્યું. અને ગામવાળાને એવી આજ્ઞા કરી કે, પંદર દિવસ પછી, હું આ ઘેટાને પાછું મંગાવીશ પણ આજે તેનું જેટલું વજન છે તેટલું જ વજન પંદર દિવસ પછી તેનું રહેવું જોઇએ, ઘેટું વજનમાં ન વધવું જોઇએ તેમ ન ઘટવું જોઇએ.

રાજાની આ વાત સાંભળીને ગામ લોકો ફરી ચિંતામાં પડી ગયા. તેઓ વિચારવા લાગ્યા કે આ શી રીતે બને ! જો ઘેટાંને ખાવા

માટે આપીએ તો વજનમાં વધે અને જો ખાવાનું ન આપીએ તો વજનમાં ઘટે. રાજાની આ આજ્ઞા ભારે વિચિત્ર છે, તેનું કેવી રીતે પાલન કરવું ? આ પ્રમાણે ગામ લોકો ચિંતામાં પડી ગયા. રાજાની આજ્ઞા પૂરી કરવાનો તેમને કોઈ ઉપાય ન સૂઝયો. તે લોકો રોહકની બુદ્ધિનો ચમત્કાર જોઈ ચૂકયા હતા. તેથી તેઓએ રોહકને બોલાવ્યો અને કહ્યું કે–વત્સ, તેં તારા બુદ્ધિબળથી પહેલાં પણ ગામનું દુઃખ દૂર કર્યું હતું. આજે ફરીથી ગામ પર દુઃખ આવી પડયું છે. તમે તમારી બુદ્ધિથી તે દૂર કરો.

આ પ્રમાણે કહીને તેમણે રોહકને રાજાની આજ્ઞા કહી સંભળાવી. રોહકે કહ્યુંઃ એમાં શી મોટી વાત છે! ખાવા માટે ઘેટાને યથા સમયે ઘાસ પાણી આદિ આપ્યા કરો. પણ તેની સામે એક વાઘને બાંધી રાખો, યથા સમયે તેને આપવામાં આવેલું ભોજન તેના વજનમાં થોડો વધારો કરશે, પરન્તુ તેની સામે ઉભેલા વાઘની બીકથી તેનું વજન પાછું હતું તેટલું થઈ જશે અર્થાત્ વજન વધશે નહિ અને ઘટશે પણ નહિં.

રોહકની વાત સૌને પસંદ પડી. તેઓએ રોહકના કહેવા પ્રમાણે ઘેટાની વ્યવસ્થા કરી દીધી. પંદર દિવસ પછી ગામ લોકોએ તે ઘેટાને રાજાની પાસે મોકલી દીધું. રાજાએ તેને તોળી જોયું તો તેનું વજન પંદર દિન પહેલાં જેટલું હતું તેટલું જ થયું. રાજાના પૂછવાથી ગામ લોકોએ બધી હકીકત કહી. રાજા, રોહકની બુદ્ધિથી ખૂબ ખુશી થયો.

---

## ૪ કુકડાનું યુદ્ધ

(કુકડાનું દૃષ્ટાંત)

રોહકની બુદ્ધિની પરીક્ષા કરવા માટે, કેટલાક દિવસો બાદ, રાજાએ ગામલોકો પાસે એક કુકડો મોકલ્યો. અને કહેવડાવ્યું કે

બીજા કુકડાની સહાય વગરજ આ કુકડાને લડવાનું શીખવો અને તેને લડવૈયો બનાવીને અમને પાછો મોકલી આપો.

રાજાના હુકમનું પાલન કરવા માટે ગામ લોકો ભેગા થયા અને પરસ્પર વિચાર વિનિયમ કરવા લાગ્યા. પરન્તુ તેમને કોઈ ઉપાય સૂઝયો નહિ, તેથી તેઓએ આ બાબતમાં રોહકને બોલાવીને તેની સલાહ લીધી. રોહકે કહ્યું: આ કુકડાની સામે એક મોટું દર્પણ મૂકો. અરીસામાં પોતાનું પ્રતિબિંબ જોઈને તે કુકડો બીજો કુકડો પણ છે તેમ સમજશે અને તેની સાથે લડવા લાગશે. એ રીતે તે લડાયક બની જશે.

ગામલોકોએ રોહકના કહેવા પ્રમાણે કર્યું. આ રીતે થોડાજ દિવસોમાં તે કુકડો લડાયક બની ગયો. પછી તે કુકડાને રાજા પાસે મોકલી દીધો. આ જાણીને રાજા ખૂબ પ્રસન્ન થયો. તેણે રોહકની અગમ બુદ્ધિ માટે પ્રશંસા કરી.

## ૫ તલની ગણત્રી

### (તલનું દૃષ્ટાંત)

કેટલાક દિવસો બાદ રાજાએ તલના ભરેલાં કેટલાક ગાડાં તે ગામના લોકો પાસે મોકલ્યા અને કહેવડાવ્યું કે—આમાં કેટલા તલ છે? તેની સંખ્યા જલ્દી બતાવો.

રાજાની આ આજ્ઞા સાંભળીને બધા ગામલોકો ચિંતામાં પડી ગયા. તેઓ વિચારવા લાગ્યા કે, તલનું વજન કરીને કહી શકાય પરન્તુ તેની ગણત્રી કેવી રીતે કરી શકાય? તેમને કોઈ ઉપાય સૂઝ્યો નહિ ત્યારે તેમણે રોહકને બોલાવીને આ બાબતમાં પૂછ્યું ત્યારે રોહકે કહ્યું:– તમે બધા રાજા પાસે જાઓ અને કહો કે સ્વા-

મિન્! અમે ગણિત શાસ્ત્રી નથી, કે જેથી આ તલની ગણત્રી કરી આપીએ, પરન્તુ આપની આજ્ઞા માથે ચઢાવીને કહીએ છીએ કે, આકાશમાં જેટલા તારા છે તેટલીજ સંખ્યામાં આ તલના દાણા છે. જો આપને વિશ્વાસ ન આવે, તો રાજપુરુષો મારફત તલની અને તારાની ગણત્રી કરાવી લો. જેથી આપને ખબર પડી જશે.

લોકોને રોહકની વાત બરાબર લાગી. તેઓએ રાજા પાસે જઇને રોહકે બતાવ્યા પ્રમાણે હકીકત કીધી, તેમનો ઉત્તર સાંભળીને રાજા આશ્ચર્ય પામી ગયો. તેણે પૂછ્યું. આ જવાબ તમને કોણે બતાવ્યો? લોકોએ કહ્યું કે રોહકે. આ સાંભળીને રાજા ઘણો પ્રસન્ન થયો.

---

## ૬ રેતીની દોરી

### ( રેતીનું દૃષ્ટાંત )

થોડા સમય બાદ, રાજાએ ગામવાળાને એમ કહેવડાવ્યું કે, તમારા ગામ પાસે જે નદી છે તેની રેતી બહુ સુંદર છે. તે રેતીની એક દોરી બનાવીને જલ્દી મને મોકલી આપો.

રાજાની આ વાત સાંભળીને ગામ લોકો ખૂબ વિમાસણમાં પડી ગયા. આ બાબતમાં તેમણે રોહકને પૂછ્યું: રોહકે કહ્યું:—તમે રાજા પાસે જઇને, અરજ કરો કે સ્વામિન્, અમે તો નટ લોકો છીએ અને નૃત્ય કામ જાણીએ છીએ- અમે દોરડાં બનાવવાનું કામ જાણતા નથી. પરન્તુ આપના હુકમને માન આપવાની અમારી ફરજ છે. તેથી અમારી વિનંતી છે કે, રાજભંડાર તો ઘણો પ્રાચીન છે. તેમાં રેતીની બનાવેલી કોઈ જુની દોરી હોય તો નમુના તરીકે અમને આપો, અમે તે જોઇને તે પ્રમાણે રેતીની નવી દોરી બનાવીને આપને મોકલી આપીશું.

ગામલોકોએ રાજા પાસે જઇને રોહકના કહેવા પ્રમાણે કહ્યું. આ ઉત્તર સાંભળીને રાજા શરમાઈ ગયો અને પૂછ્યું:–તમને આ યુક્તિ કોણે બતાવી ? લોકોએ રોહકનું નામ આપ્યું. રોહકની બુદ્ધિથી રાજા ખૂબ ખુશી થયો.

---

## ૭ હાથીનું મૃત્યુ

### ( હાથીનું દૃષ્ટાંત )

એક વખત રાજાએ એક વૃદ્ધ અને બિમાર હાથીને ગામ લોકો પાસે મોકલાવ્યો. અને હુકમ કર્યો કે, મને હાથીની દિનચર્યાના ખબર હમેશાં આપતા રહેવું. પરન્તુ "હાથી મરી ગયો છે" એવી ખબર મને નહિં આપતા, નહિતો તમને ભારે શિક્ષા કરવામાં આવશે.

ગામલોકો હાથીને ઘાસ, અનાજ વગેરે હંમેશાં સારી રીતે આપીને તેની સારવાર કરવા લાગ્યા અને હંમેશ રાજાને હાથીની તંદુરસ્તીના સમાચાર આપવા લાગ્યા. પરન્તુ હાથીની બિમારી ખૂબ વધી ગઈ હતી. તેથી તે હાથી થોડાજ દિવસોમાં મૃત્યુ પામ્યો. હવે બધા લોકો ભેગા થયા અને વિચારવા લાગ્યા કે, રાજાને હાથી મરી ગયાની ખબર કેવી રીતે આપવી ? ઘણો વિચાર કર્યા પછી તેમને કોઈ ઉપાય જડયો નહિ. તેઓ ખૂબ ચિંતાગ્રસ્ત થયા. છેવટે રોહકને બોલાવીને આ હકીકત કહી. રોહકે તરત જ તેમને એક યુક્તિ બતાવી, જેનાથી બધા લોકોની ચિંતા દૂર થઈ.

રાજા પાસે જઇને લોકોએ નિવેદન કર્યું કે સ્વામિન ! આજે હાથી ઉઠતો નથી, બેસતો નથી, પીતો નથી, હાલતો નથી, ચાલતો નથી, તે એટલે સુધી રાજન્ કે તે હાથી શ્વાસોશ્વાસ પણ લેતો નથી. વધારે શું કહીએ ? આજે તેનામાં સચેતનતાનું એક ચિહ્ન

પણ દેખાતું નથી. રાજાએ પૂછ્યું:–"તો શું હાથી મરી ગયો છે ?" ગામે લોકોએ કહ્યું–મહારાજ ! આપ જ એમ કહી શકો છો, અમે કહી શકતા નથી. ગામલોકનું કહેવું સાંભળીને રાજા નિરુત્તર રહ્યો. રાજાએ આ પ્રકારની યુક્તિ બતાવનારનું નામ પૂછ્યું ત્યારે ગામ-લોકોએ રોહકનું નામ આપ્યું. આ સાંભળી રાજા ઘણો ખુશી થયો.

---

## ૮ કુવો મંગાવવો

### ( અગડ–કૂપદૃષ્ટાંત )

કેટલાક દિવસો પછી રાજાએ ગામલોકોને એવો હુકમ કર્યો કે, તમારા ગામમાં એક મીઠા પાણીનો કુવો છે. તેને મારી ઉજ્જયિની નગરીમાં મોકલી આપો.

રાજાનો આ હુકમ સાંભળીને સઘળા લોકો આશ્ચર્યચકિત બની ગયા. તેઓ બધા વિચાર કરવા લાગ્યા કે રાજાના આ હુકમનું પાલન કેવી રીતે કરવું ? આ બાબતમાં પણ તેમણે રોહકની સલાહ લીધી. રોહકે તેમને એક યુકિત બતાવી. તે મુજબ લોકોએ રાજા પાસે જઇને કહ્યું કે સ્વામિન્ ! ગામડાના માણસો સ્વાભાવિક રીતેજ બીકણુ હોય છે. તેથી અમારો ગ્રામ્યકૂવો પણુ બીકણુ છે. તે પોતાના જાતીય ભાઈ સિવાય કોઇનો વિશ્વાસ કરતો નથી. એટલા માટે અમારા ગામના કૂવાને લઈ જવા માટે કોઈ શહેરના કૂવાને અમારી પાસે મોકલાવી દ્યો, તેના પર વિશ્વાસ મૂકીને અમારા ગામનો કૂવો તેની સાથે સાથે આપના શહેરમાં આવશે. ગામવાળાની આ વાત સાંભળીને રાજા ચૂપ થઈ ગયો. તેણે પૂછ્યું: આ યુક્તિ તમને કોણે બતાવી ? ત્યારે ગામ લોકોએ કહ્યું–રોહકે. આ સાંભળી રાજા રોહકની બુદ્ધિને ધન્યવાદ આપવા લાગ્યો.

---

## ૯ બગીચાની દિશા બદલવી

### ( વનખંડ દષ્ટાંત )

કેટલાક દિવસો પછી, રાજાએ ગામલોકોને એવી આજ્ઞા કરી કે, તમારા ગામની પૂર્વદિશામાં એક વનખંડ (બગીચો) છે તેને પશ્ચિમ દિશામાં કરી દો.

રાજાની આજ્ઞા સાંભળી લોકો ચિંતામાં પડી ગયા. આ વિષય માં લોકોએ રોહકને પૂછયું. રોહકે તેમને એક યુક્તિ બતાવી. તે પ્રમાણે ગામના લોકો તે બગીચાની પૂર્વદિશામાં મકાન બનાવી ત્યાં રહેવા લાગ્યા. આ પ્રમાણે રાજાજ્ઞા પુરી થયેલી જાણી રાજાના માણસોએ રાજાને વાત કરી. ત્યારે રાજાએ પૂછ્યું કે ગામલોકોને આ યુક્તિ કોણે બતાવી ? રાજાના માણસોએ કહ્યું કે રોહક નામના એક બાલકે તેમને આ યુક્તિ બતાવી હતી. આ સાંભળીને રાજા અતિ પ્રસન્ન થયો.

---

## ૧૦ ખીર બનાવવી

### (પાયસ દષ્ટાંત)

એક સમયે રાજાએ ગામના લોકો પાસે એવો હુકમ મોકલ્યો કે, વગર અગ્નિએ ખીર પકાવીને રાજા પાસે મોકલો.

રાજાનો વિચિત્ર હુકમ સાંભળીને લોકો ચિંતામાં પડી ગયા. આ બાબતમાં તેઓએ રોહકને પૂછ્યું ત્યારે રોહકે કહ્યું: "પ્રથમ ચોખાને પાણીમાં ખૂબ સારી રીતે પલાળો, પછી ગરમ કરેલા દૂધમાં તે ચોખા નાખી દો. પછી સૂર્યનાં કિરણોથી ખૂબ ગરમ થયેલા કોલસા- પર અથવા ચૂનાના પત્થર પર ચોખાના તે વાસણને મૂકો, તેનાથી ખીર પાકીને તૈયાર થઇ જશે. લોકોએ રોહકના કહેવા

પ્રમાણે કામ કર્યું. પરિણામે ખીર પાકીને તૈયાર થઈ ગઈ. તેને લઈને ગામલોકો રાજા પાસે ગયા અને તૈયાર થયેલી તે ખીર રાજા સન્મુખ રજુ કરી. રાજાએ પૂછયું—અગ્નિ વગર આ ખીર કેવી રીતે પકવી શકાય ? લોકોએ ખીર તૈયાર કર્યાની વિધિ બતાવી. સાથે સાથે રોહકે પોતાને આ યુક્તિ બતાવ્યાનું કહ્યું, તે સાંભળીને રાજા અતિ પ્રસન્ન થયો. તેણે મનોમન રોહકને ધન્યવાદ આપ્યો.

---

## ૧૧ રોહકનું ઉજ્જયિનીમાં આગમન

### (અંતિમ દૃષ્ટાંત)

રોહકે પોતાની તીવ્ર (ઔત્પાતિકી) બુદ્ધિ અનુસારે રાજાની બધી આજ્ઞાઓ પૂરી કરી દીધી. તેથી રાજા ઘણો ખુશી થયો. તેમણે રાજપુરૂષોને મોકલી રોહકને પોતાની પાસે બોલાવ્યો. તે સાથે રાજાએ રોહકને એવી આજ્ઞા કરી કે—તારે શુકલ પક્ષમાં કે કૃષ્ણ પક્ષમાં રાજમહેલમાં પ્રવેશ ન કરવો, તેમજ તારે રાત્રે કે દિવસે ન આવવું, તડકામાં પણ ન આવવું અને છાંયડામાં પણ ન આવવું, આકાશથી ન આવવું, પગે ચાલીને ન આવવું, તેમ જાહેર રસ્તા પરથી ન આવવું, અને ઉન્માર્ગેથી પણ ન આવવું, સ્નાન કરીને ન આવવું, તેમ સ્નાન કર્યા વિના પણ ન આવવું, ખાલી હાથે ન આવવું તેમ ભર્યા હાથે પણ ન આવવું. છત્ર સહિત ન આવવું અને છત્ર વિના પણ ન આવવું, પણ આવવું તો ખરૂં જ.

રાજાની આ આજ્ઞા સાંભળીને રોહકે ગળા સુધી સ્નાન કર્યું, પછી અમાવાસ્યા અને એકમના સંયોગમાં, સંધ્યા સમયે, માથા પર ચાલણીનું છત્ર ધારણ કરીને, ઘેટા પર બેસીને, ગાડાના પૈડાના વચ્ચેના માર્ગે, હાથમાં માટીનું ઢેફું લઈને તે રાજા પાસે આવ્યો. તેણે રાજાને વિનય પૂર્વક નમસ્કાર કર્યા. અને તેમની સામે માટીનું

ઢેફું મૂકયું. રાજાએ પૂછયું રોહક, આ શું છે ? રોહકે કહ્યું: મહા-રાજા ? આપ પૃથ્વીપતિ છો એટલા માટે હું પૃથ્વી લાવ્યો છું. ફરી રાજાએ પૂછયું: તું મારી પાસે મારી આજ્ઞા પ્રમાણે બરાબર આવ્યો છું કે અન્ય રીતે આવ્યો છું ! તે કહે.

ત્યારે રોહકે કહ્યું કે–હું દિવસે નથી આવ્યો તેમ રાત્રે પણ નથી આવ્યો, પરન્તુ સંધ્યાકાળે આવ્યો છું. (૨) હું કૃષ્ણપક્ષમાં નથી આવ્યો, અને શુકલ પક્ષમાં પણ નથી આવ્યો, પરંતુ અમા-વાસ્યા અને પ્રતિપદાનો સંગમ હતો તે વખતે આવ્યો છું, અને (૩) હું તડકામાં નથી આવ્યો અને છાંયડામાં પણ નથી આવ્યો, અર્થાત્ દિવસ–સાંજનો સમય, ન તડકાનો છે, ન છાંયડાનો છે, (૪) છત્ર સહિત નથી આવ્યો તેમ છત્ર રહિત નથી આવ્યો, પણ માથા પર ચાલણી મૂકીને આવ્યો છું એટલે છત્ર સહિત કે રહિત કેવી કહી શકાય (૫) હું વાહનમાં નથી આવ્યો તેમ પગપાળા પણ નથી આવ્યો, પરન્તુ ઘેટા પર બેસીને આવ્યો છું (૬) હું માર્ગ પરથી નથી આવ્યો અને અમાર્ગ પરથી પણ નથી આવ્યો, પરંતુ પગદંડી પરથી આવ્યો છું, કારણ કે તે માર્ગ હાથી ઘોડાની અવર જવર વગરનો હોવાથી, માર્ગ ન ગણાય અને પગદંડી હોવાથી અમાર્ગ પણ ન ગણાય (૭) હું સ્નાન કરીને કે સ્નાન કર્યા વગર નથી આવ્યો કેમ કે મેં ગળા સુધી જ સ્નાન કર્યું છે એટલે આપની આજ્ઞાનો મેં ભંગ કર્યો નથી. (૮) હું ખાલી હાથે નથી આવ્યો તેમ ભર્યા હાથે પણ નથી આવ્યો. હાથમાં માટીનું ઢેફું લઇને આવ્યો છું, જે વસ્તુ તુચ્છ હોવાથી ખાલી હાથે કે ભર્યા હાથે આવ્યાનું કહી શકાય નહિ.

આ સાંભળી રાજા અત્યંત પ્રસન્ન થયો અને તેણે રોહકને પોતાની પાસે રાખી ગામ લોકોને સન્માનપૂર્વક વિદાય કર્યા.

# ૧૨ બકરીની લીંડીઓ

## ( અઇયા—અજા દૃષ્ટાંત )

સંતુષ્ટ થયેલ રાજાએ રોહકને પોતાની પાસે સુવાડયો અને બીજા જે લોકો હતા તેમને અહીં તહીં સુવાડયા. જ્યારે રાત્રીનો પહેલો પહોર પસાર થયો ત્યારે રાજાએ રોહકને કહ્યું. રોહક! તું જાગે છે કે ઉંઘે છે? રોહકે જવાબ આપ્યો, મહારાજ! જાગું છું. જવાબ સાંભળીને રાજાએ ફરી પૂછયું—જાગતો જાગતો શો વિચાર કરે છે! રોહકે કહ્યું. મહારાજ! શું બતાવું? ઘણો જ સરસ વિચાર કરી રહ્યો છું. તે એ છે કે—બકરીના પેટમાં યંત્ર વડે બની હોય તેવી જે ગોળ ગોળ ગોળીઓ—લીંડીઓ હોય છે તે કેવી રીતે બનતી હશે? રાજાએ રોહકની આ વાત સાંભળીને કંઇ પણ જવાબ ન આપતાં તેને જ પૂછયું: રોહક! તું જ કહે. રોહકે કહ્યું, મહારાજ, સાંભળો—બકરીના પેટમાં એક જાતનો સંવર્તક વાયુ હોય છે, જેથી તેના પેટમાં ગોળ ગોળ લીંડીઓ બને છે. આ જવાબથી રાજા પ્રસન્ન થયો. પછી રોહક ઊંઘી ગયો.

---

# ૧૩ પીપળાનું પાન

## ( પત્ર દૃષ્ટાંત )

રાજાની પાસે સૂતેલા રોહકને બે પહોર પસાર થતાં રાજાએ કહ્યું. રોહક, જાગે છે કે સૂઈ ગયો છે! રોહકે તે સાંભળીને જવાબ આપ્યો, મહારાજ, જાગું છું. "તો પછી જાગતો જાગતો તું શો વિચાર કરી રહ્યો છે?" રાજાએ કહ્યું, ત્યારે રોહકે જવાબ આપ્યો કે મહારાજ! હું એવો વિચાર કરું છું કે પીપળાના પાનનો દંડ (પાછળનો ભાગ) મોટો હોય છે કે તેનો શીખા રૂપ આગળનો ભાગ મોટો હોય છે? આ સાંભળી રાજા પણ વિચારમાં પડયો. તેણે રોહકને કહ્યું કે—રોહક, આ બાબતનો ખુલાસો તું જ કર.

કેમ કે મને આમાં કંઈ સમજાતું નથી, ત્યારે રોહકે કહ્યું. મહારાજા! જુઓ–" જ્યાં સુધી આ પીપળાના પાનનો આગળનો ભાગ સૂકાતો નથી ત્યાં સુધી બંને સરખાં જ હોય છે. રોહકની આ વાત સાંભળી રાજાએ પોતાની પાસે રહેલા માણસોને પૂછયું કે રોહકની આ વાત સત્ય છે કે અસત્ય છે! ત્યારે પાસે રહેલા માણસોએ કહ્યું કે રાજન્ રોહકની વાત સત્ય છે. આથી રાજા ખુશી થયો અને રોહક પાછો સૂઈ ગયો.

---

## ૧૪ ખીસકોલીની પુંછડી

### (ખાડહિલાનું દૃષ્ટાંત)

રાત્રીનો ત્રીજો પ્રહર જ્યારે પસાર થયો ત્યારે રાજાએ રોહકને ફરી પૂછ્યું કે અરે રોહક! તું જાગે છે કે ઊંઘે છે? રોહકે કહ્યું. મહારાજ, જાગું છું. રાજાએ ફરી પૂછ્યું તો તું અત્યારે શો વિચાર કરી રહ્યો છે? ત્યારે રોહકે જવાબ આપ્યો, રાજન્ હું અત્યારે એ વિચારી રહ્યો છું કે, ખિસકોલી નામનું જે પંચેન્દ્રિય પ્રાણી હોય છે તેનું શરીર જેવડું છે તેવડી જ તેની પૂંછડી હોય છે કે તેના શરીર કરતાં પુંછડી ટૂંકી હોય છે કે લાંબી હોય છે? જો આ બાબતમાં આપ જાણતા હો તો કૃપા કરીને મને કહો. રાજાએ રોહકની વાત સાંભળીને કહ્યું. હું પોતે તે વાતનો નિર્ણય કરી શકતો નથી, માટે તે તારે જ કહેવું પડશે. રોહકે તરત જ જવાબ આપ્યો. મહારાજ, ખીસકોલીનું શરીર અને પુંછડી બંને સરખાં હોય છે, લાંબા ટૂંકા હોતા નથી. એટલું કહીને રોહક પાછો સૂઈ ગયો.

---

# ૧૫ પાંચ પિતા

## (પંચ પિતૃકનું દૃષ્ટાંત)

રાત્રી લગભગ પૂરી થઈ હતી. પ્રભાતકાળનાં સૂચક વાજિંત્રોનો ધ્વનિ કર્ણેન્દ્રિયને આકર્ષી રહ્યો હતો. રાજાએ જાગીને, સૂતેલા રોહકને જગાડવા માંડયો, પણ તે જાગ્યો નહિ, ત્યારે રાજાએ સૂતેલા રોહકના શરીર પર કાંસકીના દાંતાઓનો સ્પર્શ કરાવ્યો, એટલે તે જાગી ગયો, પણ ત્યાં ને ત્યાં પડયો રહ્યો, એટલે રાજાએ તેને પૂછ્યું રોહક, તું જાગે છે કે ઉંઘે છે ! રોહકે જવાબ આપ્યો:-મહારાજ, જાગું છું. રાજાએ પૂછ્યું.શો વિચાર કરે છે ? રોહકે કહ્યું. શું કહું ! રાજાએ કહ્યું. કંઈક તો કહે. રોહકે કહ્યું. જો કહીશ તો તમે નારાજ થશો. રાજાએ કહ્યું ! કહે, નારાજ નહીં થઉં. રોહકે કહ્યું. સાંભળો :–

અત્યારે હું એ વિચાર કરી રહ્યો છું કે આપને પિતા કેટલા છે ? રાજાને રોહકના આ વિચાર પર થોડી શરમ જેવું લાગ્યું. પણ તે તેણે જણાવા દીધું નહિ. થોડીવાર મૌન રહીને રાજાએ રોહકને પૂછ્યું. " મારે કેટલા પિતાછે ? રોહકે કહ્યું. આપને પાંચ પિતા છે. રાજાએ પૂછ્યું. તેઓ કોણકોણ છે તે કહે. ત્યારે રોહકે કહ્યું સાંભળો. એક આપના પિતા વૈશ્રમણ છે કારણકે આપનામાં વૈશ્રમણ જેવી દાનશક્તિના દર્શન થાય છે. (૨)આપનો બીજો પિતા ચાંડાલ છે. કારણકે શત્રુઓના સમૂહ વચ્ચે આપનામાં ચાંડાલ જેવો ક્રોધ નજરે પડે છે. (૩)આપનો ત્રીજો પિતા ધોબી છે. કારણકે જેમ ધોબી વસ્ત્રને પછાડીને તેનો મેલ દૂર કરે છે, તેવીજ રીતે આપ પણ અપરાધીને પછાડી પછાડીને તેના સર્વસ્વ રૂપ મેલનું હરણ કરો છો. (૪) આપનો ચોથો પિતા વીંછી છે. જેમ વીંછી સૂતેલી વ્યક્તિને નિર્દય થઈને ડંખ મારી દુ:ખ આપે છે તેમ આપે પણ મારા જેવા સૂતેલા બાળકના શરીરે કાંસકી ભોંકીને દુ:ખ આપ્યું

છે, (૫) આપના પાંચમા પિતા, એ છે કે જેમણે આપને જન્મ આપ્યો છે. કારણ કે તેમની જેમ આપ પણ આપની પ્રજાનું ન્યાય–નીતિ પૂર્વક પાલન કરી રહ્યા છો.

આ વાત સાંભળીને રાજા ચૂપ થઈ ગયો. અને જિનનું સ્મરણ કરી, પ્રાતઃ કાર્યથી પરવારી પોતાની માતા પાસે ચાલ્યો ગયો. ત્યાં જઈને તેણે માતાને વંદન કર્યું અને એકાંત જોઈને પૂછયું: હે માતા, હું કેટલા પિતાનો પુત્ર છું? આ સાંભળી માતાએ કહ્યું, દીકરા! આમાં પૂછવા જેવું શું છે? તું તારા પિતાનો જ પુત્ર છું. ત્યારબાદ રોહકે જે પાંચ પિતાની વાત કહી સંભળાની હતી તે વાત રાજાએ પોતાની મતાને કહી. અને કહ્યું કે, મા! સામાન્ય રીતે રોહકની બધી વાતો સાચી હોય છે, તો તમે મને સાચે સાચું કહો. રોહકે મને એવું શા માટે કહ્યું હશે? આ પ્રમાણે તેણે માતાને વારંવાર પૂછયું ત્યારે માતાએ જવાબ આપ્યો:–

બેટા! સાંભળ, જે સમયે મારી કુંખે તારો જન્મ થયો તે જ દિવસે પ્રાતઃ કાળે તારા પિતાની પાસે મેં વૈશ્રમણ જેવા પરમ ઉદાર નગરશેઠ જિન દત્તને જોયા હતા તથા તે જ સમયે મેં ચાંડાલ, ધોબી અને વીંછીને પણ જોયાં હતાં, એ રીતે ત પાંચેયને જોવાથી, તેમના તે તે સંસ્કારો તારામાં ઉતર્યા છે. રોહકે તને જોઈને, તે કારણે જ એવું કહ્યું છે."

માતાની આ વાત સાંભળીને રાજાના મનમાં રોહકની બુદ્ધિ માટે ભારે માન પેદા થયું. પછી રાજા માતાને નમન કરીને સ્વસ્થાને ચાલ્યો ગયો. રોહકની આ ચતુરાઈ જોઈને રાજાએ રોહકને પોતાને ત્યાં મુખ્ય પ્રધાન તરીકે રાખી લીધો.

# ૧૬ ચિભડાંની શરત

## ( પણિત દષ્ટાંત )

કોઇ એક ગામડાનો ખેડૂત ઘણાં ચીભડાં લઈને વેચવા માટે શહેરના દરવાજા પાસે આવ્યો, તે જોઇને શહેરના એક ધૂતારાએ તેને કહ્યું: શું એક માણસ તારા બધાં ચીભડા ખાઈ શકતો નથી ? ખેડૂતે કહ્યું ના, એક માણસ બધા ચિભડાં ન જ ખાઈ શકે, ત્યારે ધૂતારાએ કહ્યું: જો ખાઈ જાય તો ? ખેડૂતે કહ્યું. એવો સમર્થ માણસ કોણ હોય ? ધૂતારાએ કહ્યું, હું પોતે જ. જો હું આ બધા ચિભડાં ખાઈ જઉં તો તું મને શું ઇનામ આપીશ ? ધૂતારાની આ વાતને અસંભવિત માનીને ગામડીયાએ કહ્યું: જો તમે બધા ચિભડાં ખાઇ જાઓ તો તમને હું ઇનામમાં એવડો મોટો લાડુ આપીશ કે જે આ દરવાજામાં પેસી શકશે નહિ.

આ રીતે તે બંનેએ કોઇ એક માણસને પોત પોતાની પ્રતિજ્ઞાનો સાક્ષી બનાવ્યો. હવે તે ધૂતારાએ તે ખેડૂતના બધા ચિભડાં થોડાં થોડાં ખાઇને એઠાં કરી નાખ્યા. અને એક તરફ મૂકી દીધાં. પછી તેણે કહ્યું: જો ખેડૂત, મેં તારા બધાં ચિભડાં ખાઈ લીધાં. તેથી તારી શરત પ્રમાણેનો તું મને એક લાડુ આપ. ગામડીયાએ કહ્યું: શા માટે આપું ? તમે બધાં ચિભડાં ખાધા નથી. ખાઇ ગયા પછી લાડુ આપવાની શરત છે. ધૂતારાએ કહ્યું: વાહ ! ભાઈ ! વાહ ! કોણ કહે છે કે મેં તારા બધાં ચિભડાં ખાધાં નથી ! જો તને એ વાત મંજુર ન હોય તો તું આ ચીભડાને વેચવા માટે બજારમાં લઇ જા, પછી જોજે, તને ખાત્રી થશે કે મેં તારા આ બધાં ચિભડાં ખાધા છે કે નહિં ?

ખેડૂતે તે નાગરિક ધૂતારાની વાત માન્ય કરી. હવે તેઓ બંને તે ચિભડાંને લઇને બજારમાં આવ્યા. અને ત્યાં તેનો ઢગલો કરીને વેચવા લાગ્યા. ગ્રાહકોએ ત્યાં આવીને એવું કહેવા માંડયું કે,

આ બધાં ચિભડાં તો કોઇએ ખાધેલાં છે એમ સાંભળતાં જ તે ધૂતારાએ તે ખેડૂતને કહ્યું: જો ભાઇ! આ બધા લોકો શું કહે છે? ધુતારાના એ વચનો સાંભળીને તે ગામડીયો ખેડૂત ક્ષોભ પામ્યો અને વિચારવા લાગ્યો કે હવે એવડો મોટો લાડવો હું આ માણસને કયાંથી લાવીને આપું! આ પ્રકારની ચિંતાથી વ્યાકૂળ થઇને તે ખેડૂતે તે ધૂતારાથી પોતાનો બચાવ કરવા માટે કહ્યું. ભાઇ, તમે તેના બદલામાં મારી પાસેથી એક રૂપિયો લ્યો, પણ ધૂતારાએ તેની આ વાત મંજુર ન કરી. છેવટે વધતાં વધતાં તે ભોળા ખેડૂતે તેને સો રૂપિયા આપવાનું કહ્યું. પણ વધારે લેવાની ઈચ્છાથી ધૂતારાએ તે રકમ લેવાની ના પાડી. ગામડીયાએ વિચાર્યું. ભારે મુશ્કેલી ઉભી થઇ છે. હવે શું કરું! ખેર, હાથીને હાથીજ ખસેડી શકે છે એ કહેવત મુજબ આ ધુતારાને શહેરનો બીજો કોઇ ધૂતારો જ સમજાવી શકશે એમ વિચારીને તેણે ધૂતારાને કહ્યું કે તમે થોડી વાર અહિં થોભો જાવ, તમે જે માગશો તે આપીશ.

આવો વિચાર કરીને તે ખેડૂત શહેરમાં ગયો અને શહેરના કોઇ બીજા ધૂતારાને મળ્યો અને બનેલી હકીકત કહી સંભળાવી. બીજા ધૂતારાએ આ ખેડૂતને એક યુક્તિ બતાવી. તે પ્રમાણે તે ખેડૂત એક કંદોઇની દુકાનેથી એક મોટો લાડુ લઇ આવ્યો અને તે પેલા ધૂતારા પાસે પહોંચ્યો. તથા શરતનો જે સાક્ષી હતો તેને પણ બોલાવ્યો. એ બધાની સામે તેણે લાડુને દરવાજાની એક તરફ મૂકયો અને કહેવા લાગ્યો હે લાડુ, જા, જા, પણ તે લાડુ તે જગ્યાએથી ખસ્યો નહિં, ત્યારે ગામડીયાએ સાક્ષીઓની સામે એમ કહ્યું કે મેં તમારી સમક્ષ એવી પ્રતિજ્ઞા કરી હતી કે જો હું હારીશ તો આ નગરના દરવાજામાંથી નહિં નીકળે તેવો મોટો લાડુ આપીશ. તો આ લાડુ અહિંથી ચાલતો નથી તો આપ તેને લઇ લો. તેની આ વાતની સાક્ષીઓએ તથા નાગરિકોએ પ્રશંસા કરી અને તેની

વાતને પણ માન્ય કરી. આ રીતે તે ખેડૂતે ઔત્પાતિક બુદ્ધિ વડે તે નાગરિક ધૂતારાને હરાવ્યો અને તે પોતાને ઘેર ગયો.

## ૧૭ વાંદરાઓ પાસેથી કેરીઓ લેવી

(વૃક્ષ દષ્ટાંત)

એક વનમાં આંબાના ઘણાં ઝાડ હતાં. તેના ઉપર ઘણા વાંદરાઓ રહેતા હતા. ફળ પાકવાની ઋતુમાં તે વૃક્ષો પર કેરીઓ થતી, તે જોઇને ત્યાંથી પસાર થતા મુસાફરોને તે કેરીઓ ખાવા માટે મન લલચાતું, પણ કરે શું ? કારણ કે તે વૃક્ષો ઉપર સંખ્યાબંધ વાંદરાઓ રહેતા હતા તેથી રાહગીરો તે આંબાના ફળને ખાઈ શકતા ન હતા. પછી તેમણે પોતાની બુદ્ધિથી તે ફળો મેળવવાની યુકિત શોધી કાઢી. તેઓ બધા વાંદરાઓને પત્થર મારવા લાગ્યા, ત્યારે વાંદરાઓ તે વૃક્ષોનાં ફળો (કેરીઓ) તોડી તોડીને તે રાહગીરોને મારવાની ભાવનાથી ફેંકવા લાગ્યા, આ રીતે રાહગીરોને વગર મહેનતે કેરીઓ ખાવા માટે મળી ગઈ. આ પણ ઔત્પાતિક બુદ્ધિનું જ પરિણામ છે.

## ૧૮ કુવામાંથી વીંટી કાઢવી

(ક્ષુલ્લક દષ્ટાંત)

મગધ દેશમાં રાજગૃહ નામનું સુંદર અને રમણીય નગર હતું. ત્યાં પ્રસેન જિત નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને ઘણાં પુત્રો હતા. તે બધામાં શ્રેણિક ખૂબ જ બુદ્ધિ શાળી હતો. તે રાજલક્ષણ-યુક્ત હતો. તેનામાં રાજાને યોગ્ય એવાં બધા ગુણો વિદ્યમાન હતા.

બીજા રાજકુમારો ઈર્ષાવશ તેને કદાચ મારી નાખે એવી ભીતિથી રાજા તેને કોઇ સારી વસ્તુ આપતા નહોતા તેમજ તેની સાથે ખૂબ પ્રેમ પણ બતાવતા ન હતા. માત્ર અંદરખાને તેનું ધ્યાન રાખતા હતા. પિતાના આંતરિક ભાવો નહિં સમજવાથી અને તેના પ્રત્યેના પૂર્ણ પ્રેમના અભાવે ખિન્ન બની શ્રેણિક, પોતાના પિતાને કાંઇ પણ ખબર આપ્યા વગર ત્યાંથી નીકળી ગયો. ફરતો ફરતો તે વેન્નાતટ નામના નગરમાં પહોંચ્યો. તે નગરમાં એક શેઠ રહેતા હતા. તેનું બધું ધન નાશ પામ્યું હતું. શ્રેણિક તે જ શેઠની દુકાન પર ગયો અને દુકાનની બહાર એક બાજુ બેસી ગયો.

શેઠને એક વિવાહ યોગ્ય પુત્રી હતી, નિર્ધનતાને કારણે શેઠને તે પુત્રી માટે યોગ્ય વર મળતો ન હતો. તેથી તે બાબતની તેને ખૂબ ચિંતા હતી. તે રાત્રીએ શેઠે સ્વપ્નમાં પોતાની પુત્રી નંદાનું લગ્ન કોઈ રત્નાકર સાથે થતું જોયું. આ શુભ સ્વપ્ન દેખવાને કારણે શેઠ આજે ખૂબ પ્રસન્ન હતા. શ્રેણિકના આવ્યા પછી, શેઠને ત્યાં માલનું વધારે વેચાણ થવા લાગ્યું અને કેટલાયે વખત પહેલાં ખરીદેલી જુની વસ્તુઓ ઘણી ઉંચી કિંમતે વેચાઈ. આ ઉપરાંત રત્નોની પરીક્ષાથી અજાણ એવા કેટલાક માણસોએ બહુમૂલ્ય રત્નો ઘણી ઓછી કિંમતમાં શેઠને વેચાતા આપ્યા. આ પ્રમાણે અણધાર્યો લાભ મળતાં શેઠને ઘણો આનંદ થયો. આવો અણધાર્યો લાભ શાથી મળ્યો હશે તે બાબતમાં શેઠ શાંતિથી વિચારવા લાગ્યા. વિચારતાં વિચારતાં તેમને ખ્યાલ આવ્યો કે, દુકાનના ઓટલાપર બેઠેલા આ ભાગ્યશાળી પુરુષના પુણ્ય બળે જ આ લાભ થયાનું પ્રતિત થાય છે. તેનું વિસ્તીર્ણ લલાટ અને ભવ્ય આકાર તેના પુણ્ય–અતિશયની સાક્ષી પૂરે છે. મેં ગઇ રાત્રે મારી કન્યા નંદાના લગ્ન રત્નાકર સાથે થયાનું જે સ્વપ્ન જોયું હતું, તેથી પ્રતિત થાય છે કે, રત્નાકર ખરી રીતે આ જ છે. આ પ્રમાણે વિચાર કરી, તે શેઠ શ્રેણિક

પાસે આવ્યો અને હાથ જોડી, વિનય પૂર્વક પૂછવા લાગ્યો–હે મહાભાગ! આપ કોને ત્યાં મહેમાન તરીકે પધાર્યા છો? શ્રેણિકે જવાબ આપ્યો– અત્યારે તો આપને ત્યાંજ આવ્યો છું. શ્રેણિકનો આ જવાબ સાંભળીને શેઠ ઘણા ખુશી થયા અને આદર તથા બહુમાન સાથે તેને પોતાને ઘેર લઈ ગયા. ત્યાં આદર પૂર્વક તેને ભોજન કરાવ્યું. હવે શ્રેણિક ત્યાં રહેવા લાગ્યો.

શ્રેણિકના પુણ્ય પ્રતાપે શેઠને ત્યાં પ્રતિદિન ધનની વૃદ્ધિ થવા લાગી. કેટલાક દિવસો વીત્યા બાદ શુભ મુહુર્તે શેઠે શ્રેણિકની સાથે પોતાની પુત્રી નંદાનું લગ્ન કરી દીધું. શ્રેણિક નંદા સાથે સાંસારિક સુખ ભોગવતો આનંદ પૂર્વક રહેવા લાગ્યો. કેટલાક સમય પછી, નંદા ગર્ભવતી થઈ. દેવલોકમાંથી ચ્યવીને એક મહા પુણ્ય શાળી જીવ નંદાના ગર્ભમાં આવ્યો. તે ગર્ભનું વિધિપૂર્વક પાલન કરતી નંદા પોતાનો સમય સુખ પૂર્વક વ્યતીત કરતી હતી.

બીજી બાજુ, શ્રેણિકના ચાલ્યા જવાથી, પ્રસેનજિત રાજા ખૂબ ચિંતાતુર રહેતા હતા. નોકરોને મોકલીને તેણે શ્રેણિકની ઘણી તપાસ કરાવી, પણ કયાંઇ શ્રેણીકનો પત્તો મળ્યો નહિ. છેવટે તેણે જાણ્યું કે, શ્રેણિક વેન્નાતટ નગરમાં ગયો છે. અને ત્યાં કોઈ શેઠની કન્યા સાથે તેનું લગ્ન થઈ ગયું છે અને ત્યાં તે સુખ પૂર્વક રહે છે. એક વખત રાજા પ્રસેનજિત બિમાર પડી ગયા. પોતાનો અંતિમ સમય નજીક આવ્યો જાણીને તેણે શ્રેણિકને બોલાવવા માટે ઘોડેસવાર મોકલ્યા. વેન્નાતટ પહોંચીને એક ઘોડેસવારે શ્રેણિકને કહ્યું કે, આપના પિતા પ્રસેનજિત બિમાર છે, તેથી તેઓ આપને જલ્દી બોલાવે છે. પિતાની આજ્ઞા માથે ચડાવીને શ્રેણિકે રાજગૃહ જવાનું નક્કી કર્યું. પોતાની પત્ની નંદાને પૂછીને શ્રેણિક તે ઘોડે સવારો સાથે રાજગૃહી જવા રવાના થયો. જતી વખતે પોતાની પત્નીની જાણકારી માટે તેણે પોતાનો પરિચય ભીંતના એક ભાગ પર લખી નાખ્યો.

ગર્ભના ત્રણમાસ પૂરા થયા બાદ, ગર્ભમાં આવેલા પુણ્યશાળી જીવના પ્રભાવથી, નંદાને એવો ડોહળો ( દોહદ–તીવ્રેચ્છા ) ઉત્પન્ન થયો કે "હું શ્રેષ્ઠ હાથીપર બેસીને યાચકોને ધનનું દાન આપતી થકી અભયદાન આપું" જ્યારે ડોહળાની વાત નંદાના પિતાએ જાણી ત્યારે તેણે રાજાની આજ્ઞા મેળવી તેનો દોહદ પૂર્ણ કરાવ્યો. ગર્ભકાળ પૂરો થતાં, નંદાની કુક્ષિથી એક પ્રતાપી અને તેજસ્વી બાળકનો જન્મ થયો. દોહદના અનુસારે તે બાળકનું નામ **'અભયકુમાર'** રાખવામાં આવ્યું. બાળક નંદનવનના કલ્પવૃક્ષની જેમ સુખપૂર્વક વધવા લાગ્યો. યથા સમ વિદ્યાધ્યયન કરીને તે બાળક સુયોગ્ય બની ગયો.

કોઈ પ્રસંગે, અભયકુમારે પોતાની માતાને પૂછ્યું. માતાજી ! મારા પિતાનું શું નામ છે અને તેઓ કયાં રહે છે ? માતાએ આદિથી અંત સુધીનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો તથા ભીંતપર લખેલો પરિચય તેને બતાવી દીધો. બધું દેખી–સાંભળીને અભયકુમાર સમજી ગયો કે, મારા પિતા રાજગૃહિ નગરીના રાજા છે. તેણે તેની માતાને કહ્યું. માતાજી, એક સાર્થ ( વેપારીનો કાફલો ) રાજગૃહ જઇ રહ્યો છે. જો તમારી ઇચ્છા હોયતો આપણે પણ તે કાફલાની સાથે રાજગૃહ જઈએ. માતાની અનુમતિ થતાં બંને મા દીકરો તે સાર્થની સાથે રાજગૃહ તરફ રવાના થયા. રાજગૃહમાં પહોંચીને અભયકુમારે તેની માતાને શહેરની બહાર એક બગીચામાં બેસાડી અને પોતે શહેરમાં ગયો.

શહેરમાં પેસતાંજ અભયકુમારે એક જગ્યાએ એકઠા થયેલા લોકોની ભીડ દેખી. નજીક જઇને તેણે લોકોને પૂછ્યું કે અહીં આટલી બધી ભીડ કેમ જામી છે ? ત્યારે રાજપુરુષોએ કહ્યું કે, આ પાણી વગરના કૂવામાં રાજાની વીંટી પડી ગઈ છે. રાજાએ એવો આદેશ આપ્યો છે કે, જે વ્યક્તિ બહાર ઉભી રહીને જ આ વીંટી

કાઢી આપશે તેને ભારે મોટું ઇનામ આપવામાં આવશે. આ સાંભળી અભયકુમારે કહ્યું. રાજાજ્ઞા પ્રમાણે હું વીંટીને બહાર કાઢી આપીશ. એટલું કહીને અભયકુમારે પાસે પડેલું લીલું છાણ લઇને, તે વીંટી પર ફેંક્યું, તેથી તે વીંટી તે છાણ સાથે ચોંટી ગઇ. થોડાક વખત પછી, જ્યારે છાણ સૂકાઈ ગયું ત્યારે તેણે કૂવાને પાણીથી ભરી દીધો. તેથી છાણમાં ચોંટેલી તે વીંટી છૂટી પડીને પાણીમાં તરવા લાગી. એજ વખતે અભયકુમારે બહાર ઉભા ઉભા જ વીંટી લઇ લીધી અને રાજપુરુષોને આપી દીધી.

રાજા પાસે જઈને રાજપુરુષોએ રાજાને કહ્યું કે દેવ ! એક વિદેશી યુવકે આપની આજ્ઞાનુસાર વીંટી કાઢી આપી. રાજાએ તે યુવકને પોતાની પાસે બોલાવ્યો અને પૂછ્યું:–વત્સ, તારું નામ શું છે ? અને તું કોનો પુત્ર છે ? યુવકે કહ્યું–દેવ ! મારું નામ અભયકુમાર છે અને હું આપનો જ પુત્ર છું. રાજાએ આશ્ચર્ય પૂર્વક પૂછ્યું–એ કેવી રીતે ? ત્યારે અભયકુમારે પહેલાનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. આ સાંભળી રાજાને ઘણો હર્ષ થયો અને સ્નેહપૂર્વક તેને છાતી સરસો ચાંપ્યો. ત્યાર પછી રાજાએ પૂછ્યું–વત્સ, તારી માતા ક્યાં છે ? અભયકુમારે કહ્યું: મારી માતા શહેર બહાર ઉદ્યાનમાં રહેલ છે. અભયકુમારની વાત સાંભળી રાજા પોતે એ જ વખતે નંદારાણીને લાવવા માટે ઉદ્યાન તરફ રવાના થયો. રાજાના પહોંચતા પહેલાંજ અભયકુમાર પોતાની માતા પાસે પહોંચી ગયો અને તેણે બનેલી બધી હકીકત કહી સંભળાવી. રાજાના આવવાના સમાચાર સાંભળી નંદાએ શણગાર ધારણ કરવાનું ઇચ્છયું, પરન્તુ અભયકુમારે એમ કહીને નિષેધ કર્યો કે– માતાજી ! પતિના વિરહવાળી કુલીન સ્ત્રીઓએ પોતાના પતિના દર્શન કર્યા પહેલાં શણગાર સજવો જોઇએ નહિ. થોડી જ વારમાં રાજા પણ ઉદ્યાનમાં આવી પહોંચ્યા. નંદા પોતાના પતિના ચરણોમાં પડી. રાજાએ પુષ્કળ આભૂષણ અને વસ્ત્રો આપીને તેનું

સન્માન કર્યું. રાણી તથા અભય કુમારને સાથે લઈને ભારે ધામધૂમ પૂર્વક રાજા પોતાના મહેલમાં પાછો ફર્યો. અભયકુમારની વિલક્ષણ બુદ્ધિ જોઇને, રાજાએ તેને પ્રધાન મંત્રીના પદ પર સ્થાપિત કર્યો. તે ન્યાય–નીતિ પૂર્વક રાજકારભાર ચલાવવા લાગ્યો.

બહાર ઉભા ઉભા કૂવામાંથી વીંટી કાઢી આપવી તે અભયકુમારની ઔત્પાતિકી બુદ્ધિ હતી.

---

## ૧૯ વસ્ત્ર–ચોરની ઓળખાણ

### (પટ દૃષ્ટાંત)

એક સમયની વાત છે. કોઈ બે પુરુષ કોઈ એક જલાશયમાં એકી સાથે સ્નાન કરવા માટે ઉતર્યા. એકની પાસે ગરમ કપડાં હતા. અને બીજાની પાસે સુતરાઉ કપડાં હતા. જેની પાસે ગરમ કપડાં હતા, તે માણસ, જલાશયમાં સ્નાન કર્યા પછી બહાર નીકળ્યો અને બીજા માણસના જે સુતરાઉ કપડાં હતાં તે લઇને ચાલતો થયો, બીજા માણસે જયારે આ જોયું ત્યારે તેણે મોટા અવાજે કહ્યું:– અરે ભાઇ ! તમારા ગરમ કપડાં તો અહિં પડયાં છે. મારા સુતરાઉ કપડાં તમે લઈ જાઓ છો તે મૂકી દ્યો, પણ આ માણસે તેની વાત સાંભળીજ નહિ અને તે આગળ ને આગળ વધતો એટલે પેલો માણસ સ્નાન કરીને તરતજ બહાર નીકળ્યો અને ગરમ કપડાં લઈ જનાર માણસની પાછળ પડયો. થોડીવારે તે તેની પાસે આવી પહોંચ્યો. બંને વચ્ચે ખૂબ રકઝક ચાલી. તે એટલે સુધી કે તેમને ન્યાય કરાવવા માટે રાજદરબારમાં જવું પડયું. ન્યાયાધીશે તે બંનેની વાત સાંભળીને પોતાના બુદ્ધિ બળથી તે ઝગડો પતાવ્યો. તેમણે કચેરીના એક સિપાઇને આજ્ઞા કરી કે તું આ બંને માણસના વાળને કાંસકી વડે

ઓળ. તેણે તે પ્રમાણે કર્યું. તેથી જેના ગરમ વસ્ત્રો હતાં તેના વાળમાંથી ઉનના રેસા નીકળ્યા. તેથી તે વાત સમજતા વાર ન લાગી કે તે ગરમ વસ્ત્રોનો માલિક છે, સુતરાઉ વસ્ત્રોનો નહિં. આ પ્રમાણે ન્યાયાધીશ દ્વારા પોતાના સુતરાઉ કપડાં મેળવી, તે માણસ ચાલ્યો ગયો.

---

## ૨૦ ભ્રમ રોગની દવા

(સરટ દ્રષ્ટાંત)

એક સમયે, એક શેઠ શૌચનિવૃત્તિ માટે જંગલમાં ગયો. અસાવધાનીથી તે કાચિંડાના દર પર બેસી ગયો. અચાનક એક કાચિંડો દોડતો આવ્યો અને દરમાં પેસતાં તેની પુંછડીનો સ્પર્શ પેલા ઝાડે ફરવા બેઠેલા શેઠના ગુદા ભાગને થઇ ગયો. શેઠના મનમાં એવો ભ્રમ પેદા થયો કે કાચિંડો મારા પેટમાં ચાલ્યો ગયો. આ ભ્રમને કારણે તે પોતાને રોગીષ્ટ સમજી દિન પ્રતિ દિન દુર્બળ થવા લાગ્યો.

એક સમયે તે એક વૈદની પાસે ગયો. વૈદે તેને રોગની બધી હકીકત પૂછી. શેઠે બધી વાત વૈદને કહી સંભળાવી. વૈદે સારી રીતે પરીક્ષા કરીને જોયું. તો તેને શેઠના શરીરમાં કોઈ રોગ જણાયો નહિં. વૈદે પોતાની બુદ્ધિથી વિચાર કર્યો અને તે એવા નિશ્ચયપર આવ્યો કે શેઠને કોઇ દરદ નથી, માત્ર ભ્રમ રોગ લાગુ પડયો છે. તેનો ભ્રમ મટાડી દેવામાં આવે, તો તેને સારૂં થઈ જાય. આથી થોડોક વિચાર કરીને વૈદે કહ્યું:– શેઠજી, હું તમારો રોગ મટાડી દઉં. પણ તે માટે હું પૂરા સો રૂપીયા લઈશ. શેઠે તે વૈદની વાતનો સ્વીકાર કર્યો.

વૈદે તેને વિરેચક દવા (જુલાબ) આપી. અને એક માટીના ઠામને રાખથી ભરી તેમાં એક મરેલો કાચિંડો મૂકયો. ત્યારબાદ શેઠને તેણે કહ્યું. તમારે આ માટીના વાસણમાં ઝાડે ફરવા જવું. તે પુરુષે તે પ્રમાણે કર્યું. ત્યારે તે વૈદે તે શેઠને તે પાત્રમાં મરેલો કાચિંડો બતાવીને કહ્યું. જુઓ શેઠ, તમારા પેટમાંથી આ કાચિંડો નીકળ્યો છે. તે મરેલા કાચિંડાને જોઈને, શેઠની આશંકાનું નિવારણ થઈ ગયું અને તે ઝડપથી નિરોગી બન્યો. આમાં વહેમ દૂર કરવાની વૈદની ઔત્પાતિકી બુદ્ધિ હતી.

---

## ૨૧ કાગડાઓની ગણત્રી

### (કાક દષ્ટાંત)

વેન્નાતટ નામનું નગર હતું. ત્યાં રિપુમર્દન નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને ધીરમતિ નામનો એક મંત્રી હતો. એક વખત આ મંત્રીની પરીક્ષા કરવા માટે રાજાએ પૂછ્યું :–મંત્રીજી, આ ગામમાં કેટલા કાગડા રહે છે! મંત્રીએ જવાબ આપ્યો, રાજન, આ ગામમાં સાઠહજાર કાગડાઓ રહે છે. મંત્રીની આ વાત સાંભળીને રાજાએ કહ્યું: જો તમારી આ વાત સાચી ન પડે તો કેટલો દંડ આપશો? મંત્રીએ જવાબ આપ્યો:– મહારાજા! આમાં દંડની વાત જ કયાં છે? મેં કહ્યા તેટલા કાગડા તો ગામમાં છે જ. તેમ છતાં જો વધારે થાય, તો સમજવું કે કેટલાક કાગડા આ કાગડાઓને ત્યાં મહેમાન તરીકે આવ્યા છે અને કદાચ ઓછા થાય, તો સમજવું કે તેઓ બીજે ગામ બીજા કાગડાઓને ત્યાં મહેમાન તરીકે ગયા છે. મંત્રીનું આ બુદ્ધિભર્યું હાજરજવાબીપણું સાંભળીને રાજા ઘણો ખુશી થયો.

---

# ૨૨ મળ–પરીક્ષાથી પતિની ઓળખ

## (ઉચ્ચાર દૃષ્ટાંત)

કોઈ એક નગરમાં એક બ્રાહ્મણ રહેતો હતો. એક દિવસ તે પોતાની પત્ની સાથે બીજે દેશ જવા નીકળ્યો. ચાલતાં ચાલતાં રસ્તામાં તેમને એક ધૂતારો મળ્યો. તે ઘણો ચાલાક હતો. તેણે બ્રાહ્મણની પત્ની સાથે વાત વાતમાં જ પોતાનો પ્રેમ સંબંધ બાંધી દીધો. થોડે દૂર જતાં ધૂતારાએ કહ્યું: ભૂદેવ! આ મારી પત્ની છે, તેને તમે કયાં લઈ જાવ છો? આ સાંભળી બ્રાહ્મણ આશ્ચર્ય પામી બોલ્યો–ભાઈ! આ તમે શું બોલો છો? આ તો મારી પત્ની છે. ધૂતારો કહે– ખોટું બોલો મા, આ તો મારી પત્ની છે. આમ બંને વચ્ચે સ્ત્રી બાબતમાં વિવાદ જામ્યો. છેવટે આ ઝઘડાનો ન્યાય કરાવવા માટે તેઓ બંને રાજકચેરીએ પહોંચ્યા.

ન્યાયાધીશે તેમની વાત સાંભળીને તે બંનેને જુદા જુદા સ્થાને બેસાડયા. અને પૂછયું: કહો કાલે તમે શુ ખાધું હતું? બ્રાહ્મણે કહ્યું. ગઈ કાલે મેં તથા મારી પત્નીએ તલના લાડુ ખાધા હતા. ત્યારબાદ ન્યયાધીશે પેલા ધૂતારાને પૂછયું કે તમે ગઈ કાલે શું ખાધું હતું? જવાબમાં ધૂતારાએ કોઈ બીજી ચીજ ખાધી હોવાનું જણાવ્યું. હવે ન્યાયાધીશે સાચા–ખોટાની પરીક્ષા કરવા માટે બુદ્ધિથી બંનેને જુલાબ (વિરેચક દવા) આપ્યો. તે વડે બ્રાહ્મણનું કથન સાચું પડયું એટલે ન્યાયાધીશે તે પત્ની બ્રાહ્મણને સોંપી, તેથી બ્રાહ્મણ ખુશ થયો અને પોતાની પત્નીને લઈ ચાલ્યો ગયો. બીજી બાજુ ન્યાયાધીશે ધૂર્તને કેદની શિક્ષા કરી.

## ૨૩ હાથીનું વજન કરવું

(ગજ દૃષ્ટાંત)

વસંતપુર નામનું એક નગર હતું. ત્યાંના રાજાએ કોઈ વિશેષ બુદ્ધિશાળી મંત્રી મેળવવા માટે નીચે પ્રમાણે એક ઉપાય કર્યો:- રાજમહેલના ચોકમાં હાથી બાંધવાના ખીલા સાથે તેણે એક હાથી બંધાવ્યો. અને ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે, જે કોઈ વ્યક્તિ આ હાથીનું વજન કરી આપશે તેને રાજા મોટું ઇનામ આપશે તેમજ રાજ્યમાં તેને મોટા હોદ્દા પર સ્થાપિત કરવામાં આવશે.

આ ઢંઢેરો સાંભળીને, કોઈ એક વિશિષ્ટ બુદ્ધિવાળા પુરૂષે હાથીનું વજન કરી આપવાની શરત મંજુર કરી. તે પુરૂષ પ્રથમ હાથી પાસે આવ્યો અને તે હાથીને છોડીને એક હોડીમાં ચડાવ્યો, પછી તે હોડીને પાણીમાં ચલાવી. તેનો જેટલો ભાગ પાણીમાં ડૂબી ગયો તેટલા ભાગમાં તેણે એક લીટી દોરી. પછી હાથીને હોડીમાંથી બહાર ઉતારી લીધો. પછી તેણે હોડીમાં એટલા પત્થર ભર્યા કે જેના વજનથી લીટી કરેલા ભાગ સુધી હોડી પાણીમાં ડૂબી ગઈ. પછી એ બધા પત્થરને હોડીમાંથી બહાર કાઢીને તેનું વજન કર્યું, તો જેટલું વજન તે પત્થરનું થયું તેટલું વજન તેણે હાથીનું માની લીધું અને રાજાને હાથીનું ચોક્કસ વજન કહ્યું. આ સાંભળી રાજા ઘણો ખુશી થયો અને તેણે આ માણસને સારું ઇનામ આપી પોતાનો પ્રધાનમંત્રી બનાવ્યો.

---

## ૨૪ ભાંડની બુદ્ધિ

(ભંડન દૃષ્ટાંત)

એક ભાંડ હતો. તે રાજાને ઘણો પ્રિય હતો, તેથી રાજા તેને પોતાની પાસે રાખતો હતો. રાજા આ ભાંડની સામે પોતાની રાણીની

હંમેશાં પ્રશંસા કર્યા કરતો. એક દિવસ રાજાએ કહ્યું: મારી રાણી પૂરી આજ્ઞાંકિત છે.

ભાંડે કહ્યું: મહારાજ! રાણીજી પોતાના સ્વાર્થે આજ્ઞાંકિત છે.

રાજાએ કહ્યું: રાણી સ્વાર્થી નથી.

ભાંડે કહ્યું: તમારું કહેવું કદાચ સાચું હોઈ શકે, પરંતુ મેં જે કાંઈ કહ્યું છે તેની આપ પરીક્ષા કરી શકો છો.

રાજા કહે: પરીક્ષા કેવી રીતે કરી શકાય?

ભાંડ કહે: મહારાજ! રાણીજીને આપ કહી દો કે હું બીજું લગ્ન કરવા ઇચ્છું છું અને નવી રાણીને પટરાણી બનાવીશ. અને તે નવી રાણીના પુત્રને રાજ્યનો વારસ બનાવીશ.

બીજે દિવસે રાજાએ રાણીને કહ્યું કે હું બીજું લગ્ન કરવા ઇચ્છું છું. ત્યારે રાણીએ કહ્યું નાથ! તમારી ઇચ્છા હોય તો તમે બીજું લગ્ન કરી શકો છો, પરંતુ ગાદીનો વારસ તો એ જ હોઇ શકે કે જે પરંપરાગત નિયમ ચાલ્યો આવે છે. તેમાં કોઈ પણ હસ્તક્ષેપ ન કરી શકે.

રાણીની વાત સાંભળીને રાજા હસ્યો. રાણીએ હસવાનું કારણ પૂછ્યું પરંતુ રાજા મૌન રહ્યો. ત્યારે રાણીએ ખૂબ આગ્રહ કર્યો એટલે રાજાએ ભાંડે કહેલી વાત રાણીને કહી સંભળાવી. રાજાની વાત સાંભળીને રાણી ખૂબ ગુસ્સે થઈ અને ભાંડને રાજ્યમાંથી કાઢી મૂકવાનો હુકમ ફરમાવ્યો. રાણીનો આ કઠોર હુકમ સાંભળીને ભાંડ ગભરાયો અને પોતાના બચાવનો માર્ગ શોધવા લાગ્યો.

તેને એક ઉપાય સૂઝયો. તેણે જોડા (પગરખાં) ની એક ગાંસડી બાંધી અને તેને માથા પર મૂકી રાણીના મહેલની સામે જ ઊભા રહી તેણે, રાણીને સંદેશો કહેવડાવ્યો કે– તમારી આજ્ઞા મુજબ હું આ દેશ છોડીને બીજા દેશમાં જાઉં છું.

તેના માથા પર પોટલું (ગાંસડી) દેખીને રાણીએ તેને પૂછ્યું: આ શું છે?

ભાંડે કહ્યું: આ જોડાનું પોટલું છે.

રાણી કહે—આ પોટલું માથે મૂકવાનું કારણ શું ?

ભાંડે જવાબ આપ્યો—મહારાણીજી, આ જોડાનું પોટલું ઉંચકીને હું જ્યાં સુધી જઇ શકું ત્યાં સુધી તમારી યશગાથાનો પ્રચાર કરીશ.

આ સાંભળી રાણી વિચારવા લાગી. આનાથી તો ગામેગામ મારી બદનામી થશે. આના કરતાં તો આ ભાંડને અહીં રાખવો જ સારો. આમ વિચારી તેણે ભાંડના દેશનિકાલનો હુકમ પાછો ખેંચી લીધો.

ભાંડની આ ઔત્પાતિકી બુદ્ધિ ગણાય.

## ૨૫ લાખની ગોળી કાનમાંથી કાઢવી

### (ગોલક દૃષ્ટાંત)

કોઈ એક બાળકના નાકમાં લાખની ગોળી પેસી ગઈ: જ્યારે તેના પિતાએ બાળકની આ સ્થિતિ જોઈ ત્યારે તે ગભરાયો અને તરત જ તે બાળકને એક સોની પાસે લઈ ગયો. સોનીએ ઘણી ચતુરાઈથી તે ગોળીને બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો. સૌથી પહેલાં તેણે લોઢાની એક પાતળી સળી લીધી. અને તેને અગ્નિમાં ગરમ કરી, પછી તે ગરમ સળી તેણે કાનમાં રહેલ લાખની ગોળીમાં ભોંકી. આથી લાખની ગોળી ઓગળી ગઈ અને નાકમાંથી બહાર નીકળી આવી એટલે સોનીએ તે બહાર ખેંચી કાઢી, આથી બાળક સ્વસ્થ બની ગયો. તેના માતા પિતા ખુશ થયા અને સોનીને સારું ઇનામ આપ્યું.

## ૨૬ તલાવ વચ્ચે રહેલા થાંભલાને બાંધી દેવો

(સ્તંભ દૃષ્ટાંત)

એકવાર એક રાજાને ખૂબ બુદ્ધિશાળી મંત્રીની જરૂર પડી. બુદ્ધિની પરીક્ષા કરવા માટે રાજાએ તલાવની વચ્ચે એક સ્થંભ ઉભો કરાવ્યો અને ગામમાં ઢંઢેરો ફેરવ્યો કે, જે કોઈ માણસ તલાવને કાંઠે ઉભા ઉભા આ થાંભલાને દોરીથી બાંધી દેશે તેને રાજા તરફથી એક લાખ રૂપીયાનું ઈનામ મળશે. આ ઢંઢેરો સાંભળીને એક બુદ્ધિશાળી માણસે તે કામ કરવાનું બીડું ઝડપ્યું. તેણે તે તળાવના કાંઠા પર લોઢાનો એક ખીલો ખોડયો અને પછી તે ખીલા સાથે મોટી લાંબી દોરી બાંધી પછી તેણે તે દોરી (દોરડું) ને તળાવની આસપાસ ચારે બાજુ ફેરવી. આ પ્રમાણે ચારે ખૂણે દોરી ફરી વળવાથી વચ્ચેનો જે સ્થંભ હતો તે સ્વાભાવિક રીતે જ દોરી વડે બંધાઈ ગયો. આથી રાજા તે માણસની બુદ્ધિ પર પ્રસન્ન થયો અને તેને પોતાનો મંત્રી બનાવ્યો.

---

## ૨૭ ક્ષુલ્લકનો વિજય

(ક્ષુલ્લક–દૃષ્ટાંત)

કોઈ એક શહેરમાં એક પરિવ્રાજિકા (સંન્યાસિની) રહેતી હતી. તે દરેક કામમાં ભારે કુશળ હતી. એક સમયે તેણે રાજા સમક્ષ પ્રતિજ્ઞા કરી કે મહારાજા! જે કામ બીજાઓ કરે છે તે બધું કામ હું કરી શકું છું. કોઇ કામ એવું નથી કે મારાથી ન બની શકે.

રાજાએ આ પરિવ્રાજિકાની પ્રતિજ્ઞા બાબતમાં શહેરમાં જાહેરાત કરવી. એ વખતે ગામમાં ભિક્ષા અર્થે ફરતા ફરતા એક ક્ષુલ્લકે આ જાહેરાત સાંભળી. તેણે રાજાના માણસોને કહ્યું કે હું મારી

કલાથી પરિવ્રાજિકાને હરાવી દઈશ. રાજાના માણસોએ જાહેરાત (ઘોષણા–ઢંઢેરો) બંધ કરી અને જઇને રાજાને વાત કરી.

નિશ્ચિત સમયે ક્ષુલ્લક રાજસભામાં આવ્યો. તેને જોઇને મ્હોં મરોડતી પરિવ્રાજિકા તિરસ્કારપૂર્વક બોલીઃ–આ ક્ષુલ્લક મને ક્યાં જીતવાનો છે ? આ પ્રમાણે પરિવ્રાજિકા બોલી એટલે ક્ષુલ્લકે પોતાની લંગોટી કાઢી નાખીને નગ્ન બની અનેક આસનો કરી બતાવ્યા. પછી તેણે પરિવ્રાજિકાને કહ્યું કે હવે તું તારી કુશળતા બતાવ. પરિવ્રાજિકા એ પ્રમાણે ન કરી શકી. ત્યારબાદ ક્ષુલ્લકે એવી રીતે પેશાબ કર્યો કે જેથી કમળાકાર ચિત્ર બની ગયું. પરિવ્રાજિકા આમ કરવામાં પણ સમર્થ થઈ શકી નહિં. આ પ્રમાણે પરિવ્રાજિકા હારી ગઈ અને લજ્જિત બનીને રાજસભામાંથી ચાલી ગઈ. ક્ષુલ્લકની આ ઉત્પાદક બુદ્ધિ હતી.

---

## ૨૮ ન્યાયાધીશનો નિર્ણય

### (માર્ગ દૃષ્ટાંત)

કોઈ એક પુરુષ રથમાં બેસીને પોતાની સ્ત્રીની સાથે એક ગામથી બીજે ગામ જઈ રહ્યો હતો. રસ્તામાં સ્ત્રીને શારીરિક ચિંતા થઈ. તથી તે, રથથી નીચે ઉતરીને થોડેક દૂર જઈને શંકા નિવારણ કરવા લાગી. તે સ્થળે વ્યંતર જાતિની એક દેવી રહેતી હતી. તે, પુરુષના રૂપ-સૌન્દર્યને જોઈ તેના પર આસક્ત બની ગઈ. તેણીએ તરત જ તેની સ્ત્રીના જેવું રૂપ બનાવ્યું અને આવીને પુરુષ પાસે રથમાં બેસી ગઈ.

હવે તે પુરુષની પત્ની, શૌચક્રિયા પતાવી રથ પાસે આવી, ત્યારે તેણે પોતાના પતિની પાસે પોતાના જેવાજ રૂપવાળી બીજી સ્ત્રીને બેઠેલી જોઈ. ત્યારે તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિં. આ

સ્ત્રીને આવતી જોઈને વ્યંતરીએ તે પુરુષને કહ્યું: જુઓ, આ કોઈ વ્યંતરી મારા જેવું રૂપ બનાવીને તમારી પાસે આવવા માગે છે. માટે રથને જલ્દી ચલાવો. વ્યંતરીના કહેવા પ્રમાણે તે પુરુષ રથને જલ્દી ચલાવવા લાગ્યો. આ બાજુ તે સ્ત્રી રોતી કકળતી, બૂમો પાડતી, રથની પાછળ પાછળ આવવા લાગી. તેને આ રીતે રોતી કકળતી જોઈ ને પુરુષ વિચારમાં પડી ગયો. તેણે રથને ધીમો કર્યો, થોડી વારમાં તે સ્ત્રી રથ પાસે આવી પહોંચી. હવે બંનેમાં ઝગડો થયો. એક કહે કે હું તેની સ્ત્રી છું ત્યારે બીજી કહે કે હું તેની સ્ત્રી છું ! આ પ્રમાણે લડતી ઝગડતી બંને સ્ત્રીઓ ગામ સુધી પહોંચી. ત્યાં ન્યાયાલયમાં (કોર્ટમાં) જઇને બંનેએ ફરિયાદ કરી.

ન્યાયાધીશે પુરુષને પૂછ્યું: તમારી સ્ત્રી કઈ છે ? જવાબમાં તેણે કહ્યું: બંને સ્ત્રીઓ રૂપરંગમાં એક સરખી જ છે, તેથી હું આ વિષે કાંઈ કહી શકું તેમ નથી. ત્યારે ન્યાયાધીશે પોતાના બુદ્ધિબળે કામ લીધું. તેણે પુરુષને દૂર બેસાડી દીધો. અને તે બંને સ્ત્રીઓને કહ્યું: તમારા બંનેમાંથી જે કોઈ સૌથી પહેલાં પોતાના હાથથી આ પુરુષને સ્પર્શ કરશે તે, આ પુરુષની સ્ત્રી કહેવાશે. ન્યાયાધીશની વાત સાંભળીને વ્યંતરી ખૂબ ખુશ થઈ. તેણીએ તરત પોતાની વૈક્રેયી શક્તિથી પોતાના હાથ લંબાવીને તે પુરુષનો સ્પર્શ કર્યો, એથી ન્યાયાધીશ સમજી ગયા કે આ કોઈ વ્યંતરી છે. ન્યાયાધીશે તેણીને કહ્યું. તું આ પુરુષની સાચી સ્ત્રી નથી. તેં દૈવીમાયા વડે આ પુરુષને છેતર્યો છે" આમ કહીને ન્યાયાધીશે તે વ્યંતરીને કાઢી મૂકી અને પુરુષને તેની અસલ સ્ત્રી સોંપી દીધી. આ પ્રમાણે ઔત્પાતિકી બુદ્ધિ વડે ન્યાયાધીશે ન્યાય કર્યો.

## ૨૯ મુળદેવનું કપટ

### (સ્ત્રી–દૃષ્ટાંત)

મુલદેવ અને પુંડરિક નામના બે મિત્રો હતા. એકવાર તેઓ બંને કયાંક ફરવા જતા હતાં, ત્યાં રસ્તામાં તેમણે એક પુરૂષને પત્ની સાથે જતો જોયો. સ્ત્રીનું અપાર સૌન્દર્ય જોઈ પુંડરિક તેના પર મુગ્ધ બની ગયો. તેણે મુલદેવને કહ્યું. મિત્ર, જો તું મને આ રૂપ સંપન્ન સ્ત્રીનો મેળાપ કરાવી દે, તો હું જીવતો રહી શકું, નહિ તો મરી જઈશ. મુલદેવે કહ્યું. મિત્ર ગભરા નહિ. હું તને અવશ્ય તે સ્ત્રીનો મેળાપ કરાવી આપીશ.

ત્યારબાદ પતિ–પત્નીની નજર ચૂકવી, તેઓ બંને ઉતાવળા ઉતાવળા ઘણે દૂર નીકળી ગયા. આગળ જઈને મુલદેવે પુંડરિકને એક ઝાડીના જુથમાં બેસાડયો અને કહ્યું કે હમણાં જ હું તે પુરુષને છેતરીને તેની સ્ત્રીને યુક્તિ દ્વારા અહિં મોકલું છું, એમ કહીને મૂલદેવ પાછો ફર્યો અને જ્યાં પેલા બંને સ્ત્રી–પુરુષ રસ્તાપર જઈ રહ્યા હતા તેમની પાસે આવી તે તેમને મળ્યો અને કહ્યું. મહાનુભાવ, આ સામેની ઝાડીમાં મારી સ્ત્રી પ્રસવ–વેદનાથી પીડાય છે. થોડી વારને માટે આપની સ્ત્રીને ત્યાં મોકલી આપો તો આપે મારા ઉપર મહાન ઉપકાર કર્યો કહેવાશે.

તે પુરુષે પોતાની સ્ત્રીને ત્યાં જવા માટે કહ્યું. સ્ત્રી ભારે ચાલાક હતી. તે ઝાડીની તરફ જવા લાગી. તેણીએ દૂરથી જોઈ લીધું કે એક પુરુષ તિરછી નજરે તેની પ્રતિક્ષા કરી રહ્યો છે. આ જોઇને ચતુર સ્ત્રી સમજી ગઇ કે મારા શીલધર્મને નષ્ટ કરવાનું આ એક કાવત્રુ છે. એમ જાણી તરત જ તે પાછી ફરી અને મુલદેવને કહ્યું: આપની સ્ત્રીએ સુંદર બાળકને જન્મ આપ્યો છે માટે તમે ત્યાં જાવ અને જુઓ. મુલદેવ મિત્ર પાસે ગયો, બીજી બાજુ બંને સ્ત્રી પુરુષ

પોતાના ઘરભેગા થઈ ગયા. મુલદેવ અને પુંડરિક પોતાની કપટ-કળામાં ન ફાવતાં લજ્જિત બની ઘરભેગા થઈ ગયા.

---

## ૩૦ બંનેમાં વહાલું કોણ?

### (પતિ–દૃષ્ટાંત)

કોઈ ગામમાં બે સગા ભાઈઓ રહેતા હતા. એ બંનેને એકજ સ્ત્રી હતી. તે સ્ત્રી બંને પતિ સાથે સરખોજ પ્રેમ–વ્યવહાર કરતી હતી. લોકોને આશ્ચર્ય થતું હતું કે તે સ્ત્રી બંને પતિ પ્રત્યે એક–સરખો પ્રેમ શી રીતે રાખી શકે? ધીરે ધીરે આ વાત રાજાના કાન સુધી પહોંચી. રાજાને ભારે આશ્ચર્ય થયું. તેણે મંત્રી સાથે આ બાબતમાં ચર્ચા કરી. મંત્રીએ કહ્યું. રાજન, આવું કદાપિ બની શકે નહિં. બંને ભાઇઓમાંથી નાના કે મોટા કોઈ એક પર તે સ્ત્રીને જરૂર વધારે પ્રેમ હશે. રાજાએ કહ્યું. એ શી રીતે જણાય? મંત્રીએ કહ્યું. મહારાજા, એમાં તે શી મોટી વાત છે! હું એવો પ્રયત્ન કરું છું કે આ વાતની તરતમાં ખબર પડી જાય.

એકવાર મંત્રીએ તે સ્ત્રીને એવી આજ્ઞા કરી કે, કાલ પ્રાતઃ-કાળે તમે તમારા બંને પતિઓને બે જુદા જુદા ગામમાં મોકલી દો. એકને પૂર્વ દિશાના અમુક ગામમાં અને બીજાને પશ્ચિમ દિશાના અમુક ગામમાં મોકલો અને તેમને એમ પણ કહી દો કે કાલ સાંજે જ તેઓ બંને આ ગામમાં પાછા આવી જાય.

બંને ભાઈઓમાંથી નાના પર તે સ્ત્રીનો પ્રેમ અધિક હતો. અને મોટા પર ઓછો પ્રેમ હતો. એટલા માટે તેણે નાના પતિને પશ્ચિમ તરફ અને મોટા પતિને પૂર્વના ગામ તરફ મોકલ્યો. પૂર્વ તરફ જનાર પુરુષને જતી વખતે તેમજ પાછા ફરતી વખતે સૂર્ય સામે

આવતો હતો. અને પશ્ચિમ તરફ જનાર પુરુષને બંને વખત સૂર્ય પીઠ પાછળ રહેતો હતો. આ ઉપરથી મંત્રીએ એવો નિર્ણય કર્યો કે નાનો પતિ તે સ્ત્રીને વિશેષ પ્રિય છે અને મોટા પતિ પ્રત્યે તેનાથી ઓછો પ્રેમ છે.

મંત્રીએ પોતાનો નિર્ણય રાજાને કહી સંભળાવ્યો, પણ રાજાએ તે નિર્ણય મંજુર ન કરતાં કહ્યું કે—એકને પૂર્વ દિશા તરફ અને બીજાને પશ્ચિમ દિશા તરફ મોકલવાનું અનિવાર્ય હતું. કેમકે હુકમ એવો જ હતો. એથી કોણ વધારે પ્રિય છે અને કોણ ઓછો પ્રિય છે તેનો નિર્ણય કેમ થઈ શકે?

મંત્રીએ બીજી વાર તે સ્ત્રીને હુકમ કર્યો કે પ્રથમ મુજબ આવતી કાલે તમારા બંને પતિને તે તે ગામમાં મોકલો અને સાંજે બંને પાછા આવી જાય તેવી સૂચના કરજો. મંત્રીના હુકમ પ્રમાણે બીજે દિવસે પણ તે સ્ત્રીએ પોતાના પતિઓને પ્રથમની જેમજ પૂર્વ અને પશ્ચિમ દિશાના ગામમાં મોકલ્યા. ત્યાર બાદ મંત્રીએ એક સાથે બે માણસોને તે સ્ત્રી પાસે મોકલ્યા. બંનેએ તે સ્ત્રીને કહ્યું કે તમારા પતિની તબિયત રસ્તામાં બગડી ગઈ છે. આ સમાચાર સાંભળી તે સ્ત્રીએ પોતાના મોટા પતિનું નામ લઈ ને કહ્યું: "એ તો સદા બિમાર જ રહે છે. પછી નાના પતિ માટે કહ્યું: તેઓ કોમળ છે, ગભરાઇ ગયા હશે, માટે પહેલાં હું તેમને જોઈ લઉં, એમ કહીને તે પોતાના નાના પતિની ખબર લેવા માટે રવાના થઈ ગઈ.

બંને પુરૂષોએ મંત્રી પાસે જઇને બનેલી બધી હકીકત કહી સંભળાવી. આ સાંભળીને મંત્રીએ રાજાને વાત કરી. રાજા મંત્રીની બુદ્ધિ પર પ્રસન્ન થયો. આ રીતનો ચોક્કસ નિર્ણય કરવામાં મંત્રીની શીઘ્ર બુદ્ધિ હતી.

# ૩૧ પુત્ર કોનો?

## (પુત્ર–દૃષ્ટાંત)

એક શેઠને બે સ્ત્રીઓ હતી. તેમાંની એક પુત્રવતી હતી અને બીજી વંધ્યા હતી. વંધ્યા સ્ત્રી પણ પોતાના શોકના પુત્ર પર એટલોજ પ્રેમ રાખતી હતી,તેથી બાલક તે બંનેને પોતાની મા સમજતો હતો. તે બાલક તે બંને સ્ત્રીઓ વિષે એમ ન્હોતો જાણતો કે પોતાની સગી મા કોણ છે! થોડાક સમયબાદ શેઠ પોતાના કુટુંબને લઈ પરદેશમાં ચાલ્યો ગયો અને ત્યાંજ તેનું મૃત્યુ થયું. હવે આ બંને સ્ત્રીઓ લડવા લાગી. એકે કહ્યું: આ પુત્ર મારો છે માટે ઘરની માલિકી મારી છે. ત્યારે બીજી સ્ત્રીએ કહ્યું કે આ પુત્ર મારો છે માટે ઘરની માલિકી મારી છે. આ બાબત બંને વચ્ચે કલેશ થયો. અંતમાં બંને રાજદરબારમાં ફરિયાદ કરવા ગઈ. બંને સ્ત્રીઓની વાત સાંભળી ન્યાયાધીશ વિચારમાં પડી ગયા, કે આનો નિર્ણય કેવી રીતે કરવો? તેણે પોતાના બુદ્ધિ બળથી કામ લીધું. તેણે હુકમ કર્યો કે તેમનું બધું ધન અહિં મારી સામે હાજર કરો અને તેના બે ભાગ પાડી દરેકને વહેંચી દો અને પછી કરવતથી બાળકના બે ટુકડા કરો અને એકેક ટુકડો દરેક સ્ત્રીને આપી દો.

આ નિર્ણય સાંભળીને બાળકની સાચી માતાનું હૃદય કંપી ઉઠયું. તે વ્યાકુળ બનીને કહેવા લાગી–મહાશય! મારે પુત્ર નથી જોઈતો, અને ધન પણ નથી જોઈતું, આ પુત્ર આ બેનને આપો અને ઘરની માલિક પણ તેને બનાવો પણ પુત્રના બે ટુકડા ન કરો. હું તો કોઈને ત્યાં નોકરી કરીને મારો નિર્વાહ કરીશ અને આ બાળકને દૂરથી દેખીને સંતોષ માનીશ. પરન્તુ પુત્રના ટુકડા કરતાં અત્યારે જ મારો સર્વનાશ થઈ જશે. આ રીતે પુત્રને જીવંત રાખવા

એક સ્ત્રી કરુણ વિલાપ કરતી હતી, ત્યારે બીજી સ્ત્રી કાંઈ પણ ન બોલતાં, છાની માની બેઠી હતી. આથી ન્યાયાધીશ સમજી ગયા કે પુત્રની ખરી ચિંતા આ સ્ત્રીને જ છે અને એજ એની સાચી માતા છે. એમ જાણી તે સ્ત્રીને પુત્ર સોંપી દીધો. તે સાથે શેઠનું બધું ધન પણ તેણીને જ આપ્યું, જ્યારે દુષ્ટ વિમાતાને તિરસ્કાર કરી ત્યાંથી કાઢી મૂકી. અધિકારીની આ ઔત્પાતિકી બુદ્ધિનું પરિણામ હતું.

---

## ૩૨ મધપુડો ક્યાં છે?

### ( મધુ સિસ્થનું દૃષ્ટાંત )

કોઈ એક નદીના બંને કિનારે માછીમારો રહેતા હતા. તેઓ વચ્ચે જાતિ વ્યવહાર હોવા છતાં, અંદરો અંદર તેઓ લડતા-ઝગડતા હતા. આ ઝગડાને કારણે તેમનાં ઘરની સ્ત્રીઓ પણ મુશ્કેલીમાં આવી પડતી. તેઓ સામે કાંઠે રહેતાં પોતાના સગાં-સ્નેહીઓને મળવા જઈ શકતી નહતી, છતાં પણ માછીમારો જ્યારે પોતાના ધંધા માટે બહાર જતા ત્યારે તે સ્ત્રીઓ પોત પોતાના સંબંધીઓને ત્યાં આવતી, જતી.

હવે એક દિવસ એવું બન્યું કે, કોઈ માછણે બીજા કાંઠેથી પોતાના ઘર પાસેના એક ઝાડ પર મધપુડો લાગેલો જોયો. બીજે દિવસે જ તેના પતિને મધની જરૂર પડી. તેથી તે મધ લેવા માટે બહાર જવા લાગ્યો, ત્યારે તેની પત્નીએ કહ્યું, મધ લેવા બહાર શા માટે જાવ છો! તમારા ઘરની પાસેજ મધપુડો લાગેલો છે, ચાલો, હું તમને બતાવું.

આમ કહીને તે મધપુડો બતાવવા માટે પતિની સાથે ગઈ, પણ ત્યાં તેને મધપુડો દેખાયો નહિ. તેણે આશ્ચર્ય સાથે પોતાના

પતિને કહ્યું: અહિં તો મધપુડો દેખાતો નથી, પણ પેલા કિનારેથી તે સ્પષ્ટ દેખાય છે તો ચાલો, ત્યાંથી તમને મધપુડો દેખાડું. આ વાત સાંભળીને તે માછીમાર પોતાની પત્નીની સાથે તે કિનારા પર ગયો અને જે ઘરમાં તેને આવવા જવાની મનાઈ કરી હતી એજ ઘરની પાસે ઉભા રહીને તે તેના પતિને મધપુડો બતાવવા લાગી. ત્યારે પતિએ પોતાની બુદ્ધિથી સમજી લીધું કે, મેં સ્ત્રીને જે ઘેર જવાની મનાઈ કરી છે તે જ ઘેર તે દરરોજ આવે જાય છે. આ સમજવામાં માછીમારની બુદ્ધિ કારણભૂત હતી.

---

## ૩૩ દબાવેલી થાપણ પાછી મેળવી

### ( મુદ્રિકા–દષ્ટાંત )

કોઈ એક નગરમાં સત્યવાદી નામનો એક પુરોહિત રહેતો હતો, તેના ઉપર લોકોને એવો વિશ્વાસ હતો કે મુદત થઈ જવા છતાં પણ તે કોઇની થાપણ ઓળવતો ( પચાવી પાડતો ) નથી.

એક વખત એક સામાન્ય સ્થિતિનો બ્રાહ્મણ આ સત્યવાદીને ત્યાં એક હજાર રૂપીયાની થાપણ મૂકીને પરદેશ ગયો. ત્યાં રહેતા તેને કેટલોક સમય વ્યતીત થઈ ગયો. ત્યારબાદ તે પોતાના નગરમાં આવ્યો અને પેલા સત્યવાદીને કહ્યું: શેઠ, મેં તમારે ત્યાં જે થાપણ મૂકી છે તે મને પાછી આપો, કેમકે અત્યારે મને નાણાંની જરૂર છે.

તે સાંભળી પુરોહિતે કહ્યું: તમે કોણ છો ? અને કેવી તમારી થાપણ છે, તે કશું હું જાણતો નથી. આ સાંભળીને તે બિચારા બ્રાહ્મણના તો હોશ કોશ ઉડી ગયા. તે મુંઝાયો, અકળાયો અને અંતે રાજમંત્રી પાસે જઇને ફરિયાદ કરી. રાજમંત્રીએ રાજાને આ વાત જણાવી એટલે રાજાએ તે પુરોહિતને બોલાવ્યો અને કહ્યું કે–તમે

આ બ્રાહ્મણની જે થાપણ રાખી છે તે તેને પાછી સોંપી દો. જવાબમાં પુરોહિતે કહ્યું: મહારાજ, ખોટી વાત છે, તેણે મારે ત્યાં થાપણ મૂકી જ નથી. આ વાત સાંભળી રાજાએ પુરોહિતને વિદાય કર્યો.

ત્યારબાદ રાજાએ બ્રાહ્મણને પૂછ્યું કે સાચે સાચું બોલ, તેં કયા દિવસે અને કયા સમયે તેને ત્યાં થાપણ તરીકે થેલી મૂકી છે? ત્યારે બ્રાહ્મણે બરાબર તીથી વાર તારીખ કહી આપ્યા. પછી બ્રાહ્મણને કહ્યું કે હું બોલાવું ત્યારે આવજે.

એક દિવસે રાજાએ પુરોહિતને સન્માનપૂર્વક બોલાવ્યો અને વાત વાતમાં કહ્યું કે ચાલો આપણે રમત રમીયે. બંને રમવા બેઠા. ત્યારબાદ રાજાના કહેવાથી બંનેએ અરસપરસ પોતાની વીંટી બદલી લીધી, આનું કારણ પુરોહિત સમજી શકયો નહિ. ત્યારબાદ પુરોહિતને ત્યાં બેસાડી રાજાએ કહ્યું કે હમણાં હું આવું છું. થોડીવાર બેસો.

એમ કહીને રાજા બહાર ગયો અને કોઈ રાજપુરૂષને કહ્યું કે પુરોહિતના નામવાળી આ વીંટી લઇને તમે પુરોહિતને ઘેર જાવ અને તેની સ્ત્રીને કહેજો કે પુરોહિતજીએ ખાત્રી માટે તેમના નામવાળી આ વીંટી મને આપીને કહેવડાવ્યું છે કે પેલો બ્રાહ્મણ તમારે ત્યાં આજથી અમુક દિવસ પહેલાં જે થેલી મૂકી ગયો હતો તે થેલી કાઢી આપો. રાજપુરૂષ પુરોહિતને ઘેર આવ્યો અને વીંટી બતાવી ને રાજાના કહેવા પ્રમાણે વાત કરી એટલે તે દિવસે આવેલી થેલી સ્ત્રીએ તિજોરીમાંથી કાઢીને રાજપુરૂષના હાથમાં આપી. તે લઈ તે રાજપુરુષ રાજા પાસે આવ્યો અને રાજાને થેલી સોંપી.

આની સાથે બીજી પણ પાંચ સાત થેલીઓ ગોઠવીને, રાજાએ બ્રાહ્મણને બોલાવીને પૂછ્યું કે– ભૂદેવ, આમાં તમારી કઇ થેલી છે? તરતજ ભુદેવે પોતાની થેલી ઓળખી બતાવી એટલે રાજાએ તે થેલી

બ્રાહ્મણને સોંપી દીધી, પુરોહિત હાજર હતો, તે આ બધું વિલે મોઢે જોઈ રહ્યો હતો. રાજાએ કહ્યું: પુરોહિતજી! વિશ્વાસઘાત એ પાપ છે અને તેમાંયે ગરીબોનું ધન પચાવવું એ મહાપાપ છે. તમે તમારી જમાવેલી પ્રતિષ્ઠા ધૂળમાં મેળવી દીધી છે. એમ કહી રાજાએ તેનો ભારેમાં ભારે દંડ કર્યો.

---

## ૩૪ ખરા ખોટા રૂપિયાનો ભેદ

### (અંક દૃષ્ટાંત)

કોઈ એક માણસે એક શેઠને ત્યાં એક હજાર રૂપિયાથી ભરેલી એક થેલી થાપણ તરીકે મૂકી. શેઠ ભારે ચાલાક હતો. તેણે તે થેલીની નીચેનો ભાગ કાપી નાખ્યો અને બધા રૂપિયા લઈ તેની જગ્યાએ ખોટા રૂપીયા નાખી થેલીનો નીચેનો ભાગ શીવીને બરાબર કર્યો તેમજ ઉપરના ભાગમાં પણ થેલીને હતી તેવી કરી દીધી. ત્યારબાદ કેટલાક વખત પછી તે માણસ બહારગામથી આવ્યો અને શેઠ પાસે પોતાની મૂકેલી થાપણ પાછી માગી. ત્યારે શેઠે તે થેલી લાવીને તેને સોંપી. તે માણસે ઘેર જઈને થેલી ખોલી, તો તેમાંથી ખોટા રૂપિયા નીકળ્યા. આ જાણી તે ભારે વિસ્મય પામ્યો. તે ફરીથી શેઠ પાસે ગયો અને કહ્યું કે શેઠ શ્રી, મારી થેલીમાં તો સાચા રૂપીયા હતા તેના બદલે ખોટા રૂપિયા નીકળ્યા છે!

ત્યારે શેઠે કહ્યું: ભાઈ, એમાં હું શું જાણું? મેં તો તમે મૂકેલી હતી તે જ થેલી પાછી આપી છે. આથી તે માણસે મુંઝાઈને રાજકચેરીમાં ફરિયાદ કરી, ન્યાયાધીશે તેની વાત સાંભળીને પૂછ્યું: તમારી થેલીમાં કેટલા રૂપિયા સમાય છે? ત્યારે થાપણ મૂકનારે કહ્યું: સાહેબ, એક હજાર રૂપીયા. ન્યાયાધીશે તે થેલીમાં હજાર રૂપીયા ભરીને તેની ખાત્રી કરી પરન્તુ થેલીનો નીચેનો ભાગ કપાઈ ગયો

હતો, તેથી થેલીમાં પૂરા હજાર રૂપીયા સમાયા નહિ અને કેટલાક રૂપીયા વધ્યા, આથી ન્યાયાધીશે જાણ્યું કે થાપણ રાખનારે લુચ્ચાઈ કરી છે, વળી એ થેલીની નીચેનો જેટલો ભાગ કપાયો છે તેટલા ભાગ પૂરતા રૂપીયા વધે છે એટલે ન્યાયાધીશે પેલા શેઠને બોલાવ્યા અને તેની પાસેથી એક હજાર સાચા રૂપીયા મેળવી પેલા થાપણ મૂકનારને અપાવ્યા અને શેઠને શિક્ષા કરી.

---

## ૩૫ નકલી મહોરો કોની હતી?

### (નાણુક દૃષ્ટાંત)

કોઈ એક વણિક કોઈ એક શેઠને ત્યાં સોના મહોરોથી ભરેલી એક થેલી મૂકીને પરદેશ ગયો. શેઠે તેમાંથી ઉત્તમ સોનામહોરો કાઢી લઈને તેની જગ્યાએ હલકી કીમતની એટલીજ સોનામહોરો ભરી, થેલીને સીવીને બરાબર કરી દીધી. કેટલાક વર્ષો વીત્યા બાદ તે વણિક સ્વદેશમાં આવ્યો અને પેલા શેઠ પાસે પોતાની થેલી પાછી માગી, એટલે તરતજ તે શેઠે તેની તે થેલી પાછી સોંપી. તે લઇને વણિક પોતાને ઘેર ગયો અને થેલી ખોલીને જોયું તો તે થેલીમાંની મહોરો બનાવટી લાગી. આથી તરતજ તે વણિક તે શેઠ પાસે પહોંચ્યો અને કહ્યું કે શેઠ, મેં તમને જે સોના મહોરની થેલી સોંપી હતી તેમાંથી તો બનાવટી અને હલકી કિંમતની સોનામહોરો નીકળી છે!

ત્યારે શેઠે કહ્યું. હું શું કરું ભાઇ, એજ તમારી થેલી છે અને તે તમે બરાબર જોઇને જ લઇ ગયા છો, પછી કહેવા આવો તે શા કામનું? આથી ખિન્ન થઇ વણિકે ન્યાયાલયમાં ફરિયાદ કરી. ન્યાયાધીશે બંનેને બોલાવ્યા. પછી તેમણે વણિકને પૂછ્યું કે તમે કયે વર્ષે અને કયે દિવસે શેઠને ત્યાં આ થેલી

મુકી હતી ? એટલે વણિકે વર્ષો પહેલાં જે વર્ષે અને જે દિવસે થેલી આપી હતી તે કહ્યું. ત્યારે ન્યાયાધીશે અનાવટી સોનામહોરો તપાસી તો તે ત્યાર પછીના વર્ષે બની હોવાનું જાણ્યું એટલે ન્યાયાધીશે તે શેઠને કહ્યું. તમે તેની સાચી મહોરો લઈને આ ખોટી મહોરો તેની થેલીમાં ચાલાકીથી ભરી દીધી છે એની ખાત્રી આ મહોરો પરના અંકિત કરેલા વર્ષથી સાબીત થાય છે, એમ કહી વણિકને સાચી મહોરો અપાવી અને શેઠનો ભારે દંડ કર્યો.

## ૩૯ લોભી સાથે ઠગાઈ

### ( ભિક્ષુક દૃષ્ટાંત )

કોઈ એક વણિકે એક મહંત (મઠાધીશ ભિક્ષુક) પાસે એક હજાર સોના મહોરો અનામત તરીકે મૂકી હતી. થોડા વખત પછી જ્યારે તેણે પરદેશથી આવીને મહંત પાસે સોનામહોરોની ઉઘરાણી કરી ત્યારે તે મહંત 'કાલે આપીશ, પરમ દિવસે આપીશ' એમ વાયદા બતાવવા લાગ્યો, આથી વણિક અકળાયો અને વિચાર કર્યો કે હવે કોઈ યુક્તિ અજમાવ્યા વગર આ મહંત મારી સોનામહોરો આપે તેમ લાગતું નથી. એટલે આ વણિક કેટલાક જુગારીઓ પાસે આવ્યો અને તેમની સાથે મિત્રતા બાંધી. ત્યારબાદ થોડા દિવસ રહીને તેણે પોતાના જુગારી મિત્રોને કહ્યું. ભાઈઓ! તમને શી વાત કરું ! પેલા મઠાધીશ મહંતે મારી એક હજાર સોના-મહોરો પચાવી પાડી છે. વારંવાર માગવા છતાં તે આપતો નથી.

જવાબમાં જુગારીઓ બોલ્યા–ભાઈ, ગભરાઈશ નહિં. હું તને તે સોના મહોરો અપાવીશ. એમ કહી જુગારીઓએ કહ્યું કે અમે પાંચ સાત જણાં ભગવાં વસ્ત્ર પહેરીને અને સોનાની એક ઈંટ

લઈને મહંત પાસે જઈએ છીએ. થોડી વાર પછી તું ત્યાં આવજે અને સોનામહોરો માંગજે એટલે તે તને મહંત આપી દેશે. આ પ્રમાણે યુક્તિ કરી, જુગારીઓ ભગવાં વસ્ત્ર પહેરીને મહંત પાસે ગયા અને તેને પ્રણામ કરીને કહ્યું. બાપજી, અમારે પરદેશ જવું છે. અને અમારી આ એક સોનાની ઈંટ છે તે તમે સાચવો. ભલે લાવો, એટલું કહેતાં જુગારીઓએ મહંતને સોનાની ઇંટ આપી, એટલામાં જ પેલો વણિક ત્યાં આવી પહોંચ્યો અને કહ્યું–મહંતજી, મેં તમને એક હજાર સોનામહોરો આપી છે તે મને આપો. લાખો સોના મહોરોની કિંમત જેટલી ઇંટ પોતાને પચી જશે એ આશયથી મહંતે પેલા વણિકને તેની સોનામહોરો આપી દીધી. ત્યાર બાદ પેલા બનાવટી ભેખ ધારીઓ બોલ્યા–મહારાજ, અમારે એક આવશ્યક કામ આવી પડયું છે જેથી બહારગામ જવાનું અત્યારે મુલતવી રહ્યું છે. માટે એ ઇંટ પાછી આપો. પછી અમે મૂકી જઈશું એમ કહી તેઓ પોતાની ઇંટ પાછી મેળવી મહંતને પ્રણામ કરી ચાલ્યા ગયા. લોભીયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે. આ જુગારીઓની બુદ્ધિનું પરાક્રમ.

---

## ૩૭ છોકરો વાનર બની ગયો

(ચેટક–બાલક નિધાન દૃષ્ટાંત)

કોઈ એક ગામમાં જુદી જુદી પ્રકૃતિવાળા બે મિત્રો રહેતા હતા. તેમાંનો એક કપટી હતો અને બીજો સરલ હતો. એકવાર તેઓ બંને કોઈ બીજા ગામેથી નીકળી પોતાના ગામ તરફ આવી રહ્યા હતા. ત્યારે જંગલના રસ્તામાં તેમણે એક નિધાન (દાટેલું ધન) જોયું. તે જોઈને કપટી મિત્રે કહ્યું–મિત્ર, આજે સારું મુહુર્ત નથી, માટે આપણે કાલે સવારે સારા મુહુર્તે અહિં આવીને આમાંનું

ધન લઈ જઈશું. બીજા મિત્રે સરળભાવે તેની વાત માન્ય કરી. અને તે નિધાનને ત્યાંજ રાખી બંને મિત્રો પોતપોતાને ઘેર આવ્યા. રાતના સમયે પેલો કપટી મિત્ર જંગલમાં ગયો અને ખાણ ખોદીને તેમાંથી નીકળેલું ધન લઈ તેની જગ્યાએ કોલસા ભરી દીધા. પછી ખાણને ધૂળ આદિથી વ્યવસ્થિત કરીને તે મિત્ર ધન લઈને પોતાને ઘેર આવ્યો.

બીજે દિવસે પ્રાતઃકાળે શુભ મુહુર્તે બંને મિત્રો ઘેરથી નીકળીને જ્યાં ધન દાટેલું હતું ત્યાં આવ્યા અને ઉપરની ધૂળ દૂર કરીને જોયું તો તેમને ધનનો ચરૂ દેખાયો, પરન્તુ ચરૂમાં તો કોલસા જ ભરેલા દેખાયા. આ જોઈ બંને આશ્ચર્ય પામી ગયા. તે વખતે કપટી મિત્રે સરળ મિત્રને કહ્યું કે ભાઈ, આપણા નશીબમાં ધન લાગતું નથી. ખરેખર દેવે આપણને આંખો આપીને પાછી ખેંચી લીધી, નહિંતો આ ચરૂમાંથી કોલસા કેમ નીકળે! સરળ મિત્ર પોતાની બુદ્ધિના બળે સમજી ગયો કે ચરૂમાંથી કોલસા કદી ન નીકળે પણ આ ચાલાક મિત્રની છેતર પીંડી લાગે છે એમ માની તેણે કપટી મિત્રને કહ્યું: મિત્ર, જેવા આપણા ભાગ્ય, શોક કરવાથી શું વળે! એમ કહી બંને મિત્રો પોતપોતાને ઘેર આવી ગયા.

કપટી મિત્રનો બદલો લેવા માટે સરળ મિત્રે એક ઉપાય શોધી કાઢયો. તેણે કપટી મિત્રની એક માટીની મૂર્તિ બનાવી અને તેને પોતાના ઘરમાં રાખી, પછી તેણે બે વાંદરાઓ પાળ્યા. એક દિવસ તેણે આ મિત્રની મૂર્તિના ખોળામાં, હાથમાં, ખંભા પર તથા શરીરના અન્ય ભાગો પર વાંદરાને ખાવા યોગ્ય ફળ–ફળાદિ મૂકી દીધાં. અને પછી તે વાંદરાઓને છૂટા મૂકી દીધાં. વાંદરાઓ ભૂખ્યા હતા. તેઓ આ મૂર્તિને ચડાવેલ ફળ–ફળાદિ ખાવા લાગ્યા. વાંદરાઓને ટેવ પાડવા માટે તે હંમેશ મૂર્તિપર આ પ્રમાણે ફળ–ફળાદિ મૂકવા લાગ્યો અને વાંદરાઓ પણ રોજ તે ચીજો ખાવા

લાગ્યા. ધીરે ધીરે વાંદરાઓ મૂર્તિ સાથે એટલાં બધા હળી મળી ગયા કે તેઓ એ પ્રમાણે મૂર્તિ સાથે રમવા લાગ્યા. ત્યાર બાદ કેટલાક દિવસે આ સરળ મિત્રે પોતાના કપટી મિત્રના બે બાળકોને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું. બાળકોને ભોજન કરાવ્યા બાદ સરલ મિત્રે તે બંને બાળકોને ગુપ્ત જગ્યાએ સંતાડી દીધાં.

બાળકો જ્યારે પાછા ન આવ્યા ત્યારે બીજે દિવસે બાળકોનો પિતા (કપટી મિત્ર) પોતાના મિત્રને ઘેર આવ્યો અને પોતાના બંને બાળકો ક્યાં છે એમ પૂછ્યું. તેણે કહ્યું કે ઘરમાં છે. સરળ મિત્ર કપટી મિત્રના આવતા પહેલાંજ તે મૂર્તિને દૂર કરી તેની જગ્યાએ બેસી ગયો હતો. ત્યાંજ તે મિત્રને બેસાડયો. ત્યાર બાદ તેણે બંને વાંદરાઓને છોડી મૂકયા. તેઓ કિલકિલાટ કરતા આવ્યા અને તે કપટી મિત્રને મૂર્તિ સમજીને તેના શરીર પર રોજની જેમ ઉછળાવા કુદવા લાગ્યા. આ દૃશ્ય જોઈને તે ભારે વિસ્મય પામી ગયો. ત્યારે સરલ મિત્રે ખેદ પૂર્વક કહ્યું : મિત્ર, આ જ તમારા બંને બાળકો છે. ઘણાં દુઃખની વાત છે કે, તેઓ બંને વાનર બની ગયા છે. જુઓ તમારા પ્રત્યે કેવો પ્રેમ બતાવે છે? ત્યારે કપટી મિત્ર બોલ્યોઃ—તમે આ શું કહો છો! શું મનુષ્ય કદી વાનર બની શકે ખરો? મિત્રે કહ્યું : કેમ નહિ? ભાગ્ય અવળું હોય તો એમ પણ બની શકે. જેમ ભાગ્યના યોગે દાટેલું ધન કોલસા બની ગયા તે રીતે ભાગ્ય યોગે તમારાં બાળકો વાનર બની ગયા! એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે?

મિત્રની વાત સાંભળીને કપટી મિત્ર સમજી ગયો કે, ખાણમાં દાટેલું ધન હું લઈ ગયો છું તેની આ મિત્રને ખબર પડી ગઈ લાગે છે. હવે જો હું તેને ધન નહિં આપું તો તે રાજ દરબારમાં ન્યાય કરાવવા જશે, પરિણામે મારે તેને બધું ધન આપી દેવું પડશે, કદાચ બાળકોને પણ ગૂમાવવા પડશે અને ઉપરથી શિક્ષા થશે તે જુદી, એના કરતાં સત્ય હકીકત કહી દેવી જોઈએ. એમ

વિચારી કપટી મિત્રે કહ્યું, ભાઈ, મારી ભૂલ થઈ છે. મને માફ કર અને ખાણમાંથી જે ધન નીકળ્યું છે તેનો અર્ધો ભાગ હું તને આપું છું. આથી કપટી મિત્રે ધનનો અર્ધો ભાગ તેના મિત્રને આપ્યો. સરળ મિત્રે તેના બે બાળકો પાછા સોંપ્યા. સરળ મિત્રની આ ઔત્પાતિકી બુદ્ધિ હતી.

---

## ૩૮ છાણના પિંડામાં

( શિક્ષા દૃષ્ટાંત–ધનુર્વિદ્યા )

કોઇ એક ધનુર્વેદ–વિદ્યા વિશારદ મનુષ્ય ફરતો ફરતો કોઇ એક શહેરમાં આવી પહોંચ્યો. ત્યાંના કોઈ ધનિકે પોતાના બાળકોને ધનુર્વિદ્યા શીખવા માટે આ કલાચાર્ય પાસે મૂકયા. બીજા ધનિકોનાં બાળકો પણ તેની પાસે ધનુર્વિદ્યા શીખવા આવવા લાગ્યા. ગુરુ-ભક્તિથી પ્રેરાઇને તે બાળકોએ તે વિદ્યાગુરૂને ઘણું ધન આપ્યું.

જ્યારે શેઠને ખબર પડી કે અમારા બાળકોએ આચાર્યને ઘણું ધન આપ્યું છે એટલે હવે તેને મહેનતાણું આપવાની જરૂર નથી, એટલું જ નહિ પણ તેને અપાયેલું ધન બધું પાછું મેળવી લેવું જોઈએ. શેઠનો આ વિચાર કલાચાર્યના જાણવામાં આવ્યો અને તેણે એક ઉપાય શોધી કાઢયો.

તેણે આસપાસના ગામોમાં રહેતા પોતાના ભાઈઓને બોલાવ્યા અને કહ્યું. જુઓ, અમુક રાત્રે હું નદીમાં સૂકાં છાણાં નાખીશ. તે, તમે બધા લઈ જજો. આ પ્રમાણે કહ્યા બાદ કલાચાર્યે છાણના પિંડામાં દ્રવ્ય ભર્યું અને પછી તેનાં છાણાં બનાવી તડકે સૂકવવા મૂકયા. પછી તે બાળકોને કહેવા લાગ્યો. અમારા કુટુંબમાં એવો રિવાજ છે કે, અમુક પર્વને દિવસે અમારા કુટુંબના માણસો

નદીમાં સ્નાન કરી, ગાયત્રી મંત્રનો જાપ કરતા કરતા ગાયના છાણના પિંડોને નદીમાં ફેંકે છે, તેથી હું તે પ્રમાણે કરીશ.

કલાચાર્યની આ વાત સાંભળીને, બાળકોએ કહ્યું–બહુ સારી વાત છે. મહારાજ, ત્યારબાદ તે કલાચાર્ય બાળકોને લઈને છાણા સાથે રાત્રે નદીએ પહોંચ્યો અને સ્નાન કરી ગાયત્રી મંત્રનો જાપ કરતાં કરતાં છાણાને નદીમાં ફેંકવા લાગ્યો. આગળથી કરેલ સંકેત મુજબ તે છાણાં તેના કુટુંબીજનો લેવા લાગ્યા. બધા છાણાં ખલાસ થયા બાદ, તે કલાચાર્ય બાળકો સાથે પોતાની મઢુલીમાં આવ્યો.

કેટલાક દિવસો બાદ બાળકો તથા શેઠને પૂછી તે કલાચાર્ય દેહની રક્ષાર્થે થોડાંક જરૂરી કપડાં લઇ પોતાના ગામ તરફ જવા તૈયાર થયો ત્યારે શેઠીયાઓએ માન્યું કે આ કલાચાર્ય નિષ્પરિગ્રહી જણાય છે. તેમની પાસે તો કાંઈ નથી! આમ પોતાના બુદ્ધિબળે કલાચાર્યે દ્રવ્યનું રક્ષણ કર્યું.

---

## ૩૯ મહારાણીનો ન્યાય

### (અર્થ શાસ્ત્ર દષ્ટાંત)

એક શેઠને બે સ્ત્રીઓ હતી. એક પુત્રવતી અને બીજી વંધ્યા. વંધ્યા સ્ત્રી પણ તે બાળક પર સારૂં હેત રાખતી. કાળાન્તરે શેઠ વ્યાપારાર્થે પરદેશમાં ગયો, ત્યાં તે મૃત્યુ પામ્યો એટલે ધન અને પુત્ર માટે બંને સ્ત્રીઓમાં ઝગડો થયો. એક કહે કે મારો પુત્ર છે, જ્યારે બીજી કહે કે મારો પુત્ર છે અને ધનની માલીકી પણ મારી છે. આખરે આ વાત રાજકચેરીએ પહોંચી. મહારાણી મંગલાદેવીને આ વાતની ખબર પડી ત્યારે તેણે બંને સ્ત્રીઓને ન્યાય માટે પોતાની પાસે બોલાવી અને કહ્યું કે–જુઓ, થોડા વખત પછી મારી કુક્ષિથી

એક પ્રતાપી પુત્રનો જન્મ થશે. જ્યારે તે મોટો થશે ત્યારે એક અશોક વૃક્ષની નીચે બેસીને તમારો ન્યાય કરી દઇશ. ત્યાં સુધી આ બાળક મારી પાસે રહેશે.

વંધ્યા સ્ત્રીએ વિચાર્યું. સારૂં થયું. એટલા સમય સુધી તો હું આનંદ પૂર્વક રહીશ. પછી જોયું જાશે કે શું થાય છે. એમ વિચારી તેણે મહારાણીની વાતને વધાવી લીધી. આ પરથી મહારાણીએ ધારી લીધું કે બાળકની સાચી મા આ સ્ત્રી નથી. તેથી તેણે બીજી સાચી માને પુત્ર સોંપી દીધો અને ઘરની માલીક પણ તેને જ બનાવી. ખોટો ઝગડો કરનાર વંધ્યા સ્ત્રીને અનાદર પૂર્વક વિદાય કરી દીધી. આ પ્રકારનો ન્યાય કરવામાં મહારાણીની કુશાગ્ર બુદ્ધિ હતી.

---

## ૪૦ શરતનું પાલન

### (ઈચ્છામહત્ દૃષ્ટાંત)

કોઈ એક શહેરમાં ધનવાન શેઠ રહેતો હતો. તેણે પોતાના ઘણા રૂપિયા લોકોને વ્યાજે ધીર્યા હતા. અકસ્માત શેઠનું મૃત્યુ થઈ ગયું. શેઠાણી, લોકો પાસેથી રૂપિયા વસુલ કરી શકતી ન હતી. તેથી તેણે પોતાના પતિના મિત્રને રૂપિયા વસુલ કરાવી આપવાનું કહ્યું. ત્યારે તેણે કહ્યું કે મારો ભાગ રાખો તો હું મહેનત કરું. શેઠાણીએ કહ્યું: ભલે તમે રૂપિયા ભેગા કરી આપો, પછી તમે મને તમારી ઇચ્છાનુસાર આપજો. શેઠાણીની વાત સાંભળીને તે ઘણો આનંદ પામ્યો. તેણે લોકો પાસેથી રૂપિયા વસુલ કરવાનું કામ આરંભી દીધું. અને થોડાજ વખતમાં તેણે શેઠના બધા લેણા રૂપીયા વસુલ કરી લીધા. જ્યારે શેઠાણીએ રૂપીયા માંગ્યા ત્યારે વસુલ થયેલ રકમનો ઘણો થોડો ભાગ શેઠાણીને આપવા લાગ્યો. શેઠાણીએ કહ્યું કે તમે મોટી રકમ વસુલ કરી છે એટલે મને તે મળવી જોઇએ અને તમારે

તેનો થોડો ભાગ લેવો જોઇએ, પણ તેણે આ વાત માન્ય કરી નહિ એટલે શેઠાણીએ ન્યાયાલયમાં જઈ બધી હકીકત કહીને ન્યાયની માગણી કરી.

ન્યાયાધીશે રૂપીયા વસુલ કરનાર વ્યક્તિને બોલાવી અને પૂછ્યું કે, આ બાબતમાં તમારા બંને વચ્ચે શી શરત હતી ? તેણે જવાબ આપ્યો કે, શેઠાણીએ મને કહ્યું હતું કે તમને ઠીક લાગે તેટલા રૂપિયા મને આપજો. આ સાંભળીને તે માણસે ઉઘરાણીમાં જેટલાં રૂપીયા વસુલ કર્યા હતા તે બધાં ન્યાયાધીશે તેની પાસેથી મંગાવ્યા. એટલે તેણે બધી રકમ ન્યાયાધીશ સમક્ષ રજુ કરી. પછી ન્યાયાધીશે તે રકમના બે ભાગ કર્યા. એક મોટો ભાગ અને બીજો નાનો ભાગ. પછી પેલા માણસને કહ્યું કે આ બેમાંથી તું કયો ભાગ માગે છે ? એટલે તે માણસે કહ્યું કે–આ મોટો ભાગ. ત્યારે ન્યાયાધીશે કહ્યું કે, તમારી શરત પ્રમાણે આ મોટો ભાગ શેઠાણીને આપવામાં આવશે અને નાનો ભાગ તમને. રકમ તેની છે અને મહેનતાણું તમારું છે, એટલે રકમ કરતાં મહેનતાણું કદી વધારે ન હોઈ શકે. આમ કહેવામાં ન્યાયાધીશની બુદ્ધિ સમતોલ હતી.

---

## ૪૧ અશ્રુતપૂર્વ

### ( શત સહસ્ર દૃષ્ટાંત )

એક પરિવ્રાજક હતો. તેની પાસે ચાંદીનું એક મોટું વાસણ હતું. તેનું નામ ‘ખોરક’ હતું. આ પરિવ્રાજકની બુદ્ધિ ઘણી તેજ હતી. તે, કોઈ પણ વાત એકવાર સાંભળે કે તરતજ તેને યાદ રહી જતી હતી, આથી તેને પોતાની બુદ્ધિ પર ભારે અભિમાન આવ્યું. એકવાર તેણે લોકોમાં જાહેરાત કરી કે “જે કોઈ મને અશ્રુતપૂર્વ (પહેલાં કદી નહિં સાંભળેલી) વાત સંભળાવશે, તેને હું મારું કિંમતી ‘ખોરક’ નામનું પાત્ર આપી દઇશ”

પરિવ્રાજકની જાહેરાત સાંભળીને ઘણા લોકો તેને નવી વાત સંભળાવવા લાગ્યા. પણ તેને તરત જ યાદ કરીને તે લોકોને કહેતા કે–આ વાત તો મેં અગાઉ સાંભળેલી છે. આથી લોકો નિરાશ થઈ પાછા ફરતા.

પરિવ્રાજકની ઉપરોક્ત પ્રતિજ્ઞા એક સિદ્ધપુરુષે સાંભળી. તેણે લોકોને કહ્યું કે, જો પરિવ્રાજક પોતાની પ્રતિજ્ઞાપર દૃઢ રહે, તો હું તેને અવશ્ય નવી વાત સંભળાવું. છેવટે તેઓ બંને રાજા પાસે પહોંચ્યા. જનતાની ભીડ પણ ખૂબ જામી હતી. બધાની નજર સિદ્ધપુત્ર તરફ હતી. રાજાની આજ્ઞા લઈ સિદ્ધપુત્રે પરિવ્રાજકને એક શ્લોક કહ્યો :–

"તારા પિતાથી મારા પિતા, માગે રૂપિયા લાખ,
સુણ્યું હોય તો દઈ દે, નહિંતો, ખોરક આગળ રાખ.

અર્થાત્, હે પરિવ્રાજક, મારા પિતા તારા પિતા પાસે એકલાખ રૂપિયા માગે છે. જો આ વાત તેં પહેલાં સાંભળી હોય તો તારા પિતાનું કરજ ચૂકવી દે, નહિંતો ખોરક (ચાંદીનું મોટું પાત્ર) મને આપી દે.

સિદ્ધપુત્રની વાત સાંભળીને પરિવ્રાજક ભારે મુશ્કેલીમાં આવી પડયો. તેણે પોતાની હાર માની લીધી અને ચાંદીનું પાત્ર સિદ્ધપુત્રને આપી દીધું.

---

## ૪૨ ભવિષ્યવાણી*

### ( નિમિત્ત દૃષ્ટાંત )

કોઈ નગરમાં એક સિદ્ધપુત્ર રહેતા હતો. તેને બે શિષ્યો હતા. તે બંનેને તે નિમિત્ત શાસ્ત્ર શીખવતો હતો. તે બંનેમાં એક શિષ્ય

* આ બધા વૈનયિકી બુદ્ધિના દૃષ્ટાંતો છે.

વિનયવંત હતો અને પ્રતિક્ષણે તે ગુરૂનું બહુમાન કરતો હતો. કોઈ વાર કંઈ સંશય ઉત્પન્ન થાય તો ગુરૂને વિનયપૂર્વક પૂછી તેનું સમાધાન મેળવી લેતો. આ પ્રમાણેના તેના વિનયથી તેની બુદ્ધિ તીવ્ર બની ગઈ.

બીજો શિષ્ય અવિનીત હતો. તેથી તે કેવળ શબ્દ–જ્ઞાન જ મેળવતો હતો, પરન્તુ રહસ્યજ્ઞાન મેળવતો ન હતો. આથી તેની બુદ્ધિ વિકાસ ન પામતાં જડ જેવી જ રહી. એક વાર ગુરૂની આજ્ઞાથી તેઓ બંને બહારગામ જતા હતા, રસ્તામાં તેમને કોઈ મોટા પ્રાણીનાં પગલાં દેખાયાં, આ જોઈ ને વિનીત શિષ્યે પૂછ્યું: મિત્ર, આ કોના પગલાં છે ? અવિનીતે કહ્યું: આમાં પૂછવા જેવું શું છે ? આ તો હાથીનાં પગલાં સ્પષ્ટ દેખાય છે.

વિનયી શિષ્યે કહ્યું:– મિત્ર, હાથીનાં પગલાં નથી પણ હાથિણીના પગલાં છે. આ હાથણી ડાબી આંખે કાણી છે. તેના પર કોઈ રાજકુળની સૌભાગ્યવંતી સ્ત્રી બેઠી છે. તે ગર્ભવતી છે. તેને પૂરા માસ થઈ ગયા છે. એક બે દિવસમાં જ તેને પુત્રનો પ્રસવ થશે.

વિનયી મિત્રની વાત સાંભળી અવિનયી શિષ્યે અહંકારપૂર્વક કહ્યું. વાહ, તું ભારે જ્ઞાની બની ગયો છું ! આ બધી બાબતો તું કયા આધારે કહે છે ?

વિનયીમિત્રે કહ્યું:–મિત્ર, ગુરૂએ મને જે જ્ઞાન શીખવ્યું છે તેના આધારે વિવેકપૂર્વક વિચાર કરીને જ મેં બધી બાબતો કહી છે. જો તને વિશ્વાસ ન હોય, તો ચાલો આગળ. આગળ તું આ બધી બાબતો પ્રત્યક્ષ દેખીશ, જેથી તને પોતાને વિશ્વાસ આવશે.

તેઓ બંને તે ગામમાં પહોંચ્યા. પહોંચતાં જ તેમણે ત્યાં શું જોયું ? ગામબહાર તળાવના કાંઠા પર કોઈ રાણીનો તંબુ છે.

બાજુમાં હાથણી ઉભી છે. તે ડાબી આંખે કાણી છે. તે જ વખતે એક દાસીએ આવીને મંત્રીને કહ્યું: સ્વામિન્ મહારાજાને પુત્ર લાભ થયો છે. વધાઈ આપો.

આ સાંભળી વિનયી શિષ્યે કહ્યું: મિત્ર સાંભળ્યું ? આ દાસીએ શું કહ્યું ? તેણે કહ્યું: હા, મિત્ર ! સાંભળ્યું. તમે જે વાત કહી હતી તે સાચી પડી છે. તે પછી તેઓ બંને જણા તલાવમાં સ્નાન કરીને વડના ઝાડ નીચે વિશ્રાંતિ લેવા બેઠા, તેવામાં માથા પર પાણીનો ઘડો મૂકી એક વૃદ્ધ સ્ત્રી જતી હતી. તેણીએ આ બંનેની આકૃતિ જોઇને વિચાર્યું કે બંને વિદ્વાન જણાય છે, માટે તેમને પૂછું કે મારો પરદેશ ગયેલો દીકરો ક્યારે આવશે ? એમ વિચારીને તે વૃદ્ધ સ્ત્રી આ બંને યુવકો પાસે આવી અને સવિનય પૂછવા લાગી. એજ વખતે તેના માથા પરનો ઘડો નીચે પડી ગયો અને તેના ટુકડે ટુકડા થઈ ગયા. આ જોઇને અવિનીત તરત જ બોલી ઉઠયો—વૃદ્ધા ! જેવી રીતે ઘડો ફૂટી ગયો છે તેવી રીતે તારો પુત્ર પણ પરદેશમાં મૃત્યુ પામ્યો છે.

આ સાંભળી વિનયી મિત્રે કહ્યું. ભાઈ, એવું ન બોલ. તેનો પુત્ર ઘેર આવી ગયો છે. પછી વિનયી યુવકે વૃદ્ધાને કહ્યું. માજી, ઘેર જાઓ અને વિખૂટા પડેલા આપના પુત્રનું પ્રેમથી મોઢું જુઓ.

આ વાત સાંભળી ડોશી ઘણી પ્રસન્ન થઈ અને તેને આશીર્વાદ આપીને ઘર ભણી રવાના થઈ. ઘેર આવતાં જ તેણે પોતાના પુત્રને જોયો. પુત્રે વિનયપૂર્વક માતાને પ્રણામ કર્યા. વૃદ્ધાએ પુત્રને આશીર્વાદ આપીને, નૈમિત્તિકનું કહેલું બધું વૃત્તાંત કહી સંભળાવ્યું. તે સાંભળીને પુત્ર પણ ઘણો ખુશી થયો. પછી કેટલાક રૂપીયા, અને વસ્ત્ર લઇને તે વૃદ્ધા પેલા નૈમિત્તિક પાસે ગઈ અને તેના ચરણોમાં આ વસ્તુઓની ભેટ ધરી અને પછી તે પોતાના ઘેર પાછી ફરી.

આ ઘટનાઓથી અવિનયીનું મન નારાજ થયું. તેણે વિચાર્યું કે ગુરૂએ પક્ષપાત કર્યો છે. આને સારૂં જ્ઞાન આપ્યું છે અને મને કાંઈ જ આપ્યું નથી. કામ પૂરૂં થયે બંને જણા ગુરૂ પાસે આવ્યા. વિનયી શિષ્યે ગુરૂના ચરણોમાં પ્રણામ કર્યા, ત્યારે અવિનયી શિષ્ય થાંભલાની જેમ ગુરૂ સામે અક્કડ ઉભો રહ્યો. ગુરૂએ અવિનીતને કહ્યું. ભાઈ, ગુરૂને પ્રણામ કરવાનો શિષ્ટાચાર પણ તું દાખવતો નથી, એ કેવું કહેવાય ! ત્યારે તેણે જવાબ આપ્યો. તમે જેને સારી રીતે ભણાવ્યો છે તે તમને પ્રણામ કરે, તમે મને કયાં બરોબર ભણાવ્યો છે કે હું તમને પ્રણામ કરું ! એમ કહી પ્રવાસમાં બનેલી બધી વાત ગુરૂને કહી સંભળાવી.

ગુરૂ બોલ્યા– ભાઈ, મેં પક્ષપાત કર્યો નથી. બંનેને સમાન રીતે શિક્ષણ આપ્યું છે. એમ કહી તેમણે વિનયી શિષ્યને પૂછયું: વત્સ ! તેં આ બધું શી રીતે જાણ્યું ?

વિનયી શિષ્યે કહ્યું. મહારાજ, આ બધું આપની કૃપાનું જ પરિણામ છે, એમ કહી તેણે કહ્યું– મોટાં મોટાં પગલાંનાં ચિહ્ન દેખતાંજ મેં વિચાર કર્યો કે, હાથીના પગ તો છે જ, પણ તેમાં વિશેષતા કઈ બાબતની છે ! પછી તેની લઘુશંકાથી પડેલ પેશાબ જોઈને એવો નિર્ણય કર્યો કે, આ હાથણીના પગલાં છે. આગળ ચાલતાં જોયું કે જમણી તરફના વૃક્ષોના પાંદડાં તેણે ખાધેલાં છે, પણ ડાબી તરફના નહિ, તેથી હું સમજ્યો કે હાથણી ડાબી આંખે કાણી છે. વળી સાધારણ મનુષ્ય હાથીની સવારી ન કરે, એથી વિચાર્યું કે હાથણી પર બેઠેલ રાજપરિવારમાંની કોઈ વ્યક્તિ છે. વૃક્ષ પર ચોંટેલ રંગીન વસ્ત્રના ટુકડા જોઇને નિર્ણય કર્યો કે તે રાણી છે અને સધવા છે. થોડેક આગળ જતાં જોયું કે તેણીએ લઘુશંકા કરી હતી અને પછી ત્યાંથી ઉભા થતાં બંને હાથ જમીન પર મુકીને ઉઠી હતી. તેમાં ઉઠતી વખતે જમણા પગનો તથા જમણા હાથનો વધારે ભાર

જમીન પર પડયો હતો. આ બધી બાબતો જોતાં મને લાગ્યું કે તે રાણી છે, ગર્ભવતી છે અને થોડાજ વખતમાં તેને પુત્રનો પ્રસવ થશે.

(૨) જ્યારે વૃદ્ધાએ આવીને પ્રશ્ન કર્યો તે જ વખતે તેના માથા પરનો ઘડો નીચે પડયો અને ફુટી ગયો. તેથી મેં વિચાર્યું કે માટીનો ભાગ માટીમાં અને પાણીનો ભાગ પાણીમાં મળી ગયો. તેથી વૃદ્ધાને તેનો પુત્ર અવશ્ય મળશે.

આ સાંભળી ગુરૂ ઘણા પ્રસન્ન થયા. તેમણે તેના વિવેકજ્ઞાનની ખૂબ પ્રશંસા કરી. બીજાને કહ્યું–વત્સ, આમાં મારો દોષ નથી, પણ તારો જ દોષ છે. મારું કામ તો બંનેને સમાન રીતે શાસ્ત્ર શીખવવાનું છે પરન્તુ તે પર ગહન વિચાર કરવાનું કામ તમારું છે. વિચાર કરવાથી જ્ઞાનનો વિકાસ થઇ શકે છે.

વિનયી શિષ્યની આ વૈનયિકી બુદ્ધિ હતી.

---

## ૪૩ કુવો ખોદવો

### ( કૂપદષ્ટાંત )

કોઇ એક માણસ ભૂમિવિજ્ઞાનમાં ખૂબ કુશળ હતો. તેણે કોઈ ખેડૂતને કહ્યું કે આ ભુમિમાં આટલી ઊંડાઈએ પાણી નીકળશે. તે વાત સાંભળી ખેડૂતે જમીન ખોદવા માંડી. જેટલી ઉંડાઇએ પાણી બતાવ્યું હતું તેટલી ઉંડાઇ સુધી તેણે જમીન ખોદી કાઢી, પણ પાણી નીકળ્યું નહિ, ત્યારે ખેડૂતે તેને કહ્યું: ભાઈ, તમારા કહેવા પ્રમાણે પાણી તો ન નીકળ્યું ! ત્યારે વૈજ્ઞાનિકે કહ્યું. તેની બાજુના ભાગમાં ધીમેથી લાત મારો એટલે પાણી નીકળશે. ખેડૂતે તેના કહેવા પ્રમાણે કરતાં તે જગ્યાએથી પાણી બહાર આવ્યું. આમાં તે ખેડૂતની વિનય–બુદ્ધિ હતી.

---

## ૪૪ ઘોડાનું પારખુ

(અશ્વ દૃષ્ટાંત)

એક વખત ઘોડાનો વેપારી ઘોડા વેચવા માટે દ્વારિકા નગરીમાં આવ્યો. ત્યાંના બધા યાદવકુમારોએ સ્થૂલ શરીરવાળા મોટા ઘોડા ખરીદ્યા પણ વસુદેવે તેમ કર્યું નહિ. તેમણે તો એક દુબળો ઘોડો ખરીદ્યો. એજ ઘોડો બીજા બધા ઘોડામાં એવો મજબુત અને ઉપયોગી નીવડયો કે તેની આગળ બીજા ઘોડાઓ ફિક્કા અને કમજોર સાબિત થયા. આ રીતે વસુદેવનો ઘોડો બધા ઘોડાઓમાં વધારે મહત્વશાળી સાબિત થવાથી તેઓ બધાના આગેવાન ગણાવા લાગ્યા. લક્ષણ સંપન્ન ઘોડો ખરીદવામાં વસુદેવની વિવેક બુદ્ધિ હતી.

---

## ૪૫ વૃદ્ધની સલાહ

( ગર્દભ દષ્ટાંત )

કોઇ રાજાએ યુવાવસ્થાની શરુઆતમાં જ રાજ્ય મેળવ્યું હતું, તેથી તેના મનમાં એવો પાકો નિર્ણય થયો કે, સઘળાં કાર્યો સાધનારી એક માત્ર યુવાવસ્થા જ છે. તેથી તેણે પોતાના સૈન્યમાં યુવાન માણસોની જ ભરતી કરવાનો હુકમ આપ્યો. તથા જે વૃદ્ધ માણસો પહેલેથી તેની સેનામાં હતા તે બધાને છૂટા કરવા માંડયા. એક દિવસ રાજા પોતાની સેના સાથે યુદ્ધ કરવા કોઇક સ્થળે જઇ રહ્યો હતો, ત્યાં રસ્તે જતાં માર્ગ ભૂલવાથી એક ભયંકર જંગલમાં આવી ચડયો. ત્યાં પાણી ન મળવાથી બધા સૈનિકો આકુલ વ્યાકુલ થવા લાગ્યા. સૈનિકોની આવી હાલત જોઈ રાજા ગભરાયો અને શું કરવું તેની તેને કોઈ સૂઝ પડી નહિં. એવામાં એક સેવકે આવીને કહ્યું. મહારાજ ! આપણી સમક્ષ ભારે મુશ્કેલી ઉભી થઈ છે. પરંતુ આ

બાબતમાં જો કોઈ વૃદ્ધની સલાહ લેવામાં આવે તો કદાચ આપણે આ આફતથી બચી શકીયે.

સેવકની આ વાત રાજાને ગળે ઉતરી ગઇ. તેણે માણસો દોડાવીને વૃદ્ધની શોધ કરાવી. તેવામાં એક સૈનિકે રાજાને કહ્યું: મહારાજ, મારો ગુનો માફ કરજો, પણ હું મારા વૃદ્ધ પિતાને મારી સાથે લાવ્યો છું અને તેમને છૂપાવીને રાખ્યા છે. આપની આજ્ઞા હોય તો તેમને અહિં તેડી લાવું.

"ઘણી ખુશીથી, બોલાવી લાવો તમારા એ વૃદ્ધ પિતાને," રાજાએ કહ્યું. આથી તે વૃદ્ધ પુરૂષ મહારાજા પાસે હાજર થયો. મહારાજાએ કહ્યું. મહાનુભાવ, મારું સૈન્ય તૃષાથી આકુળ વ્યાકૂળ થઈ રહ્યું છે. આટલામાં કયાંય પાણી દેખાતું નથી, તો આપ એવો કોઈ ઉપાય બતાવો કે જેથી આ મુશ્કેલી દૂર થાય.

આ સાંભળીને વૃદ્ધે કહ્યું. મહારાજ, અહિંથી ગધેડાઓને છૂટા મૂકી દ્યો. તેઓ જે જગ્યાએ જમીન સૂંઘે, તે જમીનની નીચે થોડીજ ઉંડાઇએ પાણી મળશે. રાજાએ તે વૃદ્ધની સલાહ પ્રમાણે કર્યું. તો તેને પાણી મળ્યું અને સૈન્યની મુશ્કેલીનો અંત આવ્યો. વૃદ્ધની આ વૈનયિકી બુદ્ધિ હતી.

---

## ૪૬ ઘર જમાઈ

### (લક્ષણ દૃષ્ટાંત)

ઈરાન દેશમાં ઘોડાનો એક વ્યાપારી રહેતો હતો. તેની પાસે ઘણા ઘોડા હતા. તેણે કોઈ યોગ્ય માણસને ઘોડાઓની સાર સંભાળ કરવા માટે રાખ્યો અને કહ્યું કે, જો તમે અમુક વર્ષો સુધી કામ કરશો તો તમને તમારી પસંદગીના બે ઘોડા મફત આપીશ. તેણે

કબુલ કર્યું અને તે ઘોડાની સાર સંભાળ કરવા લાગ્યો. સમય જતાં ઘોડાના માલિકની કન્યા સાથે તેને ગાઢ સ્નેહ થઇ ગયો. એક દિવસે તેણે કન્યાને પૂછ્યું કે આ બધા ઘોડાઓમાં સૌથી સારા કયા છે? કન્યાએ કહ્યું, એમ તો બધા ઘોડા સારા છે, પરંતુ પર્વતના શિખર પરથી ગબડાએલા પત્થરોના અવાજ સાંભળીને પણ જે ડરતા નથી તે બે ઘોડા આ છે, જે સર્વોત્તમ છે. કન્યાના કહેવા પ્રમાણે તે માણસે બંને ઉત્તમ ઘોડાની પરીક્ષા કરી ઓળખી લીધા.

પછી મુકરર કરેલો સમય પુરો થતાં પોતાનું મહેનતાણું લેવા તે ઘોડાના માલીક પાસે આવ્યો અને કહ્યું કે મને અમુક બે ઘોડા આપો. માલીકે તેને કહ્યું. આ બે ઘોડા તો પાતળા અને નિર્બલ છે તેને લઇને તું શું કરીશ? બીજા સારા ઘણા ઘોડા છે, તેમાંથી બે લઇલે. તેણે કહ્યું, મને બીજા ઘોડા ન જોઈએ. હું આ જ બે ઘોડા લેવા ઇચ્છું છું. ત્યારે શેઠે વિચાર્યું કે આ માણસને ઘર-જમાઇ કરી લેવો જોઈએ, નહિ તો આ માણસ આ બંને ઉત્તમ ઘોડાઓને લઇને ચાલ્યો જશે. લક્ષણ સંપન્ન ઘોડાના રહેવાથી કુટુંબ તથા ધન સંપત્તિમાં વૃદ્ધિ થશે. એમ વિચારી તેણે પોતાની પત્ની તથા પુત્રીની સંમતિ લઇને, તેની સાથે પોતાની કન્યાનું લગ્ન કરી તેને ઘર જમાઈ તરીકે રાખી લીધો. આ રીતે તે વેપારીએ લક્ષણ સંપન્ન બંને ઘોડાઓને બચાવી લીધા. આમાં વેપારીની વૈનયિકી બુદ્ધિ હતી.

---

## ૪૭ ગ્રન્થી ભેદ

### (ગ્રંથી દૃષ્ટાંત)

કોઇ સમયે પાટલી પુત્રમાં (પટણા શહેરમાં) મુરુડ નામનો રાજા રાજ્ય કરતો હતો. એકદા સમયે કોઇ બીજા રાજ્યના રાજાએ

ક્રીડા નિમિત્તે ત્રણ વસ્તુઓ મોકલી. (૧) એક ગૂઢ સૂત્ર–જેમાં ગુપ્ત ગાંઠ હતી (૨) બીજી સમદષ્ટિ–સરખા ભાગવાળી લાકડી, જેનો મૂળ ભાગ ગુપ્ત હતો અને ત્રીજી (૩) લાખથી અલક્ષિત એવો ડબ્બો કે જેનું મ્હોં લાખથી ચોડેલું હતું, પણ તે દેખાતું ન હતું.

રાજા મુરૂંડે તે ત્રણે ચીજો પોતાના ખાસ માણસોને બોલાવીને બતાવી, પણ કોઇ તેનું રહસ્ય સમજી શકયું નહિં. ત્યાર બાદ કલાચાર્યને બોલાવીને રાજાએ પૂછયું. હે આર્ય, તમે આ સૂત્રના ગ્રન્થીભેદને જાણો છો? કલાચાર્યે કહ્યું હા. હુ જાણું છું. પછી તે કલાચાર્યે ગરમ પાણી મંગાવ્યું અને તે સૂત્રને ગરમ પાણીમાં મૂકયું, ગરમ પાણીથી તે સ્વચ્છ થતાં જ તે સૂત્રનાં અંત ભાગ તથા ગ્રન્થી ભાગ દેખાવા લાગ્યા પછી તેમણે લાકડીને પણ પાણીમાં મૂકી એટલે લાકડીનો જે મૂળ ભાગ હતો તે પાણીમાં ડૂબી ગયો, એટલે સમજાયું કે આ લાકડીનો મૂળ ભાગ છે. અને એમાંજ ગાંઠ છે. એજ રીતે ડબ્બાને પણ ગરમ પાણીમાં મૂકીને કલાચાર્યે તેનું દ્વાર પણ શોધી કાઢયું કારણકે ગરમ પાણીમાં નાખતાંજ તેના પરની લાખ પીગળીને ઓગળી ગઇ. આથી રાજા ઘણો ખુશી થયો.

ત્યાર બાદ રાજાએ કહ્યું. હે કલાચાર્ય! હવે તમે જાણી ન શકાય એવું કોતુક કરો કે જે અમે તે રાજાને મોકલી શકીએ. આ વાત સાંભળી કલાચાર્યે એક તુંબડી લીધી અને તેનો એક ટુકડો જુદો કરીને તેમાં રત્નો ભરી દીધા. પછી તે ટુકડાને એવી રીતે સંધાડી દીધો કે તેના સાંધાની કોઈનેય ખબર ન પડે. પછી રાજાએ આ તુંબડી લઇને એક કર્મચારીને પેલા રાજા પાસે મોકલ્યો અને કહેવડાવ્યું કે આ તુંબડીને તોડયા વિના તેમાંનાં રત્નો કાઢી લેજો. રાજાજ્ઞા મુજબ કર્મચારી પેલા રાજાના મહેલે ગયો અને તુંબડી આપીને રાજાને સંદેશો કહ્યો. પછી આ રાજાએ પોતાના રાજપુરુષોને તેડાવ્યા અને તુંબડી આપીને કહ્યું કે તુંબડીને કાપ્યા વિના

આમાંથી રત્નો કાઢી દો. રાજપુરુષોએ અનેક પ્રયત્નો કર્યાં પણ કોઇ તેમાંથી રત્નો કાઢી શકયાં નહિ. આમાં કલાચાર્યની વૈનયિકી બુદ્ધિ હતી.

---

## ૪૮ વિષ–ઉપશમન

### ( અગદ–ઔષધ દૃષ્ટાંત )

કોઇ એક રાજાની સેનાને તેના દુશ્મન રાજાએ વિષ–પ્રયોગ દ્વારા મૂર્ચ્છિત કરી નાખી હતી. પોતાની સેનાની આ હાલતથી ચિંતાતુર થઇને રાજાએ એજ સમયે વૈદને બોલાવીને કહ્યું વૈદરાજ, મારા આખા સૈન્યને દુશ્મનની સેનાએ વિષ પ્રયોગ દ્વારા મૂર્ચ્છિત કરી નાખ્યું છે. તો હવે આ લોકો કેવી રીતે સચેતન થાય તેનો ઉપાય બતાવો.

રાજાની આ વાત સાંભળીને વૈદે કહ્યું. રાજન્ ચિંતા ન કરો, હું એવો ઉપાય કરીશ કે જેથી આપનું આખું સૈન્ય ઝડપથી સારુ થઇ જાય. એમ કહી વૈદે ઔષધિની એક નાની કટકી રાજાના હાથમાં મૂકતાં કહ્યું. રાજન, આ ઔષધીથી આપનું તમામ સૈન્ય સચેતન બની જશે. એક નાનો કટકો જોઇને રાજા વૈદ પર ગુસ્સે થયો અને બોલ્યો. વૈદજી, આટલી નાની કટકીથી આટલા બધા માણસોનું વિષ શમન થાય એમ હું માનતો નથી. વૈદે કહ્યું. મહારાજ, આ દવામાં એવો ગુણ છે કે લાખ માણસો તેનાથી સાજા થઇ જાય. ત્યારે રાજાએ કહ્યું કે તેની ખાત્રી શી ? આથી વૈદે પ્રયોગ કરવા માટે રાજાને ઝેરના ભોગ બનેલો એવો એક હાથી લાવવાનું કહ્યું, એટલે રાજાએ ઝેરના પ્રયોગથી મૂર્છિત થયેલો હાથી વૈદ સમક્ષ મંગાવ્યો. એટલે વૈદે તરતજ હાથીની પુંછડીમાંથી એક વાળ ખેંચી કાઢયો અને તે સ્થાને તે ઔષધીની નાની સરખી કણી મૂકી. થોડી

જ વારમાં હાથીની મૂર્ચ્છા વળી અને તરતજ તે ઉભો થયો. રાજાએ હાથીને સ્વસ્થ થયેલો જોઇને વૈદને કહ્યું. બહુ સારૂં વૈદરાજ. હવે આ પ્રયોગ તમે મારા સૈન્ય પર કરો, એટલે વૈદે તે પ્રયોગ સૈન્યના બધા માણસો પર કર્યો અને આ દવાના ચમત્કારિક ગુણથી રાજાનું આખું સૈન્ય સચેતન બની ગયું. રાજા ઘણો આનંદ પામ્યો અને વૈદનું પુરસ્કાર દ્વારા બહુમાન કર્યું. આમાં વૈદની વિનયની બુદ્ધિ હતી.

---

## ૪૯ બ્રહ્મચર્યની દુષ્કરતા

### (કોશ્યા અને રથિક)

પાટલીપુત્ર નામના શહેરમાં કોશ્યા નામની એક વેશ્યા રહેતી હતી. આ વરસમાં 'સ્થૂલિભદ્ર' નામના જૈનમુનિએ ગુરૂની આજ્ઞા લઈને તેને ત્યાં ચાતુર્માસ કર્યું:સ્થૂલિભદ્ર અગાઉ તેનો પ્રેમી હોવાથી કોશ્યાએ અનેક પ્રકારના હાવભાવ વડે સ્થૂલિભદ્રને વિચલિત કરવાના પ્રયત્નો કર્યા, પરન્તુ મુનિ પોતાના સંયમધર્મથી જરા પણ ચલિત થયા નહિ. એટલું જ નહિ પણ તેમણે એવો પ્રભાવશાળી ધર્મોપદેશ આપ્યો કે જેને કારણે તે વેશ્યા મટીને બારવ્રતધારી સાચી શ્રાવિકા બની ગઈ.

કોઈ એક સમયે કોઈ રથિકે રાજાને પ્રસન્ન કરી કોશ્યાવેશ્યાની માગણી કરી. રાજાએ તેની માગણી સ્વીકારીને કોશ્યાને આજ્ઞા કરી, પરન્તુ જ્યારે તે રથિક કોશ્યાની પાસે આવ્યો ત્યારે તે કોશ્યા સ્થૂલિભદ્ર મુનિની વારંવાર પ્રશંસા કરવા લાગી અને રથિકની ઉપેક્ષા કરી. રથિક પોતાની ચતુરાઈથી કોશ્યાને ખુશ કરવા માટે અશોક-વાટિકામાં લઈ ગયો. ત્યાં તેણે જમીન પર ઉભા રહીને આંબાના ઝાડ પરની મંજરી (ફૂલની કળીઓનો ઝૂમખો) ને અર્ધચંદ્રાકારે કાપી નાખી. આ જોઇને પણ કોશ્યા પ્રસન્ન થઈ નહિ અને બોલી કે શિક્ષિત

પુરૂષોને માટે શું દુષ્કર છે! જુઓ હું સરસવના ઢગલા પર સોયમાં પરોવેલા કરેણના ફૂલો પર નાચું છું. એમ કહીને તેણે સરસવના ઢગલા પર સોયમાં પરોવેલા કરેણના ફૂલોપર નૃત્ય કરી બતાવ્યું. આ જોઇને રથિક ખૂબ ખુશ થયો. અને કોશાવેશ્યાની પ્રશંસા કરવા લાગ્યો, ત્યારે કોશાવેશ્યાએ કહ્યું. સાંભળો.

આમ્રમંજરી તોડવી, એ કામ દુષ્કર છે નહિ,
સરસવતણા ઢગલા મહિ પણ, નૃત્ય દુષ્કર છે નહિ,
સ્ત્રીઓતણા સમુદાયમાં રહી, બનવું મુનિ દુષ્કર છે,
બ્રહ્મચર્ય ને સંયમ તણું પાલન અતિ દુષ્કર છે.

હે મહાનુભાવ, વિદ્યાના બળે આમ્રની મંજરીઓ તોડવી કે કલાના બળે સરસવના ઢગલા પર નૃત્ય કરવું એ દુષ્કર નથી, પરન્તુ સ્ત્રીસમુદાયની વચ્ચે રહીને પણ મુનિ બનવું અને બ્રહ્મચર્ય અને સંયમનું અનેક પ્રલોભનો સામે દઢતાપૂર્વક રક્ષણ કરવું તે અતિ અતિ દુષ્કર છે.

એમ કહી કોશા વેશ્યાએ સ્થૂલિભદ્રનો ભૂતકાળનો અને વર્તમાન-કાળનો ઈતિહાસ કહી સંભળાવ્યો. તેનો આ રથિક પર ભારે પ્રભાવ પડયો અને તે પણ પરસ્ત્રી ગમનનો ત્યાગ કરી બારવ્રતધારી શ્રાવક બની ગયો.

---

## ૫૦ સંકેત દ્વારા રક્ષણ

### (શાટિકાદિ દષ્ટાંત)

એક કલાચાર્ય રાજકુમારોને ભણાવતા. રાજકુમારો પણ અવાર-નવાર કલાચાર્યને સારા પ્રમાણમાં દ્રવ્ય આપીને તેમનો સત્કાર કરતા હતા. આ વાતની રાજાને ખબર પડી કે કલાચાર્ય મારા પુત્રો

પાસેથી ઘણું દ્રવ્ય મેળવેછે ત્યારે રાજાએ કલાચાર્યને મારી નાખવાનો વિચાર કર્યો. આ વિચાર રાજાના પુત્રોના જાણવામાં આવ્યો, ત્યારે તેઓ ખૂબ ચિંતાતુર બન્યા અને વિચારવા લાગ્યા કે કોઇ પણ રીતે વિદ્યા ગુરૂનો બચાવ કરવો જોઈએ. એમનો અમારા ઉપર મહાન ઉપકાર છે. તેમનું અનિષ્ઠ થાય તે કોઈ રીતે સહન કરી શકાય નહિં.

એ દરમ્યાન કલાચાર્ય ભોજન કરવા માટે ત્યાં આવ્યા. અને સ્નાન કરીને પહેરવા માટે રાજકુમારો પાસે ધોતી માગી, ત્યારે રાજકુમારોએ કહ્યુ' કે ધોતી તો લીલી છે, હજુ સૂકાઈ નથી. તથા બારણાં પાસે નાનું તરણું (તૃણ) મૂકીને કહ્યું કે આ તૃણ કેટલું બધું મોટું છે! વળી આ કલાચાર્યના શિષ્યોમાં "ક્રૌંચ" નામનો એક શિષ્ય હતો તે નિયમ મુજબ જમણી બાજુના બદલે ડાબી બાજુ પ્રદક્ષિણા કરવા લાગ્યો.

આ પ્રમાણે કુમારોના વિપરીત આચરણો જોઈ, કલાચાર્ય સમજી ગયા કે અત્યારે બધા મારી વિરુદ્ધ થઈ ગયા લાગે છે. ફક્ત કુમારો જ મારા પ્રત્યે ભક્તિ ભાવ દર્શાવે છે. આમ વિચારી તે કલાચાર્ય રાજાની નજરે પડયા વગર, બહારગામ ચાલ્યા ગયા.

આમાં સંકેત દ્વારા કલાચાર્યે પોતાના દ્રવ્યનું રક્ષણ કર્યું, તે વૈનયિકી બુદ્ધિનું પરિણામ હતું. તથા શિષ્યોનું કલાચાર્ય દ્વારા જે હિત થયું અને તેથી તેમને સુબુદ્ધિ ઉત્પન્ન થઈ તે પણ તેમની વૈનયિકી બુદ્ધિનું ફળ હતું.

---

## ૫૧ શબ પરીક્ષા

### (નેવાના પાણીનું દષ્ટાંત.)

એક વણિક હતો. તે પોતાની પત્નીને ઘેર મૂકીને ધંધાર્થે પરદેશમાં રહેતો હતો. એક દિવસે તેની પત્નીએ કામ-વ્યથાથી

વ્યાકૂળ થઇને પોતાની દાસીને કહ્યું કે તું કોઈપણ પુરુષને બોલાવી લાવ. દાસી મકાનમાંથી બહાર આવી અને જતા આવતા પુરુષોમાંથી એક પુરુષને મકાનમાં બોલાવી લાવી. વણિક પત્નીએ આવનાર પુરુષનો સત્કાર કર્યો તથા મિષ્ટ વાણીથી તેને સંતોષ્યો. ત્યારબાદ તેણે દાસીને કહ્યું કે જા, હજામને બોલાવી લાવ, કેમકે આમના વાળ અને નખ વધી ગયા છે. એટલે દાસી એક હજામને તે મકાનમાં બોલાવી લાવી. હજામે તે પુરુષના નખ અને વાળ કાપ્યા અને પોતાનું મહેનતાણું લઇને ચાલ્યો ગયો.

ત્યારબાદ રાત્રી થતાં આ બંને પોતાના મકાનને ત્રીજે માળ ગયા. અને બીછાવેલા પલંગ પર બેઠા. તેવામાં અચાનક પુરૂષને તરસ લાગી. તે વખતે વર્ષાઋતુ હોઈ ધીરે ધીરે વરસાદ વરસતો હતો, એટલે આ પુરુષે અગાસી આગળ ઉભા રહીને છાપરાના નેવામાંથી નીકળતું પાણી પી લીધું અને પોતાની તૃષા છીપાવી. પરન્તું આ પાણી ઝેરી સર્પના શરીરને સ્પર્શીને આવેલું હતું તેથી તે ઝેર-વાળું બની ગયેલું હતું. આવું પાણી પીવાથી આ પુરુષના હૃદયમાં ઝેરનું સંમિશ્રણ થઈ ગયું, પરિણામે તે થોડી જ ક્ષણમાં મૃત્યુ પામી ગયો.

આ દશ્ય જોઇને વણિકસ્ત્રી ગભરાઈ ગઈ અને તેણે દાસીને બૂમ મારીને નીચેથી ઉપર બોલાવી અને બનેલી હકીકત કહી. દાસીએ કહ્યું: ગભરાશો નહિં, હમણાંજ હું આ શબની વ્યવસ્થા કરું છું. પછી તે બંને જણાએ મધ્ય રાત્રીએ તે શબને બહાર ઉંચકી જઇને કોઈ દેવાલયમાં મૂકી દીધું.

સવાર પડતાં આ વાત શહેરમાં ચારે કોર ફેલાઈ ગઈ. શહેરનો કોટવાળ તપાસ કરવા ત્યાં આગળ આવી પહોંચ્યો. શબનું નિરીક્ષણ કરતાં તેને જણાયું કે આ પુરુષના માથાના વાળ અને નખ તાજા

કપાયેલા છે. માટે હજામોને બોલાવી આ મૃત્યુનો ભેદ ઉકેલવો જોઈએ, એટલે કોટવાલે ગામના તમામ હજામોને એકઠા કર્યા અને કહ્યું કે તમારામાંના કયા માણુસે આ મરી ગયેલા માણસના વાળ અને નખ કાપ્યા છે ? બોલો. આથી એક હજામ આગળ આવ્યો અને તેણે કહ્યું કે-અમુક મકાનમાં રહેતા અમુક શેઠની દાસી મને બોલાવવા આવી હતી તેથી મેં તેનાં મકાનમાં જઈ આ પુરુષના નખ, વાળ કાપ્યા છે. આ પરથી કોટવાળ તે વણિક પત્નીના ઘેર ગયો અને દાસી તથા વણિકપત્ની દ્વારા, બધો ભેદ પારખી લીધો.

આ મૃત્યુનો ભેદ શોધી કાઢવામાં કોટવાલની વૈનયિકી બુદ્ધિ હતી.

---

## પર રાજકુમારનો ન્યાય

### (બળદ, અશ્વ અને વૃક્ષનું દૃષ્ટાંત)

કોઈ એક ગામમાં એક ગરીબ ખેડૂત રહેતો હતો. તેની પાસે ખેતી કરવા માટે બળદ ન હતા. તેથી તેણે પોતાના મિત્રના બળદ લાવીને અને ખેતર ખેડીને અનાજ વાવી દીધું. કામ પતી ગયા પછી તે ખેડૂત તેના મિત્રને ત્યાં તેના બળદો પાછા આપવા ગયો. જ્યારે તે બે બળદોને લઈ આવ્યો ત્યારે તેનો મિત્ર ભોજન કરતો હતો. તેથી તે બળદોની પાસે આવી શક્યો નહિં. પેલો ગરીબ ખેડૂત તેના મિત્રના દેખતાં બળદોને મિત્રના ઘરના ચોકમાં ગમાણ પાસે મૂકીને પોતાને ઘેર ગયો.

ત્યારબાદ તેના માલિકની બેકાળજીને કારણે બળદો ત્યાંથી બહાર ચાલ્યા ગયા. તેમને ન ધણીયાતા માનીને ચોરો તે બળદોને ઉપાડી ગયા. હવે જ્યારે બળદોનો માલિક જમીને બહાર આવ્યો, તો તેણે પેલા બળદોને જોયા નહિ તેથી તે જલ્દીથી તેના ગરીબ મિત્ર—ખેડૂતને ઘેર આવ્યો અને કહ્યું કે તમે લઈ ગયા હતા તે બે બળદો મને

પાછા આપો, ત્યારે ગરીબ ખેડૂતે કહ્યું કે બળદો તો મેં તમારા ઘેર પહોંચાડી દીધા છે. માલિકે કહ્યું, તે વાત ખોટી છે. માટે મારા બળદો લાવી આપ. આથી ખેડૂત મિત્રે ઘણી તપાસ કરી પણ બળદો મળ્યા નહીં કેમકે તેને તો ચોરો ચોરી ગયા હતા. એટલે બંને વચ્ચે ઝગડો થયો.

હવે પેલા બળદના માલિકે ગરીબ ખેડૂત પાસેથી બળદો મેળવવા માટે રાજ કચેરીમાં ફરિયાદ કરી. ગરીબ ખેડૂત કચેરીમાં જઈ રહ્યો હતો, તેવામાં એવું બન્યું કે, એક માણસ, ઘોડા પર બેસીને ત્યાંથી પૂરઝડપે પસાર થઈ રહ્યો હતો, તેવામાં એકાએક ઘોડો ઉછળ્યો તેથી સવાર નીચે પડયો. ઘોડો પૂર વેગે જતો હતો તે વખતે ઘોડેસવારે તે રસ્તે જતા આ ગરીબ ખેડૂતને બૂમ પાડીને કહ્યું કે અલ્યા, આ ઘોડાને માર અને રોક. આથી ગરીબ ખેડૂતે ઘોડાના મર્મસ્થાને જોરથી લાકડીનો પ્રહાર કર્યો, જેથી ઘોડો મરણ પામી ગયો. આ જોઈ ઘોડેસવારે ગરીબ ખેડૂત પર ઘોડાનું ખુન કર્યાનો આરોપ મૂકયો.

આ પ્રમાણે આ બંને લડતા લડતા નગરની પાસે આવી પહોંચ્યા. તે વખતે સૂર્ય અસ્ત થઈ ગયો હતો, તેઓ કોઈ વૃક્ષની નજીકમાં રાતવાસો રહ્યા. તે દરમ્યાન પાસેના વૃક્ષ નીચે કેટલાક નટો રાત-વાસો રહેવા રોકાયા હતા. હવે આ ગરીબ ખેડૂતે વિચાર કર્યો કે મારા પર બળદ ચોર્યાની ફરિયાદ છે. બીજી તરફ આ ઘોડેસવારની પોતાના ઘોડાને મારી નાખ્યાની ફરિયાદ છે. અને હું તદ્દન નિર્ધન છું. આ સ્થિતિમાં જીવવું તેના કરતાં મરી જવું બહેતર છે. એમ ધારી તેણે આત્મહત્યા કરવાનો વિચાર કર્યો. એટલે તે પોતાની પાસેનું માથાબંધણું લઈ બાજુના વૃક્ષ પર ચડયો અને તે વસ્ત્રનો ગળામાં ફાંસો નાખ્યો, પણ તેણે વસ્ત્રનો જે ફાંસો

બનાવ્યો હતો તે વસ્ત્ર જુનું-પુરાણું હતું એટલે તેનો ભાર સહન ન થતાં વસ્ત્ર ચીરાઈ ગયું. અને આ ગરીબ ખેડૂત જે વૃક્ષ નીચે નટ લોકો સૂતા હતા તેમાંના એક નટના નાયક ઉપર પડયો. તે એટલે બધે ઉંચેથી પડયો હતો કે જેને પરિણામે કારમી ચીસ પાડી તે નાયક મૃત્યુ પામી ગયો.

તેની ચીસ સાંભળીને બધા નટ લોકો જાગી ગયા. તેમણે આપત્તિમાં મૂકાયેલા આ ગરીબ માણસને પકડી લીધો. સવાર પડતાં જ તેઓ બધા નગરમાં જઈ ફરિયાદ કરવા માટે કચેરીમાં આવ્યા. તે વખતે ત્યાંના રાજકુમારો જ લોકોની ફરિયાદ સાંભળી ન્યાય આપતા હતા. તે દરમ્યાન આ બધા લોકો ફરિયાદ કરવા આવી પહોંચ્યા. બધાએ પોતપોતાના આરોપો આ દરિદ્ર માણસ પર મૂકયા. રાજકુમારોને આ ગરીબ માણસની દયા આવી. પછી રાજકુમારોએ નીચે પ્રમાણે ત્રણેય કેસોનો નિકાલ કર્યો.

(૧) પ્રથમ તેના ખેડૂત મિત્રને કહ્યું: આ માણસ તમારા બળદો તમને પાછા આપવા તૈયાર છે, પરંતુ તે પહેલાં તમારી બંને આંખો તેને કાઢી આપો, કારણ કે જ્યારે તેણે તમારા દેખતાં જ તમારા બંને બળદોને તમારા મકાનના ચોકમાં છૂટા મૂકયા ત્યારથી જ તે તમારા ઋણથી મૂક્ત થઈ ગયો ગણાય, જો તમે તે બળદોને જોયા ન હોત, તો તે, તે સમયે તેના ઘેર ગયો ન હોત, તેથી તેમાં તેનો દોષ નથી પણ તમારી આંખોનો જ દોષ છે, તેથી તેની સજા તમારી આંખોએ જ ભોગવવી જોઇએ-તમે તમારા બળદોની સંભાળ કેમ ન લીધી? આ રીતે રાજકુમારોએ ગરીબ ખેડૂતને નિર્દોષ ઠરાવ્યો.

(૨) પછી વારો આવ્યો અશ્વના માલીકનો. રાજકુમારોએ ઘોડે સવારને કહ્યું કે હું તમારો ઘોડો તમને પાછો અપાવીશ, પરન્તુ

તે પહેલાં તમારે તમારી જીભ કાપીને તેને આપવી પડશે. કારણ કે તમે તેને એવું કહ્યું કે ઘોડાને મારો અને રોકો. ત્યારે જ આ માણસે તમારા ઘોડાને લાકડી મારી અને અકસ્માત ઘોડો મરી ગયો. માટે આમાં તેનો દોષ નથી, પણ તમારી જીભનો દોષ છે. જો તમે તેને એટલું જ કહ્યું હોત કે ઘોડાને રોક. તો તે માણસ ઘોડાને રોકવાનો પ્રયત્ન કરત, પણ લાકડીથી મારવાનો નહિં, એમ કહી ઘોડેસવારની ફરિયાદ કાઢી નાખી અને ગરીબને નિર્દોષ ઠરાવ્યો.

(૩) પછી આવ્યા નટ લોકો. તેમને કુમારોમાંના એકે કહ્યું કે ભાઇઓ, આ માણસ પાસે એવી કોઈ વસ્તુ નથી કે જે હું તમને અપાવી શકું, પરન્તુ તમારામાંનો કોઇ એક પોતાના ગળામાં ફાંસો નાખીને વૃક્ષ ઉપરથી આ માણસની ઉપર પડે અને હું તેને વૃક્ષ નીચે સુવડાવવાનો પ્રબંધ કરું છુ. રાજકુમારનું આ કથન સાંભળીને બધા નટો ચૂપ થઈ ગયા. અને આ ગરીબ ખેડૂતને બધા અપરાધોમાંથી મુક્તિ મળી. રાજકુમારોનો આભાર માનતો તે ખેડૂત પોતાને ઘેર ગયો.

આ ત્રણેય દષ્ટાંતોમાં રાજકુમારોની વૈનયિકી બુદ્ધિ હતી.

---

## ૫૩ ચોર અને ખેડૂતની કળા *

( ખેડૂત દષ્ટાંત )

કોઈ ચોરે એકરાત્રે કોઈ એક વણિકના મકાનમાં કમળના આકારે ખાતર પાડયું (ચોરી કરી). સવાર પડી ત્યારે ત્યાં આગળ ઘણા માણસો ભેગા થયા અને ચોરની ચૌર્યકળાની પ્રશંસા કરવા લાગ્યા. આ બધા માણસોમાં પેલો ચોર પણ તેમાં સામેલ હતો. લોકો ચોરની પ્રશંસા કરતા ત્યારે એક કુશળ ખેડૂત બોલ્યો. એમાં ચોરની પ્રશંસા

* આ દષ્ટાંત 'કર્મજા' બુદ્ધિનું છે.

કરવા જેવું શું છે! જે માણસ જે કળામાં પ્રવીણ થયો હોય તેને માટે આ વસ્તુ સ્વાભાવિક છે. આ વાત પેલા ચોરે સાંભળી એટલે તેને ગુસ્સો આવ્યો : તે મનમાં બોલ્યો કે આ બધા લોકો મારી પ્રશંસા કરે છે અને આ માણસ કેવો નાલાયક છે કે મારી કળાને તુચ્છકારી કાઢે છે. આવો વિચાર કરી તે ચોરે બાજુના માણસને પૂછી ખેડૂતનો પરિચય મેળવી લીધો.

કેટલાક દિવસ પછી એક દિવસે આ ખેડૂત પોતાને ખેતર જઈ રહ્યો હતો ત્યારે આ ચોર તેની પાછળ આવ્યો અને ખેતરમાં તેને ઉભો રાખી પોતાની પાસેનો છરો બતાવીને કહ્યું. અલ્યા ખેડૂત, આ છરીથી હમણાજ હું તારું ખૂન કરીશ. ત્યારે ખેડૂતે કહ્યું : ભાઈ, ખૂન કરવાનું કાંઈ કારણ? મારો એવો શો ગુન્હો છે તે કહે. ત્યારે ચોર બોલ્યો કે જો. આજથી થોડા દિવસ પહેલાં વણિકના એક મકાનમાં મેં કુશળતાપૂર્વક ચોરી કરી હતી, તે વખતે બધા માણસો મારી કળાની પ્રશંસા કરતા હતા. પણ તેં પ્રશંસા ન કરી પણ મારી કલાને તેં સામાન્ય ગણાવી, તેથી હું તારા પર ગુસ્સે થયો છું અને આ છરીથી તને 'હતો ન હતો' કરી નાખવા તૈયાર થયો છું.

આ સાંભળી ખેડૂત નમ્રતાથી બોલ્યો. ભાઈ, એમાં નવાઈ શી છે! જે માણસ હંમેશના અભ્યાસથી જે બાબતમાં કુશળ થયો હોય તેની કુશળતા પ્રશંસાપાત્ર શી રીતે ગણી શકાય! આ બાબતમાં હું બીજાની શી વાત કરું! મારીજ વાત કરું. જુઓ, મારા હાથમાં આ મગના દાણા છે. તમે જ કહો કે હું આ બધા દાણા તેનું મુખ નીચે રહે તે પ્રમાણે નાખું કે ઉંચે મુખે રહે તે પ્રમાણે નાખું? ખેડૂતની આ વાત સાંભળી આશ્ચર્ય પામેલા ચોરે કહ્યું: તે બધા દાણા અધોમુખ પડે તેવી રીતે નાખો. આથી ખેડૂતે ત્યાં એક વસ્ત્ર

પાથરી દીધું અને તેના પર તેણે મગના બધા દાણાને એવી રીતે નાખ્યા કે તે બધા અધોમુખ જ પડયા. આ જોઇને ચોર ખૂબ નવાઈ પામી ગયો અને ખેડૂતની પ્રશંસા કરતો કહેવા લાગ્યો કે ભાઈ, જો તમે આ કળા ન બતાવી હોત તો અવશ્ય હું તમને મારી નાખવાનો હતો, પરન્તુ તમે જે કળા બતાવી તેથી સાબીત થાય છે કે દરરોજના અભ્યાસથી માણસ પોત પોતાની કળામાં આશ્ચર્યજનક પ્રગતિ સાધી શકે છે.

આ કથામાં ખેડૂત અને ચોરની "કર્મજા બુદ્ધિ" હતી.

---

## ૫૪ અભયકુમારની બુદ્ધિ.*

માલવદેશની ઉજ્જયિની નગરીમાં ચંડ પ્રદ્યોત રાજા રાજ્ય કરતો હતો. એક સમયે તેણે મગધદેશના રાજગૃહ નગરના રાજા શ્રેણિક પાસે એક દૂત મોકલ્યો અને કહેવડાવ્યું કે જો રાજા શ્રેણિક પોતાના રાજ્યનું હિત ઇચ્છતો હોય તો તે (૧) વંકચૂડ નામનો હાર (૨) સિંચાનક નામનો ગંધ હસ્તી (૩) અભયકુમાર અને (૪) ચેલણા રાણીને મારા રાજ્યમાં મોકલી આપે.

રાજગૃહમાં જઇને દૂતે શ્રેણિકને પોતાના રાજા ચંડ પ્રદ્યોતનો હુકમ કહી સંભળાવ્યો. આ સાંભળીને રાજા શ્રેણિક ખૂબ ગુસ્સે થયો. તેણે દૂતને કહ્યું: તમારા રાજાને જઇને કહો કે, (૧) અગ્નિમુખ રથ (૨) અનલગિરિ હાથી (૩) વજ્રજંઘ દૂત અને (૪) શીવાદેવી, એ ચારને અમારે ત્યાં મોકલી આપો.

ઉજ્જયિનીમાં જઇને દૂતે, રાજા શ્રેણિકે કહેલી વાત કહી સંભળાવી. તે સાંભળીને તે પણ અત્યંત ક્રોધિષ્ટ થયો અને મોટું

* આ દૃષ્ટાંતો પારિણામિકી બુદ્ધિનાં છે.

સૈન્ય લઇને રાજગૃહીપર ચડાઇ કરી. નગરની બહાર તેની સેનાએ પડાવ નાખ્યો. શત્રુનું આક્રમણ સાંભળીને, શ્રેણિકે પણ પોતાની સેનાને સજ્જ કરવાનો હુકમ આપી દીધો. ત્યારે અભયકુમારે કહ્યું:– મહારાજા, તમે યુદ્ધની તૈયારી શા માટે કરો છો? હું એવો ઉપાય કરીશ કે ચંડપ્રદ્યોત (અભયકુમારના માસા) કાલ સવારે જ પાછા જાય. રાજાએ અભયકુમારની વાત સ્વીકારી લીધી.

રાત્રીના સમયે અભયકુમાર પોતાની સાથે ખૂબ ધન લઈને રાજમહેલથી નીકળ્યો. તેણે ચંડપ્રદ્યોત રાજાના સેનાપતિ તથા મોટા મોટા ઉમરાવોના તંબુ પાછળ ધનને દાટી દીધું. પછી તે ચંડપ્રદ્યોત પાસે આવ્યો અને તેને પ્રણામ કરીને કહ્યું: માસાજી! મારા માટે તો તમે તથા પિતાજી બંને સરખા આદરણીય છો. તેથી હું આપના હિતની વાત કહું છું. કેમ કે કોઈની સાથે છળ કપટ થાય તે હું ઇચ્છતો નથી. ચંડપ્રદ્યોતે ઉત્સુકતાથી પૂછ્યું: "વત્સ, મને જલ્દી કહે કે મારી સાથે કયો છળ પ્રપંચ થયો છે? અભયકુમારે કહ્યું: પિતાજીએ આપના સેનાપતિ અને મોટા મોટા ઉમરાવોને લાંચ આપીને ફોડયા છે. તે લોકો તમને સવારમાં પકડાવી દેશે. તેઓ પાસે આવેલું ધન હું તમને બતાવું."

એમ કહીને અભયકુમાર, ચંડપ્રદ્યોતને સાથે લઇને ચાલ્યો અને સેનાપતિ તથા ઉમરાવોના તંબુઓ પાછળ દાટેલું ધન બતાવ્યું. ચંદ્રપ્રદ્યોતને અભયકુમારની વાત પર વિશ્વાસ બેઠો. તે તરતજ પોતાના તંબુપર આવ્યો અને પોતાના ઘોડાપર બેસીને તે જ રાત્રે ઉજ્જયિનીમાં પાછો ફર્યો.

પ્રાત: કાળે સેનાપતિ અને ઉમરાવોને જ્યારે ખબર પડી કે મહારાજા તો છાવણીમાંથી ભાગી ગયા છે, એ જાણી તેમને ભારે આશ્ચર્ય થયું. તેઓએ વિચાર્યું કે જ્યારે લશ્કરના નાયક જ નથી,

તો પછી નાયક વિનાની સેના શું કરી શકે? એવો વિચાર કરી સેનાપતિ, ઉમરાવો બધા પોતાનું લશ્કર લઇને ઉજ્જયિનીમાં આવતા રહ્યાં. જ્યારે તેઓ રાજાને મળવા ગયા ત્યારે પ્રથમ તો રાજાએ તેમને વિશ્વાસઘાતી સમજીને તેમને મળવાનો ઈન્કાર કર્યો. પરન્તુ તેમણે જ્યારે ખૂબ વિનંતી કરી ત્યારે રાજાએ તેમને મળવા બોલાવ્યા.

સેનાપતિએ મહારાજાને પાછા ફરવાનું કારણ પૂછ્યું ત્યારે ચંડપ્રદ્યોતે તેમને બધી હકીકત કહી સંભળાવી. ત્યારે તેઓ બોલ્યા: દેવ! અભયકુમાર ઘણા બુદ્ધિશાળી છે. તેમણે તમને છેતરીને પોતાનો બચાવ કરી લીધો છે. આ સાંભળીને તે અભયકુમાર પર ખૂબ ગુસ્સે થયો. તેમણે હુકમ કર્યો કે જે કોઇ અભયકુમારને પકડીને મારી પાસે લાવશે તેને મોટું ઈનામ આપીશ.

એક વેશ્યાએ રાજાની આ આજ્ઞાનો સ્વીકાર કર્યો. તેણી કપટ-શ્રાવિકા બનીને રાજગૃહમાં આવી. કેટલાક સમય પછી તેણે અભય-કુમારને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું. તેને શ્રાવિકા સમજીને અભયકુમારે તેનું આમંત્રણ સ્વીકાર્યું. અને એક દિવસ જમવા માટે તે તેના ઘેર ગયો. વેશ્યાએ ભોજનમાં કોઈ નશાવાળી ચીજ ભેળવી દીધી હતી, તેથી ભોજન લેતાંજ અભયકુમાર બેશુદ્ધ બની ગયો. એજ વખતે વેશ્યા તેને રથમાં ચડાવીને ઉજ્જયિની લઈ આવી અને તેને રાજા આગળ હાજર કર્યો.

મહારાજા ચંદ્રપ્રદ્યોતે કહ્યું: "અભયકુમાર, તેં મને છેતર્યો છે, પરન્તુ મેં પણ કેવી ચતુરાઈથી તને પકડીને અહિં મંગાવ્યો! બોલ, હવે તારે શું કહેવું છે?"

અભયકુમારે કહ્યું: માસાજી! અભિમાન ન કરો. આ ઉજ્જયિની નગરીની બજારમાંથી જ, આપના માથામાં જોડા મારતો મારતો હું આપને રાજગૃહીમાં લાવું ત્યારે જ મારું નામ અભયકુમાર સમજજો." ચંડપ્રદ્યોતે અભયકુમારની આ વાત મજાકમાં ઉડાવી દીધી.

કેટલાક દિવસો પછી અભયકુમારે એક એવા માણસને શોધી કાઢયો કે જેનો અવાજ બરોબર ચંડપ્રદ્યોતના અવાજને મળતો આવતો હતો. તેણે તે માણસને પોતાની પાસે રાખ્યો અને બધું બરોબર સમજાવી દીધું. એક દિવસ તેને રથમાં બેસાડીને, તેના માથાપર જોડા મારતો અભયકુમાર ઉજ્જયિનીની બજારમાં થઈને નીકળ્યો. તે પુરુષ બૂમો પાડવા લાગ્યો કે અભયકુમાર મને જોડા (જુતા=પગરખાં) થી મારી રહ્યો છે. મને છોડાવો, છોડાવો. રાજા ચંડપ્રદ્યોત જેવો અવાજ સાંભળીને હજારો લોકો એકદમ તેને છોડાવવા માટે આવ્યા. એટલે તે પુરુષ તથા અભયકુમાર મોટેથી હસવા લાગ્યા. લોકો સમજ્યા કે અભયકુમાર બાલક છે તેથી તે બાલક્રીઠા કરે છે. એટલે લોકો પોતપોતાને સ્થાને જતા રહ્યા.

અભયકુમાર આ પ્રમાણે પાંચ સાત દિવસ સુધી આવું લોકોને બતાવતો રહ્યો, પણ તેમને છોડાવવા હવે કોઈ પણ માણસ તેમની પાસે આવતું ન હતું. કેમકે સૌને એવો વિશ્વાસ થઇ હતો કે આ તો અભયકુમારની બાલક્રીડા છે.

એક દિવસ યોગ્ય સમય જોઇને, અભયકુમારે રાજા ચંડપ્રદ્યોતને બાંધીને પોતાના રથમાં નાખી દીધો. અને તેના માથામાં જોડા મારતો મારતો ઉજ્જયિનીના બજારમાંથી નીકળ્યો. ચંદ્રપ્રદ્યોત બૂમો મારવા લાગ્યો કે દોડો, દોડો, અભયકુમાર મને જોડા મારતો મારતો લઈ જાય છે, મને છોડાવો, મને છોડાવો. લોકો હંમેશની જેમ આજે પણ અભયકુમારની આ બાલક્રીડા સમજ્યા, તેથી કોઇ તેને છોડાવવા આવ્યું નહિં. અભયકુમાર રાજા ચંડપ્રદ્યોતને રાજગૃહમાં લઇ આવ્યો. તે પોતાના મનમાં ખૂબ શરમાયો અને રાજા શ્રેણિકની પોતાના અપરાધ માટે માફી માગી. રાજા શ્રેણિકે તેને છોડી દીધો. તે ઉજ્જયિનીમાં આવી પોતાનું રાજ્ય કરવા લાગ્યો.

રાજા ચંડપ્રદ્યોતને પકડીને આવી રીતે લઇ આવવામાં અભયકુમારની "પારિણામિકી બુદ્ધિ" હતી.

---

## ૫૫ દોષ–નિવારણ

### (શ્રેષ્ઠિ–દૃષ્ટાંત)

કોઈ એક નગરમાં 'કાલ' નામનો શેઠ રહેતો હતો. તેની સ્ત્રીનું દુષ્ચરિત્ર દેખીને તેને વૈરાગ્ય થયો. ગુરૂ પાસે જઇને તેણે દીક્ષા લઈ લીધી. મુનિ બનીને તે શુદ્ધ સંયમ પાળવા લાગ્યો.

આ બાજુ પરપુરુષના સમાગમથી આ સ્ત્રીને ગર્ભ રહ્યો. આ વાતની રાજ્યમાં ખબર પડી એટલે તે સ્ત્રીને પકડીને રાજ્યદરબારમાં લાવવામાં આવી. સંયોગવશાત્ વિહાર કરતાં કરતાં તે મુનિ ત્યાંથી નીકળ્યા. મુનિને સંબોધન કરીને તે સ્ત્રી કહેવા લાગી:–હે મુનિ, આ તમારો ગર્ભ છે, તમે આને છોડીને કયાં જાઓ છો? આનું શું થશે?

સ્ત્રીનાં વચન સાંભળીને મુનિએ વિચાર કર્યો કે હું તો નિષ્કલંક છું, તેથી મારા મનમાં તો મને કોઈ જાતનો ખેદ નથી, પણ આ સ્ત્રીએ કરેલાં આ પાપનો આરોપ જો મારા પર આવશે તો જૈનશાસન તથા જૈન સાધુઓની કીર્તિને ઝાંખપ લાગશે. એમ વિચારીને મુનિએ કહ્યું–જો આ ગર્ભ મારો હોય તો તેનો સુખપૂર્વક પ્રસવ થાય અને જો આ ગર્ભ મારો ન હોય તો ગર્ભનો સમય પૂરો થઇ જવા છતાં પણ તેનો પ્રસવ ન થાય, પરિણામે તેનું પેટ ચીરીને ગર્ભને બહાર કાઢવાની પરિસ્થિતિ આવીને ઉભી રહે.

હવે ગર્ભનો સમય પૂરો થઈ ગયો હોવા છતાં પણ બાળકનો જન્મ ન થયો. તેની માતાને બહુ કષ્ટ પડવા લાગ્યું. સંયોગવશાત્

વિહાર કરતાં કરતાં એજ મુનિ એ દિવસોમાં ત્યાં પધાર્યા. રાજપુરુષો સમક્ષ તે સ્ત્રીએ મુનિ પ્રત્યે પ્રાર્થના કરી.

મહારાજ ! આ ગર્ભ આપનો નથી. મેં આપના પર ખોટું આળ મૂકયું હતું, મારા અપરાધ માટે હું આપની પાસે વારંવાર ક્ષમા માગું છું. હવે પછી હું આવો અપરાધ નહિ કરું.

આ પ્રમાણે અપરાધની ક્ષમા માગતા તથા મુનિ ઉપરનું કલંક ઉતરી જતાં ગર્ભનો સુખપૂર્વક પ્રસવ થઈ ગયો.

આ રીતે ધર્મનું માન સચવાયું અને સ્ત્રીનો પ્રાણ બચી ગયો. મુનિની આ પારિણામિકી બુદ્ધિ હતી.

---

## ૫૬ અતિ આહારનું પરિણામ

### (કુમાર દૃષ્ટાંત)

એક રાજકુમાર હતો. તેનું લગ્ન અનેક સૌન્દર્યવાન્ સ્ત્રીઓ સાથે થયું હતું.તેમની સાથે ક્રીડા કરતાં તેનો સમય સુખપૂર્વક પસાર થઈ રહ્યો હતો. આ રાજકુમારને લાડુ ખાવાનો બહુ શોખ હતો. એક સમયે તેણે સુગંધી પદાર્થોથી યુક્ત એવા સ્વાદિષ્ટ લાડુઓ ખાધા. તે વધારે ખવાતાં તેને અજીર્ણ થયું. અને મ્હોંમાંથી દુર્ગન્ધ નીકળવા લાગી, તેથી રાજકુમારને ખૂબ ઘૃણા ઉપજી.

તે વિચારવા લાગ્યો–આ શરીર કેવું અશુચિમય છે! તેનો સંયોગ કરીને સુંદર અને મનોહર પદાર્થો પણ અશુચિરૂપ બની જાય છે. આ શરીર અશુચિ પદાર્થોનું બનેલું છે. અને તે અશુચિનો ભંડાર છે. લોકો આ ઘૃણિત શરીરને માટે અનેક પાપ કરે છે. ખરી રીતે આ શરીર ધિક્કારવા યોગ્ય જ છે.

આ પ્રમાણે અશુચિ ભાવના ભાવવાથી તથા પરિણામોની ધારા ચડવાથી, તે રાજકુમારને તે જ વખતે કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. કેટલાંયે વર્ષો સુધી કૈવલ્ય પ્રવજ્યા પાળીને તેઓ મોક્ષમાં બિરાજ્યા.

---

## ૫૭ સ્વપ્નથી પ્રતિબોધ

(દેવી દૃષ્ટાંત)

પ્રાચીન સમયમાં પુષ્પભદ્ર નામનું એક નગર હતું. ત્યાં પુષ્પ-કેતુ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને પુષ્પાવતી નામની રાણી હતી. તેને બે સંતાનો હતાં. એક પુત્ર અને એક પુત્રી. પુત્રનું નામ 'પુષ્પચૂલ' અને પુત્રીનું નામ 'પુષ્પચૂલા' ભાઈ બહેનમાં પરસ્પર ખૂબ પ્રેમ હતો. જ્યારે તેઓ બંને યૌવનાવસ્થામાં આવ્યા ત્યારે તેમની માતાનો સ્વર્ગવાસ થયો. અને તે દેવલોકમાં પુષ્પવતી નામની દેવીપણે ઉત્પન્ન થઈ.

એક વખત પુષ્પવતી દેવીએ એવો વિચાર કર્યો કે, મારી પુત્રી પુષ્પચૂલા આત્મ કલ્યાણનો માર્ગ ભૂલીને સંસારમાં ફસાઈ ન જાય, તે માટે તેને પ્રતિબોધ આપવાનો મારે કોઈ ઉપાય કરવો જોઇએ. એમ વિચારી દેવીએ તે પુત્રીને સ્વપ્નમાં સ્વર્ગ અને નરકનું દૃશ્ય બતાવ્યું, તે જોઇને પુષ્પચુલા પ્રતિબોધ પામી. અને તેણીએ દીક્ષા અંગીકાર કરી. તપસ્યા અને ધર્મધ્યાન સાથે તે અન્ય સાધ્વીઓની વૈયાવચ્ચ કરવામાં પણ તલ્લીન રહેવા લાગી. થોડાજ સમયમાં તેણે ચાર ઘાતી કર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કરી લીધું, અનેક વર્ષો સુધી કૈવલ્ય પ્રવજ્યા પાળીને તે મોક્ષમાં ગઈ.

---

# ૫૮ ઉદિતોદય રાજાનું રક્ષણ

(ઉદિતોદય દૃષ્ટાંત)

પુરિમતાલ નામના નગરમાં 'ઉદિતોદય' નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજા શ્રાવક હતો. તેની રાણીનું નામ શ્રીકાન્તા હતું. તેને પણ ધર્મ પર ઘણી રૂચિ હતી. તેણે શ્રાવિકાના બાર વ્રત અંગીકાર કર્યાં હતા, રાજા અને રાણી આનંદપૂર્વક પોતાનો સમય વ્યતીત કરી રહ્યા હતા.

કોઈ એક સમયે એક પરિવ્રાજિકા તે નગરમાં આવી. અને અંતઃપુરમાં રાણી પાસે ગઈ. તેણે રાણીને પોતાના 'શુચિધર્મ' નો ઉપદેશ કર્યો. પણ રાણીએ તેનો આદર કર્યો નહિં. તેથી તે પરિવ્રાજિકા ગુસ્સે થઇ. તેણે રાણી પાસેથી પોતાના અનાદરનો બદલો લેવાનો વિચાર કર્યો. ત્યાંથી નીકળીને તે વાણારસી નગરીના રાજાં 'ધર્મરુચિ' પાસે ગઇ. ત્યાં તેણે શ્રીકાન્તાના રૂપ લાવણ્યની ભારે પ્રશંસા કરી. પરિવ્રાજિકાની વાત સાંભળીને રાજા, શ્રીકાન્તાને મેળવવા માટે વ્યાકૂળ બની ગયો. તે પોતાનું સૈન્ય લઈ ને પુરિમતાલ પર ચડી આવ્યો અને તેણે નગરને ઘેરો ઘાલ્યો.

ઉદિતોદય રાજા વિચારવા લાગ્યો કે આ રાજા વિના કારણે એકાએક મારા પર ચડાઈ કરવા આવ્યો છે, જો હું તેની સાથે યુદ્ધ કરું તો, નાહક હજારો સૈનિકોનો વિનાશ થશે. હવે મારે આત્મરક્ષા કેવી રીતે કરવી? ખૂબ વિચારને અંતે રાજાએ અઠમનો તપ કર્યો અને વૈશ્રમણ દેવની આરાધના કરી. તપના પ્રભાવથી દેવ હાજર થયો. તેની સમક્ષ રાજાએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી. દેવે પુરિમતાલ નગરને ત્યાંથી ઉઠાવીને બીજી જગ્યાએ મૂકી દીધું. સવાર થતાં ધર્મરુચિ રાજાએ જોયું તો ત્યાં પુરિમતાલ નગર જ ન્હોતું,

કેવળ જંગલ જ જણાયું. છેવટે નિરાશ થઈને ધર્મરૂચિ રાજાએ પોતાની સેનાને ત્યાંથી હઠાવી લીધી અને પોતે વાણારસીમાં પાછો આવી ગયો.

---

## ૫૯ નંદીષેણની યુક્તિ

### (સાધુ નંદીષેણનું દૃષ્ટાંત)

રાજગૃહી નગરીના રાજા શ્રેણિકને અનેક પુત્રો હતા. તેમાં એક નંદીષેણ નામનો પુત્ર હતો. તે યૌવનાવસ્થા પામ્યો ત્યારે અનેક રાજકન્યાઓ સાથે તેનું પાણીગ્રહણ કરાવ્યું. નંદીષેણની પત્નીઓ એટલી બધી રૂપ–સંપન્ન હતી કે જે દેખીને અપ્સરાઓ પણ લજ્જિત બની જતી હતી. કુમાર નંદીષેણ આ સૌંદર્યમુગ્ધાઓ સાથે પ્રેમસુખ ભોગવતો, સમય પસાર કરી રહ્યો હતો.

કોઈ એક સમયે શ્રમણ ભગવંત શ્રી મહાવીર સ્વામી રાજગૃહમાં પધાર્યા. રાજા શ્રેણીક પ્રભુવીરને વંદન કરવા ગયા. કુમાર નંદીષેણ પણ પોતાના અંતઃપુર સાથે ભગવાનને વંદન નમસ્કાર કરવા ગયો. ભગવાને ધર્મોપદેશ આપ્યો. તે સાંભળીને નંદીષેણને વૈરાગ્ય ઉત્પન્ન થયો. રાજા શ્રેણિકની આજ્ઞા લઈને નંદીષેણે ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી. કાળાન્તરે તેઓ ભગવાનની આજ્ઞા લઇને પોતાના કેટલાક શિષ્યો સાથે અલગ વિચરવા લાગ્યા.

કેટલાક સમય પછી, શિષ્યવર્ગમાંથી કોઈ એક શિષ્યના ચિત્તમાં કામવાસના જાગૃત થઈ. તે સાધુવ્રતને છોડી દેવા ઇચ્છતા હતા. શિષ્યના ચિત્તની ચંચળતા જાણીને, નંદીષેણ મુનિએ વિચાર કર્યો કે, કયા ઉપાય વડે આ મુનિને હું સંયમમાં સ્થિર કરું ! એમ વિચારી તેઓ પોતાના બધા શિષ્યોને લઈને રાજગૃહમાં આવ્યા.

મુનિઓનું આગમન સાંભળીને રાજા શ્રેણીક તેમના દર્શન અર્થે ગયા. તેમની સાથે તેમનું તથા નંદીષેણકુમારનું અંતઃપુર હતું. રાણીઓનું અનુપમ સૌન્દર્ય જોઇને પેલા શિષ્યમુનિને વિચાર થયો કે, ધન્ય છે મારા ગુરૂ મહારાજને કે જેઓ અપ્સરા જેવી રાણીઓ અને રાજવૈભવને છોડીને શુદ્ધ ભાવે સંયમનું પાલન કરી રહ્યા છે! મને–પાપીને ધિક્કાર છે! કે હું સંયમવ્રત લઇને પણ આવો હલકો વિચાર કરી રહ્યો છું! માટે આવા વિષય ભોગના વિચારો છોડીને મારે દઢતાપૂર્વક સંયમધર્મનું પાલન કરવું જોઇએ. એમ વિચારી તેઓ સંયમમાં વિશેષરૂપે સ્થિર થયા. શિષ્યને સંયમમાં સ્થિર કરવામાં નંદીષેણ મુનિની પારિણામિકા બુદ્ધિ હતી.

---

## ૧૦ પ્રાણ રક્ષા

### (ધનદત્તનું દૃષ્ટાંત)

રાજગૃહ નગરમાં ધનદત્ત નામનો એક સાર્થવાહ રહેતો હતો, તેની સ્ત્રીનું નામ ભદ્રા હતું. તેમને પાંચ પુત્રો અને સુસુમા નામની એક પુત્રી હતી. ‘ચિલાત’ નામનો એક નોકર તે બાળકીને રમાડયા કરતો હતો. પણ તેની સાથે રમતાં બીજા બાળકોને તે હેરાન કરતો હતો, તેથી તે બાળકો તેમના માતાપિતા પાસે આ ચિલાતી નોકરની હેરાનગતિની ફરિયાદ કરતા હતા. આ વાત ધનદત્ત સાર્થવાહના જાણવામાં આવી ત્યારે તેણે આ ચિલાતી નામના નોકરને પોતાના ઘરમાંથી કાઢી મૂકયો.

હવે આ રખડતો રઝળતો નોકર ચિલાત સ્વચ્છંદી બની ગયો, એટલું જ નહિં પણ તે સાતે વ્યસનો સેવવા લાગ્યો. ગામના લોકોથી તિરસ્કાર પામેલો આ નોકર ‘સિંહગુફા’ નામની ચોરપલ્લી (ચોરોને

રહેવાનું ગુપ્ત મકાન)માં, ચોરના સેનાપતિ 'વિજય' નામના ચોરની પાસે ચાલ્યો ગયો. તેની પાસે રહીને તેણે ચોરની બધી વિદ્યાઓ (ચૌર્યકળા) શીખી લીધી. અને ચોરી કરવામાં તે અત્યંત નિપુણ બની ગયો.

કેટલાક સમય પછી, વિજય ચોર મૃત્યુ પામ્યો એટલે તેની જગ્યાએ ચોરોએ ચિલાતીને પોતાનો સેનાપતિ બનાવ્યો. એક વખત તે ચિલાત ચોર–સેનાપતિએ પોતાના પાંચસો ચોરોને કહ્યું કે— ચાલો, આપણે રાજગૃહમાં જઇને ધન્ના સાર્થવાહના ઘરને લૂંટી લઇએ. લૂંટમાં જે ધન આવે તે બધું તમે રાખી લેજો અને શેઠની પુત્રી 'સુસુમાં'ને હું રાખીશ. એવો વિચાર કરી એક રાત્રે તેઓ રાજગૃહમાં ગયા અને ધનદત્ત શેઠના ઘરને ઘેરો ઘાલ્યો. પોતાના કેટલાક સાથીદારો સાથે ચિલાતી પુત્રે ઘરમાં પ્રવેશ કરી શેઠનું ધન લૂંટી લીધું તેમજ સૂતેલી સુસુમાને ઉપાડી બધા ચોરો પલાયન થઈ ગયા.

એવામાં શેઠ તથા ઘરના માણસો જાગી ગયા. તેમણે સુસુમાને ઉપાડીને લઇ જતા ચોરોને જોયા એટલે ધનદત્ત શેઠ તથા તેના પાંચ પુત્રોએ કોટવાલ તથા પોલીસોને લઇને તેમનો પીછો પકડયો. ચોરો પકડાઈ ગયા એટલે તેમણે ચોરેલું ધન કોટવાળે પાછું મેળવી લીધું અને કોટવાળ વગેરે પાછા ફર્યા. પરન્તુ સુસુમા પુત્રીને લેવા માટે શેઠ અને તેના પાંચ પુત્રો ચિલાતની પાછળ પડયા. તેમને પાછળ આવતાં જોઈને ચિલાત દોડતો દોડતો થાકી ગયો. તે સુસુમાને ઉંચકીને લઈ જવામાં હવે અસમર્થ હતો. એટલે તેણે સુસુમાનું મસ્તક તલવારથી કાપી નાખ્યું, પછી કપાયેલા મસ્તકને ત્યાં છોડી દઇને, તેના શરીરને હાથમાં લઇને દોડવા લાગ્યો. દોડતાં દોડતાં જંગલમાં તેને ખૂબ તૃષા લાગી. અંતે પાણીના અભાવે તે ત્યાંજ મૃત્યુ પામ્યો.

ધન્ના સાર્થવાહ અને તેના પાંચ પુત્રો પણ ચિલાત ચોરની પાછળ દોડતા દોડતા થાકી ગયા. અને ભૂખ તરસથી વ્યાકુલ થતાં પાછા ફર્યા. રસ્તામાં પડેલા સુસુમાના શબને દેખી અત્યંત શોક કરવા લાગ્યા. તેઓ ભૂખ તરસથી ખૂબ જ આકુલ–વ્યાકુલ થઈ રહ્યા હતા, ત્યારે ધન્ના સાર્થવાહે પોતાના પાંચ પુત્રોને કહ્યું :— તમે મને મારી નાખો અને મારા માંસ વડે ભૂખ અને લોહીથી તરસ શાન્ત કરી રાજગૃહ નગરમાં પહોંચી જાઓ. આ વાત તેના પુત્રોએ સ્વીકારી નહિ. તેઓ કહેવા લાગ્યા–તમે અમારા પિતા છો, અમે તમને કેમ મારીએ ? ત્યારે કોઈ ઉપાય ન જડવાથી પિતાએ કહ્યું:- આ સુસુમા તો મરી ચૂકી છે એટલે આપણે તેના માંસ અને રુધિરથી * ભૂખ અને તરસ મટાડીને, રાજગૃહમાં પહોંચી જઇએ. આ વાતનો સૌએ સ્વીકાર કર્યો. અને એ પ્રમાણે કરીને તેઓ બધા રાજગૃહમાં પહોંચી ગયા.

એક સમય શ્રમણ ભગવાન મહાવીર, રાજગૃહ નગરમાં પધાર્યા અને 'ગુણ શીલ' નામના ઉદ્યાનમાં સમોસર્યા. જનતા દર્શનાર્થે ગઈ. ધન્ના સાર્થવાહ પણ ગયો. ભગવાનનો ધર્મોપદેશ સાંભળીને તેને વૈરાગ્ય ઉપજ્યો અને ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી. અનેક વર્ષો સુધી સંયમનું પાલન કર્યું અને આયુષ્ય પૂર્ણ કરીને તે સાર્થવાહ 'સૌધર્મ' નામના પ્રથમ દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ તે મોક્ષે જશે.

ઉપરોક્ત રીતિએ ધન્ના સાર્થવાહે પોતાના તથા પાંચેય પુત્રોના પ્રાણ બચાવ્યા, તેમાં તેની પારિણામિક બુદ્ધિ હતી.

---

* આ સમયે ધન્ના સાર્થવાહ જૈન ન હતો. તે પછી જ તે પ્રભુ મહાવીરનો ઉપદેશ સાંભળીને જૈન સાધુ બન્યો અને તેણે સદગતિ પ્રાપ્ત કરી (જ્ઞાતા સૂત્ર).

# ૬૧ પતિનું રક્ષણ

## (શ્રાવક દૃષ્ટાંત)

કોઈ નગરમાં એક શેઠ રહેતો હતો. તે ઘણો ધર્મિષ્ઠ હતો અને શ્રાવકના વ્રતોનું સુંદર રીતિએ પાલન કરતો હતો. એક દિવસ તેણે કોઈ બીજા શ્રાવકની સ્ત્રીને દેખી. તે અત્યંત રૂપ સંપન્ન હતી. તેને દેખીને તે તેના પર મોહિત થયો. શરમને લીધે તેણે પોતાની ઇચ્છા કોઈની પાસે વ્યક્ત ન કરી. તેની ઇચ્છા પ્રબળ હતી, તેથી તે દિનપ્રતિદિન દુર્બળ થતો ગયો. જ્યારે તેની સ્ત્રીએ આ દુર્બળતાનું કારણ પૂછ્યું ત્યારે તેણે સત્ય હકીકત કહી દીધી.

શ્રાવકની વાત સાંભળીને તેની સ્ત્રીએ વિચાર કર્યો કે તેઓ શ્રાવક છે અને 'સ્વદારા સંતોષવ્રત'ના ધારક છે. છતાં પણ મોહકર્મને કારણે તેમને આવો કુવિચાર ઉત્પન્ન થયો છે. જો આ કુવિચારોમાં તેમનું મૃત્યુ થશે તો તેઓ અવશ્ય દુર્ગતિમાં જશે. તેથી કોઈ એવો ઉપાય કરવો જોઈએ કે જેથી તેમના કુવિચારો નષ્ટ થાય અને વ્રત પણ અખંડિત રહે. કેટલોક વિચાર કર્યા બાદ તેની સ્ત્રીએ કહ્યું: સ્વામીનાથ, તમે ચિંતા ન કરો. તે મારી સખી છે. મારા કહેવાથી તે આજેજ આવી જશે. એમ કહીને તે પોતાની સખી પાસે ગઈ અને એવાજ કપડાં માગી લાવી કે જે કપડામાં તે શ્રાવકે આ સ્ત્રીને જોઈ હતી. કપડાં લાવીને તેણે તેના પતિને કહ્યું કે—આજે સાંજે તે આવશે. તેને શરમ આવે છે માટે તે આવતાવેંતજ દીપક બુઝાવી નાખશે. શ્રાવકે તેની વાત માની લીધી.

સાંજના સમયે, તે શ્રાવકની સ્ત્રીએ, પોતાની સખી પાસેથી લાવેલાં કપડાં પહેરીને તેના જેવાં જ શણગાર પોતે કરી લીધાં. ત્યારબાદ પેલી સ્ત્રીની રાહ જોતાં પોતાના પતિની પાસે તે આવી.

બીજે દિવસે શ્રાવકને ખૂબ પશ્ચાતાપ થયો. તેણે વિચાર્યું: અંગીકાર કરેલું વ્રત ખંડિત કર્યું, તે મેં બહુ ખોટું કર્યું. આ પ્રમાણે પશ્ચાતાપ કરીને શ્રાવક ફરીથી દુર્બળ થવા લાગ્યા. સ્ત્રીએ પતિને સાચી વાત કહીને રહસ્ય ખુલ્લું કર્યું, જે સાંભળીને શ્રાવક ખૂબ આનંદ પામ્યા અને ગુરૂ પાસે જઇને પ્રાયશ્ચિત લઇ પોતાના કુવિચારોની શુદ્ધિ કરી લીધી.

તે સ્ત્રીએ પારિણામિક બુદ્ધિ વડે પોતાના પતિના વ્રત અને પ્રાણનું રક્ષણ કર્યું.

## ૬૨ બ્રહ્મદત્તનું રક્ષણ

(અમાત્ય દૃષ્ટાંત)

કમ્પીલપુર નામના નગરમાં 'બ્રહ્મ' નામે રાજા રાજ્ય કરતો હતો. તેની રાણીનું નામ 'ચુલણી' હતું. એક વખત સુખ-શૈય્યામાં સૂતેલી તે રાણીએ ચક્રવર્તીના જન્મ સૂચક ચૌદ સ્વપ્ન* જોયાં અને તેણે મહાન પ્રભાવશાળી એક પુત્રનો જન્મ આપ્યો, જેનું નામ 'બ્રહ્મદત્ત' હતું. જ્યારે તે બાળ–અવસ્થામાં હતો ત્યારે બ્રહ્મરાજા સ્વર્ગવાસ પામ્યા. બ્રહ્મદત્ત કુમાર નાનો હતો, તેથી રાજ્યનું કામકાજ બ્રહ્મરાજાનો મિત્ર "દીર્ઘ–પૃષ્ઠ" કરતો હતો. દીર્ઘપૃષ્ઠ બહુ જ સુંદર રીતે રાજ્ય ચલાવવા લાગ્યો. તે નિઃશંક બનીને અંતઃપુરમાં પણ આવતો જતો હતો. કેટલાક સમય પછી ચુલણી રાણી સાથે તેને પ્રેમ સંબંધ થયો. તે બંને જણા વિષય સુખ ભોગવતાં, આનંદ પૂર્વક સમય વ્યતીત કરતા હતા.

---

* ચક્રવર્તીની જેમ તીર્થંકરની માતાને પણ આ જ ચૌદ સ્વપ્ન આવે છે.

બ્રહ્મ રાજાના પ્રધાનનું નામ 'ધનું' હતું. તે રાજાનો પરમ હિતેચ્છુ હતો. રાજાના મૃત્યુ બાદ તે દરેક રીતે બ્રહ્મદત્તાનું રક્ષણ કરતો હતો. આ પ્રધાનના પુત્રનું નામ 'વરધનુ' હતું. બ્રહ્મદત્ત અને વરધનુ બંને મિત્રો હતા.

રાજા (બનેલો) દીર્ઘપૃષ્ઠ અને રાણી ચુલણીના અનૈતિક સંબંધની વાત ધનું પ્રધાનના જાણવામાં આવી. તેણે બ્રહ્મદત્તાને આ વાત કરી તથા પોતાના પુત્ર વરધનુને રાજકુમારનું હંમેશાં રક્ષણ કરવાનું સૂચન કર્યું. માતાના દુષ્ચરિત્રને સાંભળી બ્રહ્મદત્તાને ખૂબ ક્રોધ ચડયો. તેથી તેણે પોતાની માતાને સમજાવવાનો પ્રયત્ન કર્યો. એક દિવસ આ બ્રહ્મદત્ત એક કાગડો અને એક કોયલ હાથમાં લઈને અંતઃપુરમાં ગયો અને કહ્યું કે–આ પક્ષીઓની જેમ જેઓ વર્ણશંકરતા કરતા કરશે તેમને હું જરૂર શિક્ષા કરીશ.

કુમારની વાત સાંભળીને દીર્ઘપૃષ્ઠે રાણીને કહ્યું: કુમાર આ વાત આપણને સંબોધીને જ કહી રહ્યો છે. મને કાગડો અને તને કોયલ કહે છે. તે આપણને જરૂર હેરાન કરશે. રાણીએ કહ્યું: તમે તેની ચિંતા ન કરો. તે બાલક છે અને બાલક્રીડા કરે છે.

એક સમયે ઉત્તમ જાતિની હાથણી સાથે તુચ્છ જાતિના હાથીને દેખી કુમારે તેમને મૃત્યુ સૂચક શબ્દો કહ્યા. એજ પ્રકારે એક વખતે કુમાર એક હંસણી (હંસની સ્ત્રી જાતિ) અને એક બગલાને પકડી લાવ્યો અને અંતઃપુરમાં જઇને ઉંચા સ્વરે કહ્યું. આ હંસણી અને આ બગલાની જેમ કોઇ રમણ કરશે તેમને હું મૃત્યુની શિક્ષા કરીશ (અર્થાત મારી નાખીશ).

કુમારના વચનો સાંભળી દીર્ઘપૃષ્ઠે રાણીને કહ્યું. આ કુમાર આ બધું આપણને જ કહે છે. તે મોટો થતાં આપણા માટે અવશ્ય વિઘ્ન કરનાર થશે. માટે આ વિષવૃક્ષને ઉગતાં જ છેદી નાખવું

જોઇએ. રાણીએ કહ્યું. તમારું કહેવું ઠીક છે. તેને માટે કોઇ ઉપાય શોધો જેથી આપણું કાર્ય પણ પૂરું થાય અને આપણે લોકનિંદાથી બચીયે.

દીર્ઘપૃષ્ઠે કહ્યું. તેનો એક ઉપાય છે. અને તે એ કે, કુમારનું લગ્ન તરત જ કરી નાખવું અને તેના નિવાસ માટે એક લાખાગૃહ (લાખનું ઘર) બનાવવું. જ્યારે કુમાર તેમાં સૂવા માટે જાય ત્યારે રાત્રીએ તે મહેલને સળગાવી દેવો, જેથી તેની પત્ની સહિત તે કુમાર બળીને ભસ્મ થઈ જાય.

કામાંધ બનેલી રાણીએ દીર્ઘપૃષ્ઠની વાત મંજુર કરી. તેણે એક લાખાગૃહ તૈયાર કરાવ્યું. પછી પુષ્પચૂલ નામના રાજાની કન્યા સાથે કુમાર બ્રહ્મદત્તનું લગ્ન કર્યું.

જ્યારે ધનુમંત્રીને દીર્ઘપૃષ્ઠ તથા ચુલણી રાણીના ષડયંત્રની ખબર પડી ત્યારે દીર્ઘપૃષ્ઠ પાસે જઇને નમ્રતાપૂર્વક કહ્યું : સ્વામિન્ હવે હું વૃદ્ધ થયો છું, બાકીનું જીવન ઈશ્વર ભજનમાં ગાળવા ઈચ્છું છું. "મારો પુત્ર વરધનુ હવે સર્વ બાબતોમાં યોગ્ય બની ગયો છે, તે આપની સેવા કરશે." આ પ્રમાણે કહીને ધનુમંત્રી (પ્રધાન) ગંગા નદીના કિનારે આવ્યો અને ત્યાં એક મોટી દાન શાલા ખોલીને દાન દેવા લાગ્યો. દાન આપવાના બહાને તેણે પોતાના વિશ્વાસપાત્ર માણસો દ્વારા તે લાખાગૃહમાં એક સુરંગ ખોદાવી. ત્યાર બાદ તેણે રાજા પુષ્પચુલને પણ આ બધી વાતથી માહેતગાર કર્યો. તેથી તેણે પોતાની પુત્રીને ન મોકલતાં એક દાસીને મોકલી દીધી.

રાત્રે સુવાના સમયે બ્રહ્મદત્તને તે લાખાગૃહમાં મોકલવામાં આવ્યો. બ્રહ્મદત્ત પોતાની સાથે પોતાના મિત્ર વરધનુને પણ લઈ ગયો. અર્ધરાત્રે દીર્ઘ પૃષ્ટ અને ચૂલણી રાણીએ મોકલેલા માણસે તે લાખાગૃહને આગ ચાંપી. આગ ચારે તરફ ફેલાઈ ગઈ. બ્રહ્મદત્તે

વરધનુને પૂછયું કે આ શી વાત છે ? ત્યારે તેણે દીર્ઘપૃષ્ટ અને ચૂલણી રાણીએ રચેલા કાવત્રાની સઘળી વાત જણાવી. અને કહ્યું કે–તમે ગભરાશો નહિં. મારા પિતાજીએ આ મહેલમાં એક સુરંગ ખોદાવી રાખી છે, જે ગંગાનદીને કિનારે જઈને મળે છે.

વરધનુની આ વાત સાંભળીને તરતજ બ્રહ્મદત્ત અને વરધનુ બંને તે સુરંગમાં થઈને નદીને કિનારે ગયા, ત્યાં ધનુમંત્રીએ બે ઘોડા તૈયાર રાખ્યા હતા, તેના પર બેસીને તેઓ ઘણે દૂર નીકળી ગયા.

ત્યારબાદ વરધનુ સાથે બ્રહ્મદત્ત અનેક ગામ, નગર અને દેશોમાં ગયો અને અનેક રાજકન્યાઓને પરણ્યો. તેની પાસે ચક્રવર્તીના ચૌદ રત્નો પ્રકટ થયાં. તે છ ખંડ પૃથ્વીને જીતીને ચક્રવર્તી રાજા બન્યો.

ધનુમંત્રીએ સુરંગ ખોદાવીને પોતાના માલીક–પુત્રનું રક્ષણ કર્યું તેમાં તેની પારિણામિકી બુદ્ધિ હતી.

---

## ૬૩ નાગદત્ત મુનિની ક્ષમા

### (ક્ષપક સાધુનું દૃષ્ટાંત)

કોઇ સમયે એક તપસ્વી સાધુ પારણાને દિવસે ભિક્ષા લેવા ગયા. ભિક્ષા લઇને પાછા ફરતી વખતે રસ્તામાં તેમના પગ તળે દબાઈને એક દેડકો મરી ગયો. શિષ્યે ગુરૂને પ્રાયશ્ચિત લઇ શુદ્ધ થવાનું કહ્યું, પણ ગુરૂએ શિષ્યની વાત ધ્યાનમાં લીધી નહિ. સાંજે પ્રતિક્રમણ વખતે શિષ્યે તે વાત ગુરૂને યાદ દેવડાવી, આથી ગુરૂને ક્રોધ આવ્યો, તેઓ શિષ્યને મારવા ઉઠયા, પરન્તુ અંધારામાં કોઇ થાંભલા સાથે માથું અફળાવાથી તેઓ તે જ સમયે કાળ ધર્મ પામી ગયા. મરીને તેઓ જ્યોતિષી દેવોમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને

દૃષ્ટિ વિષ સર્પ થયા. તે સર્પને જાતિસ્મરણ જ્ઞાન થયું. તે પોતાના પૂર્વ ભવને જોઈને પશ્ચાત્તાપ કરવા લાગ્યો. "મારી દૃષ્ટિથી કોઈ જીવની હિંસા ન થાય" એમ વિચારીને તે સર્પ પ્રાય: પોતાના બીલ (રાફડા)માં જ રહેતો હતો.

એકવાર કોઈ સર્પ ત્યાંના રાજાના પુત્રને ડસ્યો, જેથી રાજકુમાર મૃત્યુ પામ્યો. તેથી રાજાને બધા સર્પો પર ભારે ક્રોધ આવ્યો. સર્પ પકડનારા ગારૂડીઓને બોલાવીને તેમણે રાજ્ય ભરના તમામ સર્પોને મારી નાખવાનો હુકમ ફરમાવ્યો. સર્પોને મારતાં મારતાં તેઓ પેલા દૃષ્ટિ વિષ સર્પના રાફડા પાસે આવ્યા. તેમણે તે રાફડા પર દવા નાખી. દવાના પ્રભાવથી તે સર્પ રાફડાની બહાર ખેંચાવા લાગ્યો. "મારી દૃષ્ટિથી મને મારનારા માણસોનો વિનાશ ન થાય" એવું વિચારીને તે પૂંછડી તરફથી બહાર નીકળવા લાગ્યો. તે જેમ જેમ બહાર નીકળતો ગયો તેમ તેમ તે લોકો તેના ટુકડા કરતા ગયા, છતાં તેણે સમભાવ રાખ્યો. તે લોકોપર જરા પણ ક્રોધ કર્યો નહિં. પરિણામોની સરળતાને લીધે, ત્યાંથી મરીને તે તેજ રાજાને ત્યાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો. તેનું નામ 'નાગદત્ત' પાડયું. બાલ્યાવસ્થામાં જ તેને વૈરાગ્ય થયો તેથી તેણે દીક્ષા લીધી.

વિનય, સરલતા, સમભાવ આદિ ગુણોને કારણે તે દેવોનો વંદનીય બન્યો. પૂર્વ ભવમાં તીર્યંચ હોવાને કારણે તેને ભૂખ લાગતી હતી તેથી તેનાથી વધારે તપ થઈ શકતો ન હતો.

એજ ગચ્છમાં ચાર તપસ્વી સાધુઓ હતા. તેઓ એક એકથી ચડીયાતા હતા. નાગદત્ત, તે તપસ્વી મુનિઓની ખૂબ વિનય-વૈયાવચ્ચ કરતા હતા. એકવાર તેમને વંદન કરવા માટે દેવ આવ્યો. આ જોઇને બીજા તપસ્વી મુનિઓના હૃદયમાં ઇર્ષા ઉત્પન્ન થઇ. એક દિવસે નાગદત્ત મુનિ પોતાને માટે ગોચરી લઈને આવ્યા. તેમણે

વિનય પૂર્વક તે મુનિઓને આહાર બતાવ્યો. ઈર્ષા વશ તેઓ તે આહારમાં થૂંકયા, તે જોઈને પણ નાગદત્ત મુનિ શાન્ત રહ્યા. તેમના હૃદયમાં કોઈ પણ પ્રકારનો ક્ષોભ ઉત્પન્ન ન થયો. તેઓ પોતાની નિંદા તથા તપસ્વી મુનિઓની પ્રશંસા કરવા લાગ્યા. ઉપશાંત ચિત્ત-વૃત્તિ તથા પરિણામોની વિશુદ્ધતા વધતાં વધતાં તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. કેવળ જ્ઞાનનો ઉત્સવ ઉજવવા માટે દેવો આવવા લાગ્યા. આ જોઈને પેલા તપસ્વીઓને પોતાના હલકા કાર્ય માટે પશ્ચાત્તાપ થવા લાગ્યો. પરિણામોની વિશુદ્ધતા વધતાં એ તપસ્વીઓને પણ કેવળ જ્ઞાન થયું.

---

## ૬૪ વરધનુની ચતુરાઈ

### (મંત્રી પુત્રનું દૃષ્ટાંત)

એક રાજકુમાર અને મંત્રીપુત્ર બંને સંન્યાસીનો વેશ પહેરી પોતાના રાજ્યમાંથી નીકળી ગયા. ચાલતાં ચાલતાં એક નદીને કિનારે આવ્યા. રાત્રી વ્યતીત કરવા તેઓ ત્યાં રહ્યા. તે સ્થળે એક ભવિષ્ય-વેત્તા પહેલેથી જ રહ્યો હતો. રાત્રે એક શિયાળ બૂમો પાડવા લાગ્યું. રાજકુમારે તે ભવિષ્યવેત્તાને પૂછ્યું :—આ શિયાળ શું કહે છે? નૈમિનિકે કહ્યું :—આ શિયાળ એમ કહે છે કે, નદીમાં એક શબ તણાતું જાય છે. તેની કેડે સો સોના મ્હોરો બાંધેલી છે. આ સાંભળીને રાજકુમાર નદીમાં કૂદી પડયો અને તે મડદાને બહાર કાઢયું. તેની કેડે બાંધેલી સો સોનામહોરો તેણે લઈ લીધી. અને તે મૃત કલેવરને શિયાળ તરફ ફેંકી દીધું. પછી રાજકુમાર પોતાની જગ્યાએ આવીને સૂઈ ગયો.

શિયાળ ફરીથી બૂમો પાડવા લાગ્યું. રાજકુમારે નૈમિત્તિકને ફરીથી તેનું કારણ પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે "આ શિયાળ પોતાની

કૃતજ્ઞતા પ્રગટ કરીને કહે છે કે બહુ સારૂં કામ કર્યું. આ સાંભળી રાજકુમાર ખુશ થયો.

આ બધી વાતચિત મંત્રીપુત્ર સાંભળતો હતો. તેણે વિચાર કર્યો કે રાજકુમારે શબ પરથી જે મહોરો લીધી છે તે કૃપણ ભાવથી લીધી છે કે વીરતાથી લીધી છે તેની મારે પરીક્ષા કરવી જોઇએ. તેણે કૃપણ ભાવથી લીધી હોય તો સમજવું કે તેનામાં રાજાને યોગ્ય ઉદારતા અને વીરતાનો ગુણ નથી, તેથી તેને રાજ્ય નહિં મળે. આ સ્થિતિમાં તેની સાથે વ્યર્થ કષ્ટ ભોગવવાથી શો લાભ? અને જો તેણે વીરતા બતાવવા માટે મહોરો લીધી હોય તો તેને રાજ્ય જરૂર મળશે.

આ પ્રમાણે વિચારી, પ્રાતઃકાળ થતાં મંત્રીપુત્રે રાજકુમારને કહ્યું : મારું પેટ બહુ દુઃખે છે. હું તમારી સાથે આવી શકું તેમ નથી, માટે મને અહિ મૂકીને જઈ શકો છો. રાજકુમારે કહ્યું : મિત્ર, એવું કદી બની શકે? હું તમને છોડીને જઈ શકતો નથી. તમે આ સામે દેખાય તે ગામ સુધી ચાલો. ત્યાં કોઇ વૈદ્ય પાસે ઉપચાર કરાવીશું. મંત્રીપુત્ર તેની સાથે તે ગામ સુધી ગયો. રાજકુમારે એક હોંશિયાર વૈદ્યને બોલાવીને કહ્યું કે તમે ભારેમાં ભારે કિંમતી દવા આપો, જેથી તેના પેટનું દર્દ મટી જાય, એમ કહીને રાજકુમારે દવાની કિંમત તરીકે પેલી સો સોનામહોરો વૈદ્યને આપી દીધી. રાજકુમારની ઉદારતા જોઈને મંત્રીપુત્રને ખાત્રી થઈ કે તેને અવશ્ય રાજ્ય મળશે. અને થોડા વખતમાં તે રાજકુમારને રાજ્ય મળ્યું.

---

## ૬૫ ચાણકયને ચંદ્રપાન કરાવવું

### ( ચાણકય દૃષ્ટાંત )

એક સમયે પાટલિપુત્રના રાજા નંદે 'ચાણકય' નામના બ્રાહ્મણને પોતાના નગરમાંથી નીકળી જવાની આજ્ઞા કરી. ત્યાંથી નીકળીને

ચાણકયે સંન્યાસીનો વેશ ધારણ કર્યો અને ફરતો ફરતો તે મૌર્ય નામના ગામમાં પહોંચ્યો: ત્યાં કોઈ એક ગર્ભવતી ક્ષત્રિયાણીને ચંદ્રમા પીવાનો દોહદ (ઈચ્છા) ઉત્પન્ન થયો. તેનો પતિ વિચારમાં પડી ગયો કે આ દોહદ કેવી રીતે પૂરો કરવો? દોહદ પૂરો ન થતાં, તે ક્ષત્રિયાણી દુર્બળ થવા લાગી. સંન્યાસીના વેશમાં ફરતા આ ચાણકયને તે રાજપુતે પૂછ્યું. ચાણકયે કહ્યું: હું તે દોહદને સારી રીતે પૂરો કરાવી દઈશ.

પછી ચાણક્યે ગામ બહાર એક મંડપ બનાવ્યો. તેના ઉપર કપડું ઢાંકી દીધું પછી તેણે કપડામાં ચંદ્રના આકારનું એક ગોળ છિદ્ર કરાવ્યું. પૂર્ણિમાની રાત્રે તે છિદ્રની નીચે એક થાળીમાં ખીર રખાવી. અને તે દિવસે તે ક્ષત્રિયાણીને ત્યાં બોલાવી. જ્યારે ચંદ્રમા બરોબર તે છિદ્ર ઉપર આવ્યો તથા તેનું પ્રતિબિંબ તે થાળીમાં પડયું ત્યારે ચાણકયે ક્ષત્રિયાણીને કહ્યું: લો, આ ચંદ્રમા છે. તેને પી જાઓ. આનંદ પામતી ક્ષત્રિયાણીએ તે પી લીધું. તેણે જેવું જ પીધું કે તરતજ ચાણકયે તે છિદ્ર પર બીજું કપડું નાખીને તે છિદ્ર બંધ કરી દીધું. ચંદ્રમાનો પ્રકાશ પડતો બંધ થઈ ગયો. ત્યારે ક્ષત્રિયાણી સમજી કે સાચેજ હું ચંદ્રમા પી ગઈ છું. પોતાનો દોહદ પૂર્ણ થયેલો માનીને ક્ષત્રિયાણીને ઘણો હર્ષ થયો. તે પહેલાંની જેમ નીરોગી બની ગઇ. અને સુખ પૂર્વક ગર્ભનું પાલન કરવા લાગી. ગર્ભકાળ પૂરો થતાં એક તેજસ્વી બાળકનો જન્મ થયો. ગર્ભ સમયે માતાને ચંદ્ર પીવાનો દોહદ ઉત્પન્ન થયો હતો, તેથી તેનું નામ 'ચંદ્રગુપ્ત' પાડવામાં આવ્યું. જ્યારે ચંદ્રગુપ્ત યુવાન થયો ત્યારે તે ચાણકયની મદદથી પાટલીપુત્રનો રાજા બન્યો.

ચંદ્રને પીવાનો દોહદ પૂરો કરાવવામાં ચાણકયની પારિણામિક બુદ્ધિ હતી.

---

## ૬૬ સ્થૂલભદ્રનો ત્યાગ

બિહાર દેશની રાજધાની પાટલિપુત્ર નામની નગરીમાં 'નંદ' નામનો રાજા રાજ્ય કરતો હતો. તેના મંત્રીનું નામ 'શકડાલ' હતું. તેને બે પુત્રો હતા. (૧) સ્થૂલિભદ્ર (૨) શ્રેયક. તથા સાત પુત્રીઓ હતી. ૧ યક્ષા ૨ યક્ષદત્તા ૩ ભૂતો ૪ ભૂતદત્તા ૫ સેણા ૬ વેણા અને ૭ રેણા. આ બધી પુત્રીઓમાં અદ્દભુત સ્મરણ શક્તિ હતી. તેમાં પહેલી પુત્રી યક્ષાની સ્મૃતિ એટલી બધી હતી કે જે કોઈ માણસ કોઈ પણ શ્લોક એકવાર બોલી જાય તો યક્ષા તે સાંભળીને તે શ્લોક કંઠસ્થ કરી સંપૂર્ણ બોલી જાય. એ રીતે બીજી પુત્રી બે વાર સાંભળતાં, ત્રીજી ત્રણ વાર એમ અનુક્રમે સાતમી પુત્રી સાતવાર સાંભળતાં તે શ્લોક અક્ષરશઃ બોલી જાય.

આ શહેરમાં વરરુચિ નામનો એક વિદ્વાન બ્રાહ્મણ રહેતો હતો. તે દરરોજ નવા ૧૦૮ શ્લોકો રચી, . રાજસભામાં રાજા નંદની પ્રશંસા કરતો, રાજા મંત્રી તરફ જોતો, પરન્તુ મંત્રી કાંઈ પણ ન બોલતાં શાંત બેસી રહેતો, તેથી રાજા વરરુચિને કાંઈ ઇનામ આપતો ન હતો. તેણે વિચાર્યું કે જ્યાં સુધી મંત્રી ન કહે ત્યાં સુધી રાજા કંઈ ઈનામ આપતો નથી, આથી તે શકડાલ મંત્રી પર ગુસ્સે થયો. તે એક-વાર શકડાલને ઘેર ગયો અને તેની સ્ત્રીને કહ્યુંઃ હું ઈનામની આશાએ રોજ ૧૦૮ શ્લોકો બનાવી રાજા નંદની સ્તુતિ કરું છું પરન્તુ મંત્રીની અનુમતિ વગર મને રાજા કંઈ આપતા નથી. શકડાલની પત્નીએ સાંજે શકડાલને વાત કરી કે રાજા ગરીબ અને વિદ્વાન બ્રાહ્મણને ઇનામ આપે તેમાં તમને શો વાંધો છે ? ભલેને તે બિચારાનું કલ્યાણ થાય. શકડાલે કહ્યું. તે મિથ્યાત્વી છે, છતાં હું જોઇશ.

બીજે દિવસે સવારે રાજ સભામાં જઇ હંમેશની જેમ ૧૦૮ નવા શ્લોકો રચી પંડિતે રાજા નંદની પ્રશંસા કરી. રાજાએ મંત્રી તરફ

જોયું. મંત્રીએ કહ્યું–"સુભાષિત" છે. આથી રાજાએ બ્રાહ્મણને ૧૦૮ સોના મહોરો આપી. વરરુચિ આનંદ પામીને પોતાને ઘેર ગયો.

ત્યારબાદ મંત્રીએ રાજાને કહ્યું: તમે ૧૦૮ સોના મહોરો કેમ આપી?

રાજા કહે. તે હંમેશાં ૧૦૮ શ્લોક નવા બનાવીને લાવે છે, અને આજે તમે તેની પ્રશંસા કરી એટલે મેં ઇનામ આપ્યું.

સકડાલે કહ્યું: રાજન્, તે પંડિત લોકમાં પ્રચલિત એવા જુના શ્લોકો સંભળાવે છે.

રાજા કહે–તમે એમ શા ઉપરથી કહો છો?

મંત્રી–હું બરોબર કહું છું. જે શ્લોકો પંડિત સંભળાવે છે તે મારી પુત્રીઓને પણ યાદ છે. જો આપને વિશ્વાસ ન આવે તો આવતી કાલે પંડિત જે શ્લોકો સંભળાવે તે મારી પુત્રીઓ અનુક્રમે બોલી જશે.

રાજાએ મંત્રીની વાતનો સ્વીકાર કર્યો.

બીજે દિવસે પોતાની પુત્રીઓને લઈને મંત્રી રાજસભામાં આવ્યો. અને પોતાની પુત્રીઓને પડદા પાછળ બેસાડી. ત્યારબાદ વરરુચિ પંડિત રાજસભામાં આવ્યો. તેણે પોતાના બનાવેલા એકસો આઠ શ્લોકો સંભળાવ્યા. એટલે મંત્રીની પહેલી પુત્રી સભામાં આવી અને તે બધા શ્લોકો અક્ષરે અક્ષર બોલી ગઈ, ત્યારબાદ બીજી, ત્રીજી એમ સાતેય પુત્રીઓ તે શ્લોકો બોલી ગઈ, આ જોઈ રાજા ગુસ્સે થયો અને વરરુચિને સભામાંથી કાઢી મૂકયો. આથી વરરુચિએ મંત્રીનું વેર લેવાનો નિશ્ચય કર્યો.

કેટલાક સમય બાદ મંત્રીને ત્યાં ત્હેના નાના પુત્ર શ્રેયસના લગ્નની તૈયારીઓ થવા લાગી. તેમાં રાજાને ભેટ કરવા માટે તેને ત્યાં અનેક પ્રકારનાં શસ્ત્રો બની રહ્યાં હતા. આ તકનો લાભ

લેવાનું વરરુચિએ વિચાર્યું અને એક શ્લોક બનાવીને તેના શિષ્યોને કહ્યું કે તમે આ શ્લોક બોલતાં બોલતાં આખા નગરમાં ફરી વળો.

આ શ્લોકનો ભાવાર્થ એવો હતો કે–"શકડાલ મંત્રી કેવું કાવત્રું રચી રહ્યો છે તેની લોકોને ખબર નથી પણ તે, નંદ રાજાને મારીને તેના પુત્ર શ્રેયકને રાજા બનાવવા ઇચ્છે છે." આ શ્લોક રાજાએ પણ સાંભળ્યો અને તેને પણ લાગ્યું કે ખરેખર એમજ હોય, પણ મને તેની ખબર નથી. રાજા મંત્રી પર નારાજ થયો. બીજે દિવસે પ્રાતઃકાળે સકડાલ મંત્રીએ આવીને રાજાને પ્રણામ કર્યા, તે જાણી રાજાએ પોતાનું મ્હોં ફેરવી લીધું. તે જોઇ મંત્રી ભયભીત થયો. તે ઘેર આવ્યો અને બધી વાત શ્રેયકને કહીને કહ્યું કે, પુત્ર, રાજ–ભંડાર બહુ ભયંકર છે. ગુસ્સે થયેલો રાજા, આપણા વંશનો સમુળગો નાશ કરે, તે માટે મારી તને સલાહ છે કે કાલે પ્રાતઃકાળે હું રાજાને નમસ્કાર કરવા જાઉં અને મને દેખીને રાજા, જો પોતાનું મ્હોં ફેરવી લે, તો તરતજ તું મારી ગરદન કાપી નાખજે.

શ્રેયકે કહ્યું: પિતાજી, હું આવું લોકનિંદ્ય મહા પાપ કેવી રીતે કરી શકું? સકડાલ બોલ્યો: ભાઈ, હું એ વખતે મારા મુખમાં ઝેર મૂકીશ તેથી મારું મૃત્યુ તો ઝેરથી જ થશે, પરંતુ તે વખતે મારી ગરદન પર તલવાર પડવાથી તારા પરથી રાજાનો કોપ દૂર થશે અને આપણા વંશનું રક્ષણ થશે. વંશના રક્ષણ માટે શ્રેયકે પોતાના પિતાની વાત માન્ય કરી.

બીજે દિવસે શ્રેયકને સાથે લઇને સકડાલ મંત્રી રાજાને પ્રણામ કરવા ગયા, તેને જોતાં જ રાજાએ પોતાનું મ્હોં ફેરવી લીધું. રાજાને પ્રણામ કરતાં મંત્રીનું માથું જેવું નીચે નમ્યું કે તરત જ શ્રેયકે તલવારથી તેનું માથું ઉડાવી દીધું, આ જોઈ રાજાએ પૂછ્યું–શ્રેયક, આ તેં શું કર્યું! શ્રેયકે જવાબ આપ્યો: મહારાજ, જે વ્યક્તિ

આપને પ્રિય નથી તે, મને પ્રિય કેમ હોઈ શકે? આ જવાબથી રાજાનો ક્રોધ શાંત થયો. તેણે કહ્યું. શ્રેયક, હવે તું મંત્રીપદનો સ્વીકાર કર. શ્રેયકે કહ્યું. સ્વામિન્, હું મંત્રીપદ લઈ શકું નહિ, કેમકે મારાથી એક મોટો ભાઈ છે, જેનું નામ સ્થૂલિભદ્ર છે. બાર વર્ષથી તે કોશ્યા નામની વેશ્યાને ત્યાં રહે છે.

શ્રેયકની વાત સાંભળીને રાજાએ એક અધિકારીને હુકમ કર્યો કે, કોશા વેશ્યાને ત્યાં જઇને, સ્થૂલિભદ્રને સન્માનપૂર્વક અહિં લઇ આવો, તેને મંત્રીપદ આપવામાં આવશે.

રાજ્યાધિકારી કોશા વેશ્યાને ઘેર ગયો અને ત્યાં રહેલા સ્થૂલિભદ્રને રાજાની આજ્ઞા સંભળાવી, પિતાના મૃત્યુ સમાચાર સાંભળી સ્થૂલિ ભદ્રને ખેદ થયો. અધિકારીની સાથે સ્થૂલિભદ્ર રાજસભામાં આવ્યો. રાજાએ તેને કહ્યું. તમારા પિતા મૃત્યુ પામ્યા છે, હવે તમે તેની જગ્યાએ મંત્રીપદનો સ્વીકાર કરો. સ્થૂલિભદ્રે વિચાર્યું કે જે મંત્રીપદ મારા પિતાના મૃત્યુનું કારણ બન્યું તે મારા માટે શ્રેયસ્કર શી રીતે થઇ શકે? સંસારમાં માયા અને પરિગ્રહ આપત્તિ રૂપ છે, એમ સંસારના દુઃખોનો વિચાર કરતાં તેમને વૈરાગ્ય આવ્યો, પછી તે, સભામાંથી નીકળી, આચાર્ય સંભૂતિવિજય નામના મુનિ પાસે ગયો અને તેમની પાસે તેણે 'જિન દીક્ષા' અંગીકાર કરી.

સ્થૂલિભદ્ર દીક્ષિત બનવાથી રાજાએ મંત્રીપદ શ્રેયકને સોંપ્યું. શ્રેયક સારી રીતે રાજ્ય કાર્યભાર ચલાવવા લાગ્યો.

ગ્રામાનુગ્રામ વિહાર કરી આચાર્ય પોતાના શિષ્ય મંડળ સાથે પુનઃ પાટલીપુત્રમાં આવ્યા. ચાતુર્માસકાળ સમીપ આવી રહ્યો હતો, ચાર શિષ્યોએ જુદેજુદે સ્થળે ચાતુર્માસ કરવાની આજ્ઞા માગી હતી. તેથી ગુરૂએ એક મુનિને સિંહની ગુફામાં, બીજાને સર્પના રાફડા પર, ત્રીજાને કૂવાના કાંઠા પર અને ચોથા સ્થૂલભદ્રને કોશા વેશ્યાના ઘેર ચાતુર્માસ કરવાની આજ્ઞા આપી.

સ્થૂલભદ્ર કોશા વેશ્યાને ત્યાં બારવર્ષ સુધી સુખ ભોગ વિલસતો રહ્યો હતો તેથી કોશાએ તેમનો સુંદર સત્કાર કર્યો અને રહેવા માટે નિવાસ આપ્યો, એટલું જ નહિ પણ તેણે વિચાર્યું કે ગમે તે કારણે તેઓ મુનિ બન્યા હોય, પણ હવે તેમને મારા પ્રત્યે ફરીથી રાગ થયો છે માટે જ તેઓ અહિં આવ્યા લાગે છે. ઘણું સારૂં થયું. અમે બંને પહેલાંની જેમ સુખભોગનો આનંદાનુભવ કરશું, એમ વિચારી સુંદર શણગાર પહેરી કોશા, સ્થૂલભદ્રને તેના મુનિપણાથી ચલિત કરવા આવી, તેના સામે અનેક હાવભાવ કર્યા પરન્તુ સ્થૂલભદ્રના ચિત્તમાં તેના પ્રત્યે એક અણુંમાત્ર પણ વિકાર ઉત્પન્ન ન થયો, એટલું જ નહિ પણ તેમણે વેશ્યાને શરીરનાં ધર્મો અને સંસાર સુખની ક્ષણ ભંગુરતાનો એવો સચોટ ઉપદેશ આપ્યો કે જેને કારણે વેશ્યા મુનિના ચરણમાં પડી અને મુનિને ચલિત કરવાના પ્રયત્નો માટે માફી માગી. તે બારવ્રતધારી સાચી શ્રાવિકા બની અને તપ, જપ અને ધર્મધ્યાનમાં સમય વ્યતિત કરવા લાગી.

ચાતુર્માસ પૂર્ણ થયા બાદ (૧) સિંહની ગુફાપર (૨) સર્પના રાફડા પર અને (૩) કુવાના કાંઠા પર ચાતુર્માસ રહેલા મુનિઓએ આવીને ગુરૂ મહારાજને વંદણા નમસ્કાર કર્યા. ત્યારે ગુરૂ મહારાજે કહ્યું. હે મુનિઓ, તમે દુષ્કાર કાર્ય કર્યું. છે, અને જ્યારે (૪) સ્થૂલિભદ્ર આવ્યા ત્યારે ગુરૂમહારાજ તરત જ ઉભા થઈ ગયા અને કહ્યું કેઃ તમે દુષ્કર–અતિ દુષ્કર કાર્ય કર્યું છે!

ગુરૂની વાત સાંભળીને ત્રણે મુનિઓને ઇર્ષાભાવ ઉત્પન્ન થયો. હવે જ્યારે બીજું ચાતુર્માસ આવ્યું ત્યારે સિંહની ગુફા પર ચાતુર્માસ રહેલા મુનિએ કોશા વેશ્યાને ઘેર ચાતુર્માસ કરવાની આજ્ઞા માગી. ગુરૂએ આજ્ઞા ન આપી, તો પણ તેઓ કોશા વેશ્યાને ત્યાં ચાતુર્માસ કરવા માટે ચાલ્યા ગયા. વેશ્યા શ્રાવિકા બની હતી, તેથી પોતાને ધર્મ લાભ મળશે એમ માની સ્થૂલિભદ્રની જેમ આ મુનિને ઉતરવા

માટે પોતાની હવેલીમાંનો એક અલાયદો ખંડ કાઢી આપ્યો. મુનિએ ત્યાં નિવાસ કર્યો.

વેશ્યા શ્રાવિકા બની હોવાથી તે સાદાં વસ્ત્રો પરિધાન કરતી હતી, છતાં તેનું રૂપ સામાન્ય જન સમૂહ માટે આકર્ષક હતું. આ આ રૂપ જોઇને આ મુનિનું ચિત્ત ચલાયમાન થઈ ગયું. તેણે વેશ્યાને કહ્યું: તહમે મહા ભાગ્યશાળી છો કે પૂર્વના પુણ્યે તમે આવું અનુપમ રૂપ પામ્યા છો, પરન્તુ જો તમે તેનો ઉપયોગ ન કરી શકો તો તમારું રૂપ આખરે માટીમાં મળી જશે, માટે ચાલો, આપણે યથેચ્છ સુખ ભોગવીયે.

મુનિને સન્માર્ગે લાવવા માટે કોશાએ કહ્યું: મુનિવર ! તહમે જાણો છો કે અમે–વેશ્યાઓ ધનની આકાંક્ષાવાળી છીએ, માટે જો તમે મને એક લાખ સોના મહોરો આપો તો તમારી માગણી સંતોષાય. મુનિએ કહ્યું: હું તો ભિક્ષુક છું, એ તમે જાણો છો, એટલે મારી પાસે ધન કયાં છે ?

વેશ્યાએ કહ્યું:– સાંભળો. નેપાલના રાજા દરેક સાધુને એક રત્નકાંબળ આપે છે, તેની કિંમત એક લાખ સોના મહોર છે. માટે તમે ત્યાં જાઓ અને એક રત્નકાંબળ લાવીને મને આપો. વેશ્યાને કહ્યું બહુ સારું. એમ કહી મુનિ ત્યાંથી વિહાર કરી નેપાલ જવા માટે રવાના થઈ ગયા. અને ત્યાંના રાજા પાસે રત્નકાંબળની યાચના કરી. રાજાએ મુનિને કાંબળ આપી અને તે લઈને મુનિ કોશાને મળવા શીઘ્ર ગતિએ રવાના થયા. રસ્તે જતાં એક જંગલમાં કેટલાક ચોર મળ્યા અને આ મુનિ પાસેથી આ રત્નકાંબળ છીનવી લીધી. મુનિ ઘણા નિરાશ થયા, પરન્તુ જો રત્નકાંબળ વેશ્યાને તે ન આપે તો તેની પતિત મનોદશા પાર પડે તેમ ન હતું, એટલે મુનિ ફરીથી નેપાલના રાજા પાસે ગયા. અને પોતાને મળેલી કાંબળ ચોરોએ ખુંચવી લીધાની વાત ગદગદ્ કંઠે કરી અને બીજી કાંબળ માટે પ્રાર્થના કરી, ત્યારે રાજાએ તેને બીજી કાંબળ આપી.

મુનિ સાવધ બન્યા હતા એટલે તેમણે પોતાની પાસેની આ બહુમૂલ્ય કાંબળને વાંસની એક લાકડીમાં છૂપાવી દીધી. જંગલમાં તેમને ફરીથી ચોરો મળ્યા, ત્યારે મુનિએ કહ્યું કે–હું તો ભિક્ષુક છું, મારી પાસે કાંઈ નથી. આ પ્રમાણે કહેવાથી, ચોર લોકો ચાલ્યા ગયા. રસ્તામાં ભૂખ અને તરસનાં અનેક કષ્ટો સહન કરતાં કરતાં તે મુનિ કોશાના આવાસે પહોંચ્યા અને તે કાંબળ તેમણે કોશાને સુપ્રત કરી. રત્નકાંબળ લઇને વેશ્યાએ તેને ગટરમાં ફેંકી દીધી. જેથી તે ખરાબ બની ગઈ. આ જોઈને, મુનિ બોલ્યા.– અરે કોશા ! તમે આ શું કર્યું ? આ કાંબળને અહિં સુધી લાવવા માટે મારે કેટલાં કષ્ટો સહન કરવાં પડયાં છે એ તમે જાણો છો ?

વેશ્યાએ કહ્યું: હા, હું જાણું છું, કેમકે સેંકડો ગાઉનો વિહાર કરવો, વચ્ચે ભૂખ તરસ સહન કરવાં, એ બધું અઘરૂં તો છે જ, પણ હે મુને, આ બધું મેં શા માટે કર્યું એ શું તમે જાણો છો ? ન જાણતા હો તો હું સ્પષ્ટ કહું છું કે મેં તમને નેપાલ દેશમાંથી રત્ન કાંબળ લઈ આવવાની આજ્ઞા કરી હતી તે ફક્ત તમને સમજાવવા માટે; જે રીતે ગટર રૂપ અશૂચિમાં પડવાથી આ મૂલ્યવાન કાંબળ ખરાબ થઇ ગઇ છે તેવી જ રીતે કામભોગ રૂપી કીચડમાં ફસાવાથી તમારો આત્મા પણ મલિન થઈ જશે, તમારું અધ:પતન થઇ જશે. હે મુનિવર! જરા વિચાર કરો. આ વિષય ભોગોને કિંપાક વૃક્ષના કટુ ફળો સમજીને તમે છોડી દીધા હતા અને હવે વમન કરેલા કામ ભોગોને ફરીથી તમે ભોગવવાને માટે તૈયાર થયા છો ? વમન કરેલ વસ્તુને ખાવાની ઇચ્છા તો કાગડા અને કૂતરાઓ જ કરે છે. હે મુનિ, જરા વિચારો અને સમજો.

આ સાંભળતાંજ મુનિને પોતાની અસલ સ્થિતિનું ભાન થઈ ગયું. અને પુનઃ દુષ્ટ વિચારો કર્યા બદલ પશ્ચાતાપ કરવા લાગ્યા. પાપની આલોચના લેતાં તેમના મુખમાંથી નીચેના શબ્દો નીકળી ગયા.

**સ્થૂલ ભદ્ર સ્થૂલ ભદ્ર, અખિલ સાધુમાં એક છે,**
**દુષ્કર, દુષ્કર શબ્દ ગુરૂના, તે ખરેખર સત્ય છે.**

અર્થાત્, સઘળા સાધુઓમાં એક માત્ર સ્થૂલિભદ્ર મુનિ જ દુષ્કર ક્રિયા કરનાર છે. જેઓ વેશ્યાને ત્યાં બારવર્ષ રહ્યા, તેની ચિત્ર-શાળામાં ચાતુર્માસ કર્યું: વેશ્યાએ ઘણા જ હાવભાવથી ભોગો માટે પ્રાર્થના કરી, છતાં તેઓ જરા પણ ચલાયમાન ન થયા. આવા મુનિ માટે ગુરૂ મહારાજે દુષ્કર, દુષ્કર' શબ્દોનો પ્રયોગ કર્યો હતો તે ખરોખર ઉચિત જ હતો.

ત્યારબાદ તે મુનિ ગુરૂ મહારાજ પાસે ચાલ્યા ગયા અને પોતાના પાપ કર્મની આલોચના કરી શુદ્ધ થયા.

સ્થુલિભદ્ર મુનિના વિષયમાં કોઇ કવિએ કહ્યું છે કે, પર્વત પર, પર્વતની ગુફામાં, સ્મશાનમાં કે વનમાં રહીને પોતાના આત્માને સંયમમાં રાખનાર તો હજારો મુનિઓ છે, પરન્તુ સુંદર સ્ત્રીઓની સમીપમાં અને રમણીય મહેલમાં રહીને, જો આત્માને સંયમમાં રાખનાર કોઇ મુનિ હોય, તો તે એક માત્ર સ્થૂલિભદ્ર છે.

"પ્રેમ કરનારી તથા તેમાંજ તલ્લીન રહેનારી વેશ્યા, ષટ્રસ ભોજન, મનોહર મહેલ, સુંદર શરીર, યુવાન અવસ્થા, વર્ષાઋતુનો સમય, આ બધી સગવડો હોવા છતાં પણ જેણે કામદેવને જીતી લીધો તથા વેશ્યાને બોધ આપીને ધર્મ માર્ગમાં રક્ત બનાવી તે સ્થૂલિભદ્ર મુનિને હું નમસ્કાર કરૂં છું."

નંદરાજાએ સ્થૂલિભદ્રને મંત્રીપદ સ્વીકારવા માટે ખૂબ આગ્રહ-પૂર્વક કહ્યું, છતાં ભોગેચ્છાને નાશનું કારણ તથા સંસારના સંબંધને દુઃખનું કારણ જાણીને, તેમણે મંત્રીપદનો અસ્વીકાર કર્યો અને સંયમ સ્વીકારીને આત્મ કલ્યાણમાં પ્રવૃત્ત બની. ગયા. એ સ્થૂલ ભદ્રની પારિણામિકી બુદ્ધિ હતી,

---

# ૬૭ સુંદરીનંદને પ્રતિબોધ

## (નાસિકય સુંદરીનન્દ દષ્ટાંત)

નાસિકપુર નામનું એક ગામ હતું. ત્યાં નંદ નામે એક શેઠ રહેતો હતો. તેની સ્ત્રીનું નામ સુંદરી હતું. તે રૂપ લાવણ્યથી ઘણી સુંદર હતી. નંદનો તેના પર એટલો બધો પ્રેમ હતો કે તે સુંદરી વિના ઘડી પણ રહી શકતો ન હતો. તેથી લોકો નંદને સુંદરીનંદ કહેવા લાગ્યા.

સુંદરીનંદને એક નાનો ભાઈ હતો. તેણે દીક્ષા લીધી હતી. તેના જાણવામાં આવ્યું કે મારો ભાઈ તેની સ્ત્રી સુંદરીમાં અત્યંત આસક્ત છે માટે તેને પ્રતિબોધ આપવો જોઈએ. એમ વિચારી તે મુનિ ફરતાં ફરતાં નાસિકપુર ગામમાં આવ્યા અને ઉદ્યાનમાં ઉતર્યા. ગામમાં ખબર પડતાં લોકો મુનિવંદન અર્થે ગયા. પણ સુંદરીનંદ ગયો નહિ. ત્યાર બાદ મુનિ ગોચરી અર્થે ગામમાં આવ્યા અને સુંદરીનંદને ત્યાં ગયા, પોતાના ભાઈની આવી વિષયાસક્ત સ્થિતિ જોઈ વિચાર થયો કે મારા ભાઈને બોધ પમાડવાનો મને એકજ માર્ગ દેખાય છે, અને તે એ કે મારે તેની સ્ત્રી કરતાં અધિક રૂપવાળી વસ્તુ બતાવીને લલચાવવો જોઈએ, તોજ તેની આસક્તિ ઓછી થશે.

એવું વિચારી મુનિએ પોતાની વૈક્રેયી બુદ્ધિના બળે એક સુંદર વાંદરી બનાવી અને ભાઈને પૂછયું: શું આ તમારી સુંદરી જેવી સુંદર નથી?

ભાઈએ કહ્યું: છે, પણ તેનાથી અર્ધાં, ત્યારે ફરીથી મુનિએ વિદ્યાબળે એક વિદ્યાધરીને રજુ કરી અને પૂછયું: કહો, હવે આ સુંદરી તમારી પત્ની જેવી સુંદર છે ને? ભાઇએ જવાબ આપ્યો: હા. તે તેના જેવીજ સુંદર છે, ત્યારે ત્રીજીવાર મુનિએ દેવલોકમાંની

એક દેવી ઉત્પન્ન કરી અને પૂછયું: આ કેવી છે? નંદે ચમકીને કહ્યું: આ તો સુંદરી કરતાં પણ અત્યંત સુંદર છે.

આ સાંભળી મુનિ બોલ્યાઃ થોડુંક પણ ધર્મનું આચરણ કરવાથી આવી અનેક દેવીઓ પ્રાપ્ત થઇ શકે છે. આ સાંભળી સુંદરી પ્રત્યેનો નંદનો રાગ ઓછો થયો અને કેટલાક વખત બાદ તેણે દીક્ષા લીધી.

---

## ૬૮ વજ્ર સ્વામી

(વજ્ર સ્વામી દૃષ્ટાંત)

અવન્તી દેશમાં ઉજ્જયિની નગરીમાં ધનગિરિ નામનો એક ધનિક પુત્ર રહેતો હતો. તેના માત પિતાએ તેનું લગ્ન ધનપાળની પુત્રી સુનંદા સાથે કર્યું. બન્ને શાંતિથી ગૃહસ્થ જીવન ગાળતા હતા. દરમ્યાન કોઈ કારણથી ધનગિરિને સંસારની અસારતાનું ભાન થયું કે તરતજ તે, પોતાની ગર્ભવતી સ્ત્રી સુનંદાને સમજાવી સિંહગિરિ નામના આચાર્ય પાસે જઈને જૈનદિક્ષા ગ્રહણ કરી. સુનંદાએ સમય થયે એક પુત્રનો જન્મ આપ્યો. તેનું નામ વજ્ર રાખ્યું, કેમકે તેનું શરીર વજ્ર જેવું હતું :

એકવાર કેટલીક સ્ત્રીઓ ભેગી થઇને અંદરો–અંદર વાતચિત કરવા લાગી કે, ધનગિરિનો પુત્ર વજ્ર ઘણો જ ભાગ્યશાળી છે. જો તેના પિતાએ દીક્ષા ન લીધી હોત તો તેનો જન્મ મહોત્સવ ખૂબ ધામધુમથી ઊજવત. સ્ત્રીઓની આ વાત પારણામાં સૂતેલા બાળકના કાને પડી કે તરત તેને પોતાનો પૂર્વભાવ યાદ આવ્યો. તેણે વિચાર્યું કે પિતાએ દીક્ષા લીધી અને હવે હું એવો ઉપાય કરું કે જેથી માતાનો મારા પ્રત્યેનો રાગ દૂર થાય, એમ ધારી તે રાત અને દિવસ રડવા લાગ્યો. માતાએ ઘણા પ્રયત્નો કર્યા પણ બાળક છાનો ન રહે. આથી માતા બહુ જ ખિન્ન થઇ.

આચાર્ય સિંહગીરી ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં ઉજ્જયિનીમાં આવ્યા અને તુંબવનમાં ઉતર્યા. ગુરૂની આજ્ઞા લઈ ધનગીરી તથા આર્યસમિત (સુનંદાનો દીક્ષિતભાઈ) ભિક્ષાર્થે શહેરમાં જવા લાગ્યા, તે વખતે શુભ શુકન જોઇને ગુરૂમહારાજે કહ્યું: આજે તમને કોઇ મહાન લાભ થશે. માટે સચિત્ત કે અચિત્ત જે કાંઈ ભિક્ષા મળે તે લેજો. ગુરૂ–આજ્ઞાને માથે ચડાવી બંને મુનિઓ શહેરમાં ગયા.

જે સમયે સુનંદા પોતાની સખીઓ સાથે બેઠી હતી અને રડતાં બાળકને શાંત કરવાના પ્રયત્ન કરી રહી હતી તેજ સમયે તે મુનિઓ ત્યાંથી નીકળ્યા, તેમને જોઇ સુનંદાએ ધનગિરિને કહ્યું: આટલા દિવસો સુધી આ બાળકનું રક્ષણ મેં કર્યું. હવે તમે તેને લઈ જાઓ અને તેનું રક્ષણ કરો. આ સાંભળી ધનગિરિ મુનિ ઝોળીમાંથી પોતાનું મોટું પાત્ર બહાર કાઢીને ઉભા રહ્યા. સુનંદાએ તે બાળકને તે પાત્રમાં મૂકી દીધું, શ્રાવક અને શ્રાવિકાઓની સાક્ષીમાં મુનિએ તે બાળક લીધું, એજ વખતે બાળકે રોવાનું બંધ કરી દીધું. બાળકને લઇને મુનિઓ ગુરૂ પાસે આવ્યા અને વાત કરી. અત્યંત તેજસ્વી અને પ્રતિભાશાળી બાળકને જોઈને ગુરૂ પ્રસન્ન થયા. અને કહ્યું કે, આ બાળક શાસન માટે આધારભૂત બની રહેશે. ત્યાર બાદ તે બાળક શ્રી સંઘને સોંપવામાં આવ્યો, મુનિઓ ત્યાંથી અન્ય સ્થળે વિહારી કરી ગયા.

સમય જતાં બાળક જ્યારે આઠ વર્ષનો થયો ત્યારે સુનંદા તેને લેવા માટે ધનગિરિ પાસે આવી અને કહ્યું કે હવે મને મારો બાળક પાછો આપો. ત્યારે મુનિઓએ તે બાળક પાછો આપવાની આનાકાની કરી એટલે સુનંદાએ રાજા પાસે જઇને પોતાનો બાળક પોતાને મળે તેવી વ્યવસ્થા કરવાની વિનંતી કરી. રાજાએ રાજસભા બોલાવી. હજારો માણસોની ઠઠ જામી છે. એક બાજુ સુનંદા સ્ત્રી અને બીજી બાજુ મુનિઓ અને વજ્ર બાળક. એ વખતે રાજાએ કહ્યું કે આ બાળકને જ્યાં જવું હોય ત્યાં જઇ શકે છે, એવી હું આજ્ઞા કરૂં છું.

એટલે સુનંદાએ બાળક માટે રમકડાં તથા ખાવાની સારીસારી ચીજો પોતાની આગળ મૂકી ત્યારે બીજી બાજુ મુનિઓએ રજોહરણ, મુહપતિ, ધર્મપોથી, અને પાત્રાં મૂકયાં. પછી બાળકને કહેવામાં આવ્યું કે તમારે જે માર્ગે જવું હોય તે માર્ગે જઈ શકો છો. એટલે બાળકે મુનિઓ તરફ જઇને રજોહરણ વગેરે ઉપકરણો લીધાં અને એ પછી સૌના હર્ષ સાથે વજ્રને દીક્ષા આપવામાં આવી. આ ઘટના જોઇને સુનંદાએ વિચાર્યું કે, મારા ભાઇ, પતિ અને પુત્રે દીક્ષા લીધી, તો પછી મારે સંસારમાં રહીને શું કામ છે! એટલે તેને પણ વૈરાગ્ય થયો અને દીક્ષા લીધી.

વજ્રસ્વામી પછીથી ખૂબ શાસ્ત્રાભ્યાસ કરી વાચનાચાર્ય બન્યા. તેઓ દશપૂર્વધર કહેવાય છે.

---

## ૬૯ વૃદ્ધોની બુદ્ધિ

(ચરણાહત દષ્ટાંત)

એક રાજા હતો. તે યુવાન હતો. એકવાર કેટલાક તરુણ સેવકોએ મળીને રાજાને કહ્યું કે મહારાજા, આપ નવજુવાન છો માટે આપે નવજુવાનોને જ આપની સેવામાં રાખવા જોઈએ, કેમકે તેઓ બધું કામ ઝડપથી અને યોગ્ય રીતે કરી શકે છે. વૃદ્ધ માણસોના વાળ સફેદ થઈ જાય છે, અને તેમનું શરીર પણ અશકત બની જાય છે. તે લોકો આપની સેવામાં રહે, તો તે શોભા રૂપ પણ નથી.

નવયુવકોની વાત સાંભળીને તેમની પરીક્ષા કરવા માટે રાજાએ પૂછયું:- જો કોઈ માણસ મારા માથા પર પગનો પ્રહાર કરે તો તેને શી શિક્ષા કરવી જોઈએ? નવયુવકોએ તરતજ જવાબ આપ્યો:. મહારાજા, તેના તો મારી મારીને રાઈ રાઈ જેવડા ટુકડા કરી નાખવા જોઇ

રાજાએ એજ પ્રશ્ન વૃદ્ધ પુરુષોને પૂછયો. વૃદ્ધ પુરુષોએ કહ્યું, મહારાજા, અમે વિચાર કરીને આપના પ્રશ્નનો જવાબ આપીશું. પછી બધા વૃદ્ધો એકઠા થયા અને વિચાર કરવા લાગ્યા કે-રાણી સિવાય બીજા કોની તાકાત હોય કે રાજાના માથામાં પગનો પ્રહાર કરે! રાણી તો વિશેષ સન્માન કરવાને લાયક હોય છે. આમ વિચારી, તેઓ રાજા સમક્ષ હાજર થયા અને કહ્યું કે, મહારાજા, તેનો તો ખૂબજ સત્કાર કરવો જોઈએ. આ જવાબ સાંભળી રાજા ઘણો પ્રસન્ન થયો. અને કાયમ વૃદ્ધ પુરુષોને પોતાની સેવામાં રાખવા લાગ્યો. તે રાજા પ્રત્યેક બાબતમાં વૃદ્ધોની જ સલાહ લેતો, તેથી થોડાજ દિવસોમાં તેનો યશ ચારેકોર ફેલાઈ ગયો.

## ૭૦ આંબળો

કોઇ એક કુંભારે એક મનુષ્યને એક બનાવટી આંબળો આપ્યો. તે રંગ, રૂપ અને આકારમાં બરાબર સાચા આંબળા જેવોજ હતો. તે લઇને તે મનુષ્યે વિચાર કર્યો કે આ રૂપ, રંગમાં તો બરાબર આંબળા જેવો દેખાય છે, પરન્તુ તેનો સ્પર્શ કઠોર માલુમ પડે છે. તેમજ અત્યારે આંબળા પાકવાની ઋતુ પણ નથી, એમ વિચારીને તે પુરુષે પોતાની પારિણામિકી બુદ્ધિના બળે સમજી લીધું કે આ આંબળો બનાવટી છે.

## ૭૧ મણિ

### (મણિ દૃષ્ટાંત)

કોઈ એક જંગલમાં એક સાપ રહેતો હતો. તેના મસ્તક પર મણિ હતો. તે, રાત્રે વૃક્ષ પર ચડીને, પક્ષીઓનાં બચ્ચાંને ખાઇ જતો હતો. એક દિવસ તે પોતાના ભારે શરીરને સાચવી શક્યો નહિ અને

વૃક્ષ પરથી નીચે પડયો, તેના મસ્તકનો મણિ, વૃક્ષ પર જ રહી ગયો. વૃક્ષની નીચે એક કૂવો હતો. મણીના તેજને કારણે કૂવામાંનું પાણી લાલ દેખાવા લાગ્યું.

પ્રાતઃકાળે કુવા પાસે રમતા કોઇ બાળકે કુવામાં નજર કરી. લાલ પાણી જોઇને આશ્ચર્ય થયું એટલે ઘેર જઇને તેણે આ વાત પોતાના પિતાને કરી. બાળકની વાત સાંભળી તેનો વૃદ્ધ પિતા કૂવા પાસે આવ્યો, તેણે કૂવામાં સારી રીતે નિરીક્ષણ કર્યું અને કારણ જાણવામાં આવતાં, વૃક્ષપર ચડીને ડાળી પર સર્પે મૂકેલો મણિ હસ્તગત કર્યો અને તે સુખી થયો. આમાં વૃદ્ધ પુરુષની પારિણામિકી બુદ્ધિ હતી.

---

## ૭૨ ચંડ કૌશિક સર્પ

### (સર્પ દૃષ્ટાંત)

ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરે દીક્ષા લીધા બાદ, પહેલું ચાતુર્માસ 'અસ્થિગ્રામ'માં કર્યું હતું. ચાતુર્માસ પૂરૂં થયા બાદ વિહાર કરીને ભગવાન શ્વેતાંબિકા નગરી તરફ જવા લાગ્યા. થોડેક દૂર ગયા પછી રસ્તામાં રમતા ગોવાળિયાના છોકરાઓએ ભગવાનને વિનંતી કરી કે—ભગવાન, શ્વેતાંબિકા જવા માટે આ માર્ગ ટુંકો અને સીધો તો છે, પરન્તુ વચમાં એક દૃષ્ટિવિષ સર્પ રહે છે, માટે આપ બીજા માર્ગેથી જાવ. બાળકોની વાત સાંભળીને ભગવાને વિચાર કર્યો કે, "તે સર્પ બોધ મેળવવાને લાયક છે." એમ વિચારી ભગવાન તો તેજ ટુંકા માર્ગે ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં તેઓ તે સર્પના રાફડા પાસે પહોંચ્યા. ત્યાં જઇને રાફડા પાસે કાયોત્સર્ગ કરીને (ધ્યાન ધરીને) ઉભા. થોડી વાર પછી તે સર્પ રાફડામાંથી બહાર નીકળ્યો. પોતાના રાફડા પાસે ધ્યાનસ્થ ભગવાનને જોઇ તેણે વિચાર્યું.

આ કોણ વ્યક્તિ છે કે જે અહિં આવીને ઉભી છે? એનો મને જરા પણ ડર નથી. એમ વિચારીને તેણે પોતાની વિષ ભરી દૃષ્ટિ ભગવાન પર નાખી, તેથી ભગવાનને કાંઈજ ન થયું. તેથી તે વધારે ગુસ્સે થઇને સૂર્ય સામે જોઈ ફરીથી તેની વિષ દૃષ્ટિ ભગવાન પર ફેંકી, તો પણ સર્પને તેના કામમાં સફળતા મળી નહિ. ત્યારે ખૂબ ક્રોધિષ્ટ બનીને તે ભગવાનની પાસે આવ્યો અને તેણે ભગવાનના પગના અંગૂઠાને જોરથી ડંસ દીધો. આટલું થયા છતાં પણ, ભગવાનના અંગૂઠાના લોહીનો સ્વાદ ચંડકોશિકને વિલક્ષણ લાગ્યો. રક્તનો મીઠો સ્વાદ જાણી તે વિચારવા લાગ્યો—આ કોઈ સામાન્ય પુરુષ નથી. કોઇ દિવ્ય પુરુષ જણાય છે. એવું વિચારતાં તેનો ક્રોધ શાંત થઈ ગયો. તે શાંત દૃષ્ટિએ ભગવાનના સૌમ્ય મુખ તરફ જોવા લાગ્યો.

તેને ઉપદેશ કરવા માટેનો અનુકૂળ સમય જોઈ, ભગવાને ફરમાવ્યું: "હે ચંડકૌશિક, બૂઝ, બૂઝ! (સમજ સમજ) અને તારા પૂર્વ ભવને યાદ કર. હે ચંડ કૌશિક, તેં પૂર્વભવે દીક્ષા લીધી હતી. તું એક તપસ્વી સાધુ હતો. પારણાને દિવસે ગોચરી લઇને પાછા ફરતી વખતે તારા પગ નીચે દબાઈને એક દેવકી મરી ગઇ હતી. એજ વખતે તારા એક શિષ્યે તે પાપનું આલોચન કરવા તને કહ્યું, પરંતુ તેં તેની વાત પર કાંઈ ધ્યાન આપ્યું નહિ." "ગુરૂમહારાજ મહાન તપસ્વી છે, તેઓ હમણાં નહિ તો સાંજે, જરૂર પ્રાયશ્ચિત લેશે. સંભવ છે કે ગુરૂમહારાજ પ્રાયશ્ચિત લેવું ભૂલી ગયા હોય" એમ ધારી તેણે સરળ બુદ્ધિએ તને એ પાપની ફરી સ્મૃતિ કરાવી. શિષ્યનું વચન સાંભળીને તને ક્રોધ આવ્યો અને તેને મારવા માટે તું તેની તરફ દોડયો, પરન્તુ વચમાં આવતા થાંભલા સાથે તારું માથું અફળાયું. જેથી ત્યાંજ તારું મૃત્યું થયું. હે ચંડકૌશિક! તું તે જ છે. ક્રોધમાં મૃત્યું થવાથી તને આ સાર્પયોનિ પ્રાપ્ત થઈ છે. હવે પાછો ફરીથી ક્રોધ કરીને તું તારો ભવ શા માટે બગાડી રહ્યો છે? સમજો, સમજો, બોધ પામો."

ભગવાનનાં ઉપરોક્ત વચનો સાંભળીને ચંડકૌશિકને એ જ વખતે જાતિ સ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. તે પોતાનો પૂર્વ ભવ જોવા લાગ્યો. ભગવાનને ઓળખીને તેણે વિનય પૂર્વક વંદન નમસ્કાર કર્યા અને તે પોતાના અપરાધ માટે વારંવાર પશ્ચાતાપ કરવા લાગ્યો.

જે ક્રોધને કારણે સર્પયોનિ પ્રાપ્ત થઇ તે ક્રોધ પર વિજય મેળવવા માટે, અને પોતાની વિષભરી દૃષ્ટિથી કોઇ પણ પ્રાણીને કષ્ટ ન થાય તે માટે ચંડકૌશિકે ભગવાનની સમક્ષ જ અનશન કરી લીધું. તેણે પોતાનું મ્હોં રાફડામાં નાખ્યું અને શરીરને રાફડાની બહાર જ રહેવા દીધું. જ્યારે ગોવાળીયાના છોકરાઓએ ભગવાનને સકુશલ જોયા, તો તેઓ પણ ત્યાં આવ્યા. સર્પની આ સ્થિતિ જોઇ તેઓને ખૂબ આશ્ચર્ય થયું. તેઓ પત્થર અને ઢેખાળા મારીને તથા લાકડી આદિથી સાપને છંછેડવા લાગ્યા, પરન્તુ સાપે આ બધાં કષ્ટો સમભાવે સહન કર્યાં. અને તે નિશ્ચળ રહ્યો, ત્યારે તે છોકરાઓએ જઇને લોકોને આ વાત કહી. આથી ઘણાં સ્ત્રી-પુરુષો આવીને સાપને જોવા લાગ્યા. કેટલીક ભરવાડણો ઘી દૂધ વગેરેથી તેની પૂજા કરવા લાગી. ઘી દૂધની સુગંધથી સર્પના શરીર પર સેંકડો કીડીઓ ચડી ગઈ. કીડીઓએ કોચી કોચીને સર્પનું શરીર ચાળણી જેવું કરી મૂકયું. આ અસહ્ય વેદનાઓ પણ સર્પ સમભાવ પૂર્વક સહન કરતો રહ્યો. અને વિચારતો રહ્યો કે મારા પાપોની સરખામણીમાં આ કષ્ટો તો નહિવત્ છે. મારા ભારે શરીરને કારણે કોઈ કીડી મરી ન જાય, એવું વિચારીને તેણે પોતાના શરીરને કિંચિત્ માત્ર પણ હલાવ્યું નહિ. અને કષ્ટોને સમભાવ પૂર્વક સહન કરતો તે શાંતચિત્ત બનીને રહ્યો. પંદર દિવસનું અનશન કરીને તે કાળ ધર્મ પામ્યો અને મરીને આઠમા સહસાર નામના દેવલોકમાં દેવ થયો.

## ૭૩ ગેંડાનો ભવસુધાર

(ખડ્ગ દૃષ્ટાંત)

કોઈ એક નગરમાં એક શ્રાવક રહેતો હતો. તે શ્રાવકનાં વ્રતોનું પાલન કરતો આનંદપૂર્વક જીવન વ્યતીત કરતો હતો. અલ્પ આયુષ્યને કારણે યુવાવસ્થામાં જ તેનું મૃત્યું થયું. વ્રતની વિરાધના તથા અશુભ પરિણતિને કારણે મૃત્યું પામીને તે ગેંડા નામનો એક જંગલી હિંસક પશુ બન્યો. તે ઘણો પાપી અને ક્રૂર હતો. અને જંગલમાં આવનાર મનુષ્યોને ખાઈ જતો હતો.

એક સમયે તે વનમાં થઇને કેટલાક મુનિરાજો જતા હતા, તેમને જોઇને ગેંડાએ તે મુનિ પર આક્રમણ કર્યું, પરંતુ તે પોતાના પ્રયત્નમાં સફળ થયો નહિ. મુનિઓની શાંત મુખમુદ્રા જોઇને તેનો ક્રોધ શાંત થઈ ગયો. તે પર વિચાર કરતાં કરતાં તેને જાતિસ્મરણ-જ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. તેમાં તેણે પોતાનો પૂર્વભવ જોયો. આ ભવને સુધારવા માટે તેણે તે જ વખતે અનશન તપ કર્યો અને આયુષ્ય પૂર્ણ કરીને દેવલોકમાં ગયો.

પોતાના વર્તમાન ભવને સુધારવા જે અનશન કર્યું તે, તે ગેંડાની પારિણામિકી બુદ્ધિ હતી.

---

## ૭૪ વિશાલા નગરીનો વિનાશ

(સ્તૂપ દૃષ્ટાંત)

ચેડા રાજા અને કોણિક રાજાના સંગ્રામમાં ઇન્દ્રોની સહાયથી કોણિકનો વિજય થવાથી મહારાજા ચેટક (ચેડા) વિશાળા નગરીમાં આવ્યા અને નગરીના દ્વાર બંધ કરાવી દીધાં. કોણિકે નગરના કિલ્લાને તોડવાની ખુબ કોશીશ કરી, પણ તે તોડી શકયો નહિં. ત્યારે નીચે મુજબ આકાશ વાણી થઈ.

"જો કુલવાલુક નામનો સાધુ, ચારિત્રથી ભ્રષ્ટ થઈ, માગધિકા નામની વેશ્યા સાથે ગમન કરે, તો કોણિક રાજા કિલ્લો તોડીને વિશાળા નગરીનો કબજો લઇ શકે."

આ સાંભળીને કોણિક રાજાએ રાજગૃહમાંથી માગધિકા વેશ્યાને બોલાવી, તેને બધી વાત સમજાવી દીધી. માગધિકાએ કુલવાલુક સાધુને કોણિક પાસે લાવવાનું સ્વીકાર્યું.

કોઇ આચાર્યની પાસે એક સાધુ હતો. આચાર્ય જ્યારે જ્યારે કોઈ હિતની વાત તેને કરે ત્યારે તે અવિનીત હોવાને કારણે, હંમેશાં તેનો વિપરીત અર્થ કરી આચાર્ય પર ક્રોધ કરતો. એક વખત આચાર્ય વિહાર કરીને જતા હતા. તે શિષ્ય પણ સાથે હતો. જ્યારે આચાર્ય એક નાની ટેકરી પરથી ઉતરતા હતા ત્યારે તેમને મારી નાખવાના ઇરાદે તે શિષ્યે એક મોટો પત્થર ગબડાવ્યો. ગબડતો ગબડતો તે પત્થર જ્યારે આચાર્યની પાસે આવ્યો ત્યારે આચાર્યે સમયસૂચકતા વાપરીને પોતાના બે પગ પહોળા કર્યા એટલે તે પત્થર (શિલા) તેમના બંને પગ વચ્ચેથી નીકળી ગયો.

આચાર્યને શિષ્યની શત્રુતા દેખીને ક્રોધ આવી ગયો. તેમણે કહ્યુંઃ અરે નીચ! તું આટલો બધો દુષ્ટ અને ગુરૂ ઘાતક બની ગયો? જા, તું કોઈ સ્ત્રીના સંયોગથી પતિત બની જઇશ. શિષ્યે વિચાર કર્યોઃ હું ગુરૂના આ વચનને ખોટા સાબીત કરીશ. હું એવા નિર્જન સ્થાનમાં જઈને રહીશ, કે જ્યાં સ્ત્રીનું આવાગમન જ ન હોય. પછી તેના સંયોગથી પતિત થવાની વાત કયાં રહી? એવો વિચાર કરી તે, એક નદીને કિનારે જઈ ધ્યાન ધરવા લાગ્યો. વર્ષાઋતુમાં નદીનો પ્રવાહ ખૂબ જોસથી આવ્યો, પરંતુ તેના તપના પ્રભાવથી નદી બીજી તરફ વહેવા લાગી. તેથી તેનું નામ "કુલવાલુક" પડયું.—તે ગોચરી માટે નગરમાં જતો ન હતો. પરન્તુ ત્યાંથી નીકળતા મુસાફરો પાસેથી મહિને, પંદર દિવસે આહાર લીધા કરતો હતો. આ પ્રકારનો તે કઠોર તપ કરતો હતો.

માગધિકા વેશ્યા કપટ શ્રાવિકા બનીને, સાધુઓની સેવા–ભક્તિ કરવા લાગી. ધીરે ધીરે તેણે કુલવાલુક સાધુનું ઠેકાણું મેળવી લીધું. તે, તે જ દીવસથી નદીને કિનારે જઇને રહેવા લાગી. અને કુલવાલુકની સેવાભક્તિ કરવા લાગી. તેના ભક્તિ અને આગ્રહને વશ થઈ, તે સાધુ એક દિવસ તે વેશ્યાને ત્યાં ગોચરી ગયો. તેણીએ વિરેચક ઔષધ મિશ્રિત લાડુ વહોરાવ્યા. જેથી તેને અતિસાર (ઝાડ)નો રોગ થયો. ત્યારે તે વેશ્યા તેના શરીરની સેવા–શુશ્રુષા કરવા લાગી. તેણીના સ્પર્શ આદિથી મુનિનું મન ચલિત થઈ ગયું. તે તેનામાં આસક્ત બની ગયો. તેને બરોબર પોતાને આધીન કરી દઈને, તે વેશ્યા તે સાધુને કોણિક પાસે લઇ આવી.

કોણિકે કુલ વાલુકને પૂછ્યું. વિશાળા નગરીનો કિલ્લો કઇ રીતે તૂટી શકે ? કુલવાલુકે કહ્યું. હું વિશાલા નગરીમાં જાઉં છું અને જ્યારે હું સફેદ વસ્ત્ર વડે સંકેત કરૂં ત્યારે આપ આપની સેના લઈને થોડા પાછા હઠતા જજો. આ પ્રમાણે કોણિકને સમજાવીને તે, નૈમિત્તિકનું રૂપ બનાવી વિશાળા નગરીમાં ચાલ્યો આવ્યો.

તેને ભવિષ્યવેત્તા માનીને, વિશાલાના લોકો તેને પૂછવા લાગ્યા– કોણિક અમારી નગરીની ચોતરફ ઘેરો ઘાલીને પડયો છે. આ ઉપદ્રવ કયારે દૂર થશે ? તેણે કહ્યું. તમારી નગરીની વચ્ચે શ્રી મુનિસુવ્રત સ્વામીનું "પાદુકા ચિન્હ" છે, તે કારણે આ ઉપદ્રવ થયો છે. જો તેને ઉખાડીને ફેંકી દેવામાં આવે, તો આ ઉપદ્રવ તરતજ દૂર થઈ જાય તેમ છે.

નૈમિત્તિકના વચન પર વિશ્વાસ મૂકીને, લોકો તે સ્તૂપને ખોદવા લાગ્યા. એજ વખતે તેણે સફેદ વસ્ત્ર ઉંચું કરીને કોણિકને ઇશારો કર્યો, જેથી તે પોતાની સેનાને લઇને પાછો હઠવા લાગ્યો. તેને પાછો હઠતો દેખીને લોકોને નૈમિત્તિકના વચનો પર પૂરો વિશ્વાસ બેઠો. તેમણે સ્તૂપને ઉખાડીને ફેંકી દીધું. હવે નગરી પ્રભાવ રહિત બની ગઈ. કુલવાલુકના સંકેત પ્રમાણે કોણિકે આવીને નગરીપર આક્રમણ [redacted] અને નગરીને નષ્ટભ્રષ્ટ કરી દીધી.

# અમારાં પ્રકાશનો

| | |
|---|---|
| વૈરાગ્ય શતક ભા ૧ લો | ૬—૦—૦ |
| વૈરાગ્ય શતક ભા-૨ જો | ૬—૦—૦ |
| ભાવના શતક | ૩—૦—૦ |
| સવીર્યધ્યાન | ૧—૮—૦ |
| ઉત્તરાયધ્યન સૂત્ર સંપૂર્ણ (મૂળ ગાથા અને ભાવાર્થ) | ૩-૦—૦ |
| જૈન ધર્મની સુંદર વાર્તાઓ ભા ૧ | ૧—૮—૦ |
| જૈન ધર્મની સુંદર વાર્તાઓ ભા—૨ | ૧—૮—૦ |
| જૈન સાહિત્યની કથાઓ ભા—૧ | ૧—૦—૦ |
| સનાથ અનાથ નિર્ણય | ૧—૦—૦ |
| વીરભાણ ઉદયભાણ ચરિત્ર | ૧—૧૨—૦ |
| જંબુસ્વામી ચરિત્ર | ૧—૮—૦ |
| કલ્પસૂત્રની કથાઓ | ૧—૮—૦ |
| જ્ઞાતાસૂત્રની કથાઓ | ૧—૮—૦ |
| નંદીસૂત્રની કથાઓ | ૧—૪—૦ |
| સુષઢ ચરિત્ર | ૦—૧૨—૦ |
| સતી દમયંતી ચરિત્ર | ૦—૧૨—૦ |
| જૈન સંતોના કસોટી પ્રસંગો | ૦—૧૨—૦ |
| સ્થાનકવાસી જૈન ઈતિહાસ | ૧—૦—૦ |
| સ્વર્ગ અને નરકની સાબિતી | ૨—૮—૦ |
| પ્રાચીન જૈન રાસ સંગ્રહ ભા—૧ | ૧—૮—૦ |
| આદર્શ જૈન સ્તુતિ. | ૦—૧૨—૦ |
| સામાયિક પ્રતિક્રમણ સાર્થ. | ૦—૬—૦ |

સ્થાનકવાસી જૈન કાર્યાલય
પંચભાઈની પોળ, અમદાવાદ.